न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।

આ સંસારમાં જ્ઞાન જેવું પવિત્ર કરનારું નિઃસંદેહ બીજું કશું જ નથી.

માધ્યમિક

# શિક્ષણ અને પરીક્ષણ

શૈક્ષણિક પ્રવાહોને વાચા આપતું સામયિક

Printed and Posted on 28th of Each Month

Year : 13 • Issue : 06-07 • November-December, 2023 વિક્રમ સંવત ૨૦૮૦ • માગસર વદ



ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

ગાંધીનગર

# માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ


## સલાહકાર મંડળ

1. **શ્રી બંછાનિધિ પાની** (આઈએએસ)
   અધ્યક્ષશ્રી
2. **શ્રી ડી. પી. વાઘેલા**
   કન્ટ્રોલર ઓફ એકાઉન્ટ્સ એન્ડ સ્ટોર્સ
3. **શ્રી જયપ્રકાશ પી. પટેલ**
   સભ્યશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર

## તંત્રી મંડળ

1. **શ્રી બી. એન. રાજગોર**
   સંયુક્ત નિયામક અને માર્ગદર્શક તંત્રી
2. **શ્રી એન. જી. વ્યાસ**
   સચિવ અને તંત્રી
3. **શ્રી બી. એમ. સોલંકી**
   સંયુક્ત સચિવ અને સહતંત્રી
4. **શ્રીમતી સ્નેહલબેન એન. પટેલ**
   મદદનીશ સચિવ અને મદદનીશ સહતંત્રી



## સૂચનાઓ

1. વાર્ષિક લવાજમ રૂ. 400/- દરેક શાળાએ રજિસ્ટ્રેશન ફી સાથે મોકલવાનું રહેશે. મેગેઝિનનું વર્ષ જૂન થી મે ગણાય છે.
2. લવાજમ મોકલવાનું સરનામું : સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, સેક્ટર 10-બી, ગાંધીનગર-382 010
3. વ્યક્તિગત ગ્રાહક માટે લવાજમની રકમ રૂ. 200/- (બેંક ડી.ડી.)
4. છૂટક નકલ : રૂ. 40/-
5. પ્રકાશનની તારીખ : દર મહિનાની 28મી
6. સામયિકમાં પ્રસિદ્ધ કરવામાં આવતા લેખોમાં દર્શાવેલા લેખકોના વિચારો અંગત છે. લેખકોના વિચારો સાથે બોર્ડ સંમત છે તેમ માની લેવું નહીં.

## લેખકોને સૂચનાઓ

૧. પત્રવ્યવહાર તેમજ શૈક્ષણિક લેખો શ્રીમતી સ્નેહલબેન એન. પટેલ, મદદનીશ સહતંત્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર ૧૦-બી, ગાંધીનગર-૩૮૦૦૧૦ને નામજોગ મોકલવા.
૨. લેખો મૌલિક, સ્પષ્ટ, સુવાચ્ય, પાનાની એક બાજુએ લખેલા હોવા જોઈએ.
૩. લેખ સાથે પ્રમાણપત્ર આપવાનું રહેશે કે આપનો લેખ મૌલિક છે તેમજ અન્યત્ર છપાયેલ નથી.
૪. કોમી લાગણી ઉશ્કેરે તેવા, ભેદભાવ કે ગેરસમજ ફેલાય તેવા, કોઈને ઉતારી પાડતા શબ્દો કે વાક્યરચના લેખમાં સમાવિષ્ટ ન થાય તે જોવા વિનંતી.
૫. સામયિકમાં પ્રસિદ્ધ થતાં લેખોની જવાબદારી જે તે લેખકની રહેશે.
૬. આ સામયિકમાં પ્રસિદ્ધ થતાં મૌલિક લેખ માટે લેખકને લેખદીઠ રૂ. ૨૦૦/- પુરસ્કાર આપવામાં આવશે.
૭. અસ્વીકૃત લેખ અંગે કોઈ પત્રવ્યવહાર કરવામાં આવતો નથી તેમજ લેખ પરત મોકલવામાં આવતો નથી.
૮. "માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ"ના અંક પ્રાપ્ત ન થવા અંગેની લેખિત ફરિયાદ (ગ્રાહક ક્રમાંક સાથે) જે તે પોસ્ટ ઓફિસમાં કર્યા બાદ પોસ્ટ ઓફિસના સહી-સિક્કાવાળી નકલ અત્રે મોકલવી.


## શિક્ષણકારોનું શિક્ષણદર્શન અને રાષ્ટ્રીય શિક્ષણનીતિ – 2020

- "કેળવણી એટલે બાળકનાં મન, શરીર અને આત્માના જે ઉત્તમ અંશો હોય તેનો સર્વાંગી વિકાસ સાધીને બહાર આણવાં." **– મહાત્મા ગાંધીજી**
- "શિક્ષણ એટલે પહેલા સત્યને શોધવામાં મદદરૂપ થવું, જે આપણને કાળનાં બંધનોમાંથી મુક્ત કરે અને આંતરપ્રકાશનો, પ્રેમનો ખજાનો આપે તથા સત્યને અસલ સ્વરૂપમાં છતું કરે." **– રવીન્દ્રનાથ ટાગોર**
- "ઔપચારિક શિક્ષણ કે અક્ષરજ્ઞાન એ માત્ર વૈધિક ભણતર છે. ભણતરનો જીવનમાં યોગ્ય વિકાસ થાય, એ ગણતરને અને ભણતરને જીવનવિકાસમાં પ્રયોજીએ ત્યારે તે ચણતર બને છે. ભણતર (શિક્ષણ) જીવન વિકાસ કે ગણતર અને ચારિત્ર્યના ચણતરની એકરૂપતાથી જે બને તેને કેળવણી કહેવાય." **– મોતીભાઈ મ. પટેલ**
- "કેળવણી એ સૂચનાઓ અને માહિતીનો ભંડાર નથી કે જે વિદ્યાર્થીના મગજમાં નાંખી તેને અશાંત બનાવી દેવામાં આવે. જીવનનું નિર્માણ કરે, માનવતા સર્જે, હકારાત્મક વિચારો સ્વીકારે એવું ચારિત્ર્ય હોવું જોઈએ. જો કેળવણીનો અર્થ ફક્ત માહિતી હોય તો પુસ્તકાલયો મોટા જ્ઞાની છે અને ઍન્સાયક્લોપીડિયા સૌથી મહાન ઋષિ કહી શકાય." **– સ્વામી વિવેકાનંદ**
- "આપણી ભાષા આપણું પ્રતિબિંબ છે. કોઈ પણ પ્રજાના સંસ્કારો અને સંસ્કૃતિની સાચી ઝલક માત્ર માતૃભાષામાં પ્રતિબિંબિત થાય છે. માતૃભાષાનો અનાદર માતાના અનાદર સમાન છે." **– ગાંધીજી**
- "નાનાં બાળકોને શિક્ષણ એમની પોતાની માતૃભાષામાં આપવાના બદલે પારકી ભાષામાં આપશો તો એ બાળકો નિર્વીર્ય બનશે, એમની ગ્રહણશક્તિ બુઠ્ઠી બનતી જશે." **– વિનોબા ભાવે**
- "દરેક મન સર્જનાત્મક અને જિજ્ઞાસુ હોય છે. તેને અભિવ્યક્ત કરવા માટે એકાગ્ર પ્રયાસોની જરૂર હોય છે. જ્યારે બાળક પ્રશ્નો પૂછે છે ત્યારે આપણે તેમને ઉત્તરો આપવા જ જોઈએ, જે શિક્ષક અને વાલીની પ્રાથમિક જવાબદારી છે. આમ કરવાથી બાળકોની સર્જનાત્મક શક્તિને પોષણ મળશે. માનવમનની કલ્પનાશીલતા અને સર્જનાત્મકતા કોઈ પણ કમ્પ્યૂટર કરતાં ચડિયાતા છે." **– ડૉ. એ. પી. જે. અબ્દુલકલામ**
- "બાળક એવી કાચી સામગ્રી નથી, જેના પર આપણે આપણી પ્રબળ ઇચ્છાશક્તિ વડે ગમે તેવા અપ્રમાણિક દૃષ્ટિકોણ લાદી શકીએ. શિક્ષણનો ખરો અર્થ વિચારો કે માહિતીનાં ઇંજેક્શનો આપઆપ કરી, બાળકોને દૂષિત કરી મૂકવાં એવો નથી. બાળક જે કાંઈ નૈસર્ગિક, સાહજિક, નિર્દોષ અને તંદુરસ્ત છે તેને સમજી પોતાની જાત તેમજ જાગતિક તત્ત્વો સાથે સુસંવાદી બનવા પ્રેરાય એ શિક્ષણ કહેવાય." **– ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્**


**સંપર્ક : સંશોધન શાખા**
**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,**
**ગાંધીનગર - 382 010**
**E-mail : shikshanparikshan.gseb@gmail.com**
**બોર્ડની વેબસાઈટનું સરનામું : www.gseb.org**

# અધ્યક્ષની કલમે...

**સુજ્ઞ સારસ્વત વાચકમિત્રો,**

સૌને નમસ્કાર !

**'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ'** શૈક્ષણિક મૅગેઝિનના માધ્યમથી આપ સૌને પ્રથમવાર મળતાં આનંદ સહ ગૌરવ અનુભવું છું. દિવાળી વૅકેશન પછી 30 નવેમ્બર, 2023થી આરંભાયેલ શાળાઓનું દ્વિતીય સત્ર ખૂબ અગત્યનું ગણાય છે. કેમ કે, માર્ચ-2024માં લેવાનાર ધો. 10 અને ધો. 12ની જાહેર પરીક્ષાને કેન્દ્રમાં રાખી દરેક શાળાએ તેની વિશેષ તૈયારીઓ કરવાની હોય છે. શિક્ષણમાં ગુણવત્તા સુધારણાનું આપણું મુખ્ય કર્તવ્ય છે. શિક્ષણમાં જ્યાં ગુણ અને નિષ્ઠા છે, પ્રયોગો સાથે પરિવર્તન છે, ગુણવત્તા સાથે અસરકારકતા છે, પરીક્ષણ, નિરીક્ષણ અને મૂલ્યાંકનકાર્યોમાં સમયપાલન સાથે નિયમિતતા, ચોકસાઈ, કાળજી, તટસ્થતા અને પ્રામાણિકતા છે ત્યાં દરેકને પરીક્ષાનાં ઉત્તમ અને સુંદર પરિણામો પ્રાપ્ત થતાં રહે છે.

માર્ચ, 2024માં લેવાનાર ધો. 10 અને ધો. 12ની બોર્ડની પરીક્ષા માટે અત્રેથી અપાયેલી સૂચનાઓ અને માર્ગદર્શન મુજબ આપ સૌએ નિયત સમયમર્યાદામાં, શાળા કક્ષાએથી આપના આઈ-ડી અને પાસવર્ડની ચકાસણી સાથે, વિદ્યાર્થીઓના ઑનલાઈન આવેદનપત્રો ભરવાની મહત્ત્વની કામગીરી કોઈ પણ ક્ષતિ વિના ચોકસાઈપૂર્વક પૂર્ણ કરી હશે. તા. 29 જાન્યુઆરીથી ધો. 9 અને ધો. 11ની દ્વિતીય પરીક્ષા તથા ધો. 10 અને ધો. 12ની શાળાકીય પ્રિલિમિનરી પરીક્ષા શરૂ થનાર છે. પરીક્ષા આપનાર તમામ વિદ્યાર્થીઓમાં કોઈ માનસિક તનાવ કે પરીક્ષાનો બોજ ના રહે, તેઓ સંપૂર્ણ આત્મવિશ્વાસ અને પૂરી નિર્ભયતાથી શાળાકીય અને બોર્ડની પરીક્ષાની પૂરી પૂર્વતૈયારી કરે, વિષયવાર અઘરા લાગતા પાઠ-પ્રકરણોમાં વધુ વાંચન, ગણન અને લેખનનો મહાવરો કરે. વિષયવાર વાંચન-લેખનનું ટાઈમટેબલ બનાવી ગહન અને સઘન પુનરાવર્તન કરે તે ખૂબ જરૂરી છે.

પ્રથમ સત્રમાં લેવાયેલી પરીક્ષામાં જે વિદ્યાર્થીઓ ખૂબ સારું પરિણામ મેળવેલ છે. તેમની મહેનતની કદર કરી તેમને જાહેરમાં માન-સન્માન સાથે બિરદાવજો. જેમને પરિણામ સુધારણાની જરૂર છે તેવા વિદ્યાર્થીઓ માટે શાળાસમયમાં વધારાના તાસની વ્યવસ્થા કરી યોગ્ય માર્ગદર્શન સાથે સૌને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરાં પાડજો. પરીક્ષા પૂર્વે જરૂરી વાલીમીટિંગ, સૅમિનાર, જ્ઞાનોત્સવ, નમૂનાનાં પ્રશ્નપત્રોનો મહાવરો, તેનું ઉત્તરવહીઓમાં લેખન અને મૂલ્યાંકન, ઉત્તરવહીઓનું નિદર્શન, વિષયનિષ્ણાત વક્તાઓનાં વક્તવ્યો જેવાં આયોજનો શાળાકક્ષાએ થાય તે ખૂબ જરૂરી છે.

ભારતનું ભાવિ શાળાઓના વર્ગખંડોમાં ઘડાઈ રહ્યું છે. દરેક બાળકને પ્રેમ અને હેત મેળવવાનો જન્મસિદ્ધ અધિકાર છે. દરેક બાળક કોઈ પણ ભેદભાવ વિના પોતાના સઘળા હકો ભોગવી શકે, દરેક બાળકને વ્યાયામ, રમતગમત સાથે વિનામૂલ્યે પાયાના પ્રાથમિક શિક્ષણ માટે વિશાળ તકો મળે, તેને પૂરતું પોષણ મળે, તેની શક્તિઓનો વિકાસ થાય તેવું વાતાવરણ તેને શાળા અને ઘરમાંથી મળે એ જોવાની જવાબદારી સૌની છે. ભાર વિનાના ભણતર, ચારિત્ર્યચણતર, જીવનઘડતર અને વ્યક્તિત્વઘડતરની પ્રક્રિયા બાળકોના સર્વાંગી વિકાસ માટે ખૂબ મહત્ત્વની છે. શિક્ષકઆલમે પોતાનું સંપૂર્ણ જીવન બાળકોના સંસ્કારઘડતર અને જીવનવિકાસ માટે સમર્પિત કરી દેવું જોઈએ.

'ખેલે તે ખીલે', 'રમશે ગુજરાત, જીતશે ગુજરાત' - તે હેતુથી દર વર્ષે યોજાતા 'રાજ્ય ખેલ મહાકુંભ'ની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેનાર ખેલદિલ ખેલાડીઓને ધન્યવાદ પાઠવું છું. બાળકોના તન-મનની તંદુરસ્તી અંગે માર્ગદર્શન મળે અને વાલીને તેની જાણ થાય એવા હેતુથી દર વર્ષે રાજ્યમાં 'બાળ સ્વચ્છતા મિશન' અને 'શાળા-આરોગ્ય સપ્તાહ' કાર્યક્રમ પણ યોજાય છે. રાજ્ય સરકારનાં આવાં સુંદર આયોજનો શિક્ષણ સુધારણાની દિશાનું એક પગલું બની રહે છે. તેથી શાળાકક્ષાએ આ કાર્યક્રમો સફળતાપૂર્વક સંપન્ન થાય તેવા પ્રયત્નો સૌ કરશો.

વિક્રમ સંવત 2080ના નવા વર્ષની સૌને શુભેચ્છા તથા ખ્રિસ્તી ભાઈ-બહેનોને નાતાલ પર્વની શુભકામના પાઠવી વિરમું છું.

**બંછાનિધિ પાની**
**અધ્યક્ષ**

**તા. 20-12-2023**

# અનુક્રમણિકા



| અ.નં. | વિષય | લેખક | પાના નં. |
|---|---|---|---|
| 1. | ચાલો, વર્કકલ્ચરને શુદ્ધ અને સમૃદ્ધ બનાવીએ | કમલેશ શુક્લ | 4 |
| 2. | ‘‘શિક્ષકે મેઘ નહીં માળી બનવાનું છે.’’ | શૈલેષ રાઠોડ | 7 |
| 3. | કેળવણીમાં જીવનમૂલ્યોની આવશ્યકતા | ડૉ. યોગિની એચ. વ્યાસ | 12 |
| 4. | ચાલો, રાષ્ટ્રીય શિક્ષણનીતિ-NEP-2020 વિશે જાણીએ... | પુલકિત જોશી | 14 |
| 5. | મૂલ્યઘડતરની કેળવણી | પ્રા. મહેન્દ્ર જે. પરમાર | 15 |
| 6. | જીવનમાં કદાપિ હાર કે નિષ્ફળતા ના માનો | વિજય દાણી | 16 |
| 7. | ગાંધી શિક્ષણદર્શન અને રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020 | રમેશકુમાર ડી. પ્રજાપતિ | 18 |
| 8. | ધો. 12 પછી કોમર્સ પ્રવાહના અભ્યાસના વિકલ્પો | આરતી પી. ઠક્કર | 20 |
| 9. | શિક્ષણમાં નૂતન અભિગમ | ડૉ. પરેશ વી. ગોહેલ | 23 |
| 10. | પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરવા બદલ અભિનંદન | સંકલન | 25 |
| 11. | કૅરિઅર કૉર્નર : પોઝિટિવ એટિટ્યૂડથી કારકિર્દી ઘડતર અને રોજગાર મેળવવામાં સરળતા રહે. | રમેશ તન્ના | 26 |
| 12. | વહીવટી વિભાગ : પરિપત્ર | સંકલન | 28 |

# તંત્રી સ્થાનેથી...

**સારસ્વત આચાર્યમિત્રો, શિક્ષક ભાઈ-બહેનો,**

સૌને સાદર વંદન. **'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ'**નો નવેમ્બર-ડિસેમ્બર, 2023નો સંયુક્ત અંક આપ સૌના વાંચન, અભ્યાસ, અવલોકન અને તેના ભાવ-પ્રતિભાવની અપેક્ષા સાથે પ્રસ્તુત કરતાં આનંદ અનુભવું છું. દિવાળી પર્વથી વિક્રમ સંવત 2079નું વર્ષ પૂરું થતાં વિક્રમ સંવત 2080ના નૂતન વર્ષમાં સૌ પ્રવેશ્યા છો ત્યારે આ નવા વર્ષથી શિક્ષણક્ષેત્રે વધુ ને વધુ કાર્યરત અને પ્રગતિશીલ રહેવા સંકલ્પબધ્ધ થઈએ. નવું વર્ષ આપના પરિવાર સાથે આપ સૌને સુખદાયી, ફળદાયી, તંદુરસ્તીભર્યું અને યશસ્વી નીવડે તેવી શુભેચ્છાઓ પાઠવું છું.

શિક્ષણ એ કેળવણીનો પર્યાય નથી, પરંતુ જીવનનો મહત્ત્વનો પાયો છે. ભણતરનો જીવનમાં યોગ્ય ઉપયોગ થાય ત્યારે તે ગણતર બને છે, ભણતર અને ગણતરને જીવનવિકાસમાં પ્રયોજીએ ત્યારે તે ચણતર બને છે. બાળકોના ભણતર, ગણતર અને ચણતરની એકરૂપતાથી જે બને તેને કેળવણી કહેવાય. કેળવણી એ જન્મથી મૃત્યુપર્યંત ચાલતી અવિરત પ્રક્રિયા છે. બાળકોને શિક્ષા-દીક્ષાના સંસ્કાર સાથે ઉત્તમ શિક્ષણ મળે, ગુજરાતનો વિદ્યાર્થી મૅડિકલ, ઇજનેરી, ફાર્મસી, ટૅક્નિકલ નૉલેજ, સોફ્ટ સ્કિલ, જ્ઞાન-વિજ્ઞાન ક્ષેત્રે વિવિધ કૌશલ્યોની તાલીમથી ઉત્તમ પુરવાર થાય તે માટે શાળાપરિવાર અને ઘરપરિવારની જાગૃતિ અને સજાગતા અનિવાર્ય છે.

શિક્ષણની ગુણવત્તા અને ઉત્કટતા વધે તે માટે શિક્ષણમાં નૂતન ટૅક્નોલૉજીનો ઉપયોગ અસરકારક રહ્યો છે ત્યારે દરેક શિક્ષક-અધ્યાપકે પોતાના વિષયના અધ્યાપન માટે ટેલિ કૉન્ફરન્સ, વીડિયો કૉન્ફરન્સ, ઑનલાઈન કોર્સિસ, ઇન્ટરનેટ, ઈ-મેઈલ, લૅન્ગવેજ લૅબોરેટરી, પ્રૉજેક્ટર, કમ્પ્યૂટર, લૅપટોપ જેવાં સાધનોનો શિક્ષણમાં વધુ ઉપયોગ કરી માઈક્રો-ટીચિંગ, પ્રોગ્રામ લર્નિંગ જેવી પ્રયુક્તિઓ, અસરકારક નવી શિક્ષણપદ્ધતિઓ અને જરૂરી દશ્ય-શ્રાવ્ય સાધનો સાથે રહીને, દરરોજ અપ-ડેટ થઈને, રિસર્ચ વર્ક સાથે પોતાના વિષયમાં સંપૂર્ણ નિપુણતા કે કાબેલિયત પ્રાપ્ત કરવી પડશે. વિદ્યાર્થી સરળ ભાષામાં સમજે તે રીતે ભણાવવું પડશે. રાષ્ટ્રીય શિક્ષણનીતિના અમલ સાથેની અસરકારકતા માટે શાળાસંચાલકો, આચાર્યો, શિક્ષકઆલમ, વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ - સૌનો ઉત્સાહ, ધગશ, જાગૃતિ, નિષ્ઠા, શ્રદ્ધા અને પ્રામાણિકતા અનિવાર્ય છે. નવું નવું વાંચતા, વિચારતા અને પ્રયોગો કરતાં શ્રેષ્ઠ શિક્ષક-આચાર્યો થકી જ આપણું શિક્ષણજગત દીપી ઊઠે છે.

'શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર–2023-24'માં દર્શાવ્યા મુજબ આગામી જાન્યુઆરી માસની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનું આયોજન કરશો. નવેમ્બર-ડિસેમ્બર માસના દિનવિશેષ અને વ્યક્તિવિશેષની માહિતી આ મૅગેઝિનમાં નિયમિત પીરસાય છે તેનો લાભ લેવા વિનંતી.

તા. 29-1-2024થી તા. 7-2-2024 દરમિયાન લેવાનાર ધો. 9 થી 12ની દ્વિતીય/પ્રિલિમિનરી પરીક્ષા, તા. 9-2-2024ના રોજ લેવાનાર ધો.9ની પ્રખરતા શોધ કસોટી, તા. 12-2-2024થી 15-2-2024 દરમિયાન ધો. 10 અને ધો. 12ની બોર્ડના વિષયોની શાળાકક્ષાએ લેવાનાર સૈધ્ધાંતિક -પ્રાયોગિક પરીક્ષા, તા. 11 માર્ચ, 2024થી લેવાનાર ધો.10 અને ધો.12ની બોર્ડની પરીક્ષા, તે પછી શાળાઓમાં થતી વાર્ષિક પરીક્ષા - આ તમામ પરીક્ષાઓના આયોજન, વ્યવસ્થા અને સફળ સંચાલન માટે સૌ કાર્યરત રહેશો. બોર્ડની પરીક્ષાના વિદ્યાર્થીઓના ઑનલાઈન આવેદનપત્રો સમયસર, ચોકસાઈપૂર્વક અને કાળજીથી ભરાઈ ગયા હશે. પરીક્ષાઓ સમયે શાળાની પ્રવૃત્તિઓનો અતિરેક ના થઈ જાય તે રીતે બાળકોને સહભાગી બનાવશો. ધો. 9ની પ્રખરતા શોધ કસોટી (T.S.T.) માં વધુ સંખ્યામાં વિદ્યાર્થીઓ બેસે તેવી પ્રેરણા સાથે વિષયદીઠ માર્ગદર્શન પૂરું પાડવા સૌને વિનંતી.

આ મૅગેઝિનમાં છપાતા શૈક્ષણિક લેખો તથા ધો.10 અને ધો.12ના વિદ્યાર્થીઓ માટે નમૂનાનાં પ્રશ્નપત્રો, શાળાઓ માટે વહીવટી વિભાગ - સૌને પ્રેરણાદાયી, ઉપયોગી અને માર્ગદર્શક બની રહે છે. આ સામયિકને વધુ સમૃધ્ધ અને ગુણવત્તાયુક્ત બનાવવા વાચકો-ગ્રાહકો, લેખકો, આચાર્યો, શિક્ષકો, તથા વાલીઓનો સાથ-સહયોગ ખૂબ જરૂરી બને છે. આ મૅગેઝિન માટે આપના રચનાત્મક સૂચનો અને મંતવ્યો મોકલશો તો તેને આ સામયિકમાં સમયાંતરે સ્થાન આપીશું.

**એન. જી. વ્યાસ**
**સચિવ/તંત્રી**

**તા. 20-12-2023**

માધ્યમિક **શિક્ષણ** અને **પરીક્ષણ**

# ચાલો, 'વર્કકલ્ચર'ને શુદ્ધ અને સમૃદ્ધ બનાવીએ...

● કમલેશ શુક્લ ●

**એક સુંદર વિધાન છે –**

I slept and felt that Life is beauty,

I awoke and Found that Life is duty.

આપણે 'ધર્મ, ફરજ, કર્તવ્ય, કામ, કર્મ' – આ બધા શબ્દો વ્યવહારમાં અનેકવાર બોલીએ છીએ. જો આપણે કામ કરીએ તો જ સુખી રહી શકીએ છીએ. જે વ્યક્તિ કામ ના કરે તેને કામના (વાસના)નો કાટ ચડી જાય છે ! જે વ્યક્તિ પોતાના કામમાં વ્યસ્ત અને મસ્ત રહે છે એ જ તંદુરસ્ત રહી શકે છે ! કામ એ જ પૂજા છે. ફરજ એ જ દેવત્વ છે. Work is worship. Duty is deity. કર્મ એ જ જીવનનો મર્મ છે. વડા પ્રધાનશ્રી હોય કે રાષ્ટ્રપતિ, સવાર પડે એટલે પોતાની ઑફિસમાં જવું જ પડે છે !

કવિ નાથાલાલ દવે કહે છે –

કામ કરે ઈ જીતે રે માલમ !
કામ કરે ઈ જીતે.
આવડો મોટો મલક આપણો
બદલે બીજી કઈ રીતે ?

'ગીતા'માં પણ કર્મયોગને સૌથી વધુ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આપણે બધા જ કર્મ કરીએ છીએ. આપણી ફરજ બજાવીએ છીએ. પરંતુ ઘણીવાર આપણે એમાં સફળ થતા નથી. આપણે મહેનત કરતા નથી એવું પણ નથી. સખત મહેનત કરવા છતાં નિષ્ફળતાનો કડવો ઘૂંટડો પીવો પડે છે ! જો આપણે હાર્ડવર્કની સાથે હાર્ટવર્ક, સ્માર્ટવર્ક અને ટીમવર્ક કરીએ તો જ આપણું કાર્ય દીપી ઊઠે છે ! આપણી વૃત્તિ અને પ્રવૃત્તિ સુંદર હશે તો નિવૃત્તિ પણ સુંદર હશે.

**હાર્ડવર્ક**

કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ જ નથી. મહેનત કરવાથી જ આપણી ઈજ્જત વધે છે. મહેનતનાં ફળ મીઠાં હોય છે. પરિશ્રમ એ જ પારસમણિ છે. શ્રમ કરવામાં વળી શરમ શાની ?

માનનીય વડાપ્રધાન શ્રી મોદી સાહેબે ખૂબ જ સુંદર મંત્ર આપ્યો છે -

**'શ્રમેવ જયતે !'**

પરસેવાનું બિંદુ એ શ્રેષ્ઠ બિંદુ છે. પરસેવાથી જ પર સેવા થાય છે. મહેનતથી જ માનવી મહાનતા મેળવે છે, જે જે મોટાં સંશોધનો થયાં તેમાં વૈજ્ઞાનિકોનો પરમ પુરુષાર્થ રહેલો છે. માનવસંસ્કૃતિના વિકાસના પાયામાં પુરુષાર્થ રહેલો છે. બાવડાના બળ વિના, કાંડાના કૌવત વિના ઈચ્છાઓ માત્ર ઈચ્છાઓ જ રહે છે. પુરુષાર્થ વિના કદી સાચી સફળતા સાંપડતી નથી. કામમાં નિષ્ઠા રાખવાથી જ આપણી પ્રતિષ્ઠા વધે છે.

જ્યારે શિક્ષક પરસેવે ન્હાય,
ત્યારે સુસંસ્કૃત સમાજ રચાય !

શિક્ષકનો શ્રમ એ ઉત્પાદક શ્રમ છે. શિક્ષકના શ્રમથી સમાજની સુખાકારીમાં વધારો થાય છે ! બધા જ વ્યવસાયોનો જન્મદાતા શિક્ષક છે. કેળવણીની એક સુંદર વ્યાખ્યા છે –

Hand, Head અને Heart(3H) ને કેળવે એ જ સાચી કેળવણી. બીજા બધા જ વ્યવસાયકારો યંત્રો કે ફાઈલો સાથે કામ કરે છે, જ્યારે શિક્ષક બાળકો સાથે કામ કરે છે. એટલે શિક્ષકકર્મ એ દિવ્ય કર્મ છે. તંદુરસ્ત રાષ્ટ્રના નિર્માણમાં શિક્ષક 'દીવાદાંડી' સમાન છે. શિક્ષક ધ્રુવતારક બનીને બાળકોનો સર્વાંગી વિકાસ કરે છે. એક શ્રેષ્ઠ શિક્ષક વર્ગખંડની ચાર દીવાલો અને પુસ્તકના બે પૂંઠા વચ્ચેથી બહાર નીકળી બાળકોને ઉમદા વિચારસંપદા પૂરી પાડે છે ! શ્રેષ્ઠ વિચાર જ શ્રેષ્ઠ આચાર ઘડે છે. શિક્ષક ઉદાહરણ તો આપે જ છે, સાથે સાથે ઉદાહરણરૂપ બને છે. શિક્ષકની મહેનત ક્યારેય એળે જતી નથી. મહેનતુ શિક્ષક જ બાળકોના હૃદયમાં વસે છે !

**હાર્ટવર્ક**

જે કાર્ય દિલથી કરવામાં આવે એ જ દીપી ઊઠે છે !

Do what you Love
Love what you do.

कराग्रे वसते लक्ष्मीः करमूले सरस्वती ।
करमध्ये तु गोविंदः प्रभाते करदर्शनम् ॥

આપણે ગમતું જ કાર્ય હાથ પર લઈએ અને જે કાર્ય હાથમાં લઈએ એ કાર્ય ગમતું કરીએ.

એક વખત એક સુંદર મંદિરનું નિર્માણકાર્ય થતું હતું. થોડાંક શિલ્પીઓ ત્યાં કામ કરી રહ્યા હતા. એક સાધુ ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. શિલ્પીઓને વારાફરતી પોતાની પાસે બોલાવી એક પ્રશ્ન પૂછ્યો – "તમે શું કરી રહ્યા છો ?"

પહેલો શિલ્પી બોલ્યો – "પથ્થરો તોડી રહ્યો છું."

બીજો શિલ્પી બોલ્યો – "પેટીયું રળી રહ્યો છું."

ત્રીજો શિલ્પી બોલ્યો – "એક સુંદર મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે, હું પરમેશ્વરની પ્રતિમાને કંડારી રહ્યો છું."

ત્રણેય શિલ્પીઓ એક જ કામ કરી રહ્યા હતા. પરંતુ કામ પ્રત્યેનો દૃષ્ટિકોણ ત્રણેયનો અલગ-અલગ હતો. અહીં ત્રીજા શિલ્પીનું કાર્ય એ હાર્ટવર્ક છે. મા પોતાના બાળકને ખવડાવે છે ત્યારે દિલ રેડીને ખવડાવે છે. મોરનું નૃત્ય અને કોયલનો ટહુકો દિલથી કરેલાં કાર્યોનાં શ્રેષ્ઠ ઉદાહરણો છે. મન મારીને કામ કરવું અને મન મૂકીને કાર્ય કરવું એ વચ્ચે અંતર છે.

શિક્ષક વર્ગખંડમાં જ્યારે મન મૂકીને વરસે છે ત્યારે વર્ગખંડ સોળે કળાએ ખીલી ઊઠે છે ! જેમ શેકીને વાવેલા દાણા ઊગતા નથી તેમ મન મારીને કરેલું કાર્ય સફળ થતું નથી. જો શિક્ષક દરેક તાસને માણે તો ક્યારેય પોતાને કે બાળકોને થાક ન લાગે. તાસ ત્રાસ ન બને તે જોવું ખૂબ જ જરૂરી છે. શિક્ષકનું સ્મિત, મધુર વાણી અને ઉત્સાહ વર્ગખંડમાં બાળકોનું ટૉનિક છે, જે કેળવણીના હેતુને સાર્થક કરે છે. સિરિયસ નહીં, પરંતુ સિન્સિઅર બની કામ કરીએ.

**સ્માર્ટવર્ક**

હાર્ડવર્ક અને હાર્ટવર્કની સાથે સ્માર્ટવર્ક પણ જરૂરી છે. કાર્યનું આયોજન અને આયોજનપૂર્વકનું કાર્ય જરૂરી છે. બે કઠિયારા રોજ લાકડાં કાપવા જંગલમાં જાય. બંને ખૂબ જ મહેનત કરે. સમયસર જંગલમાં જાય. ઘરે પાછા સમયસર આવે. પરંતુ બંને કઠિયારાની કામ કરવાની રીત અલગ-અલગ. એથી એક કઠિયારાનો ભારો મોટો હોય જ્યારે બીજાનો ભારો નાનો. એક કઠિયારો એક કલાક કામ કરે, વચ્ચે થોડોક આરામ કરે, પાણી પીવે, ફ્રેશ થાય એમ કરતાં કરતાં વચ્ચે વચ્ચે કુહાડીને અણી કાઢે. જ્યારે બીજો કઠિયારો આરામ કર્યા વગર બુઠ્ઠી કુહાડી વડે લાકડાં કાપે. પાણી ય ના પીવે, ભોજન પણ ના કરે, આરામ પણ ના કરે અને કુહાડીને ધારદાર પણ ના બનાવે. જે કઠિયારાનો ભારો મોટો હોય છે તેનું કારણ સ્માર્ટવર્ક છે.

આપણા કાર્યમાં જથ્થો (Quantity) નહીં, ગુણવત્તા (Quality) મહત્ત્વની છે. કેટલું કામ કરીએ તેના કરતાં કેવું કામ કરીએ એ મહત્ત્વનું છે. તપેલી ભરેલી ખીચડી કરતાં એક વાડકી સત્યનારાયણની કથાનો પ્રસાદ ખાવાથી વધુ સંતોષ થાય છે !

આપણા શિક્ષણકાર્યમાં પણ સ્માર્ટનેસ જરૂરી છે. કામની અધિકતા નહીં, પરંતુ કામની અનિયમિતતા જ આપણને થકવી નાખે છે. આપણા સમય, શક્તિને આપણે બિનજરૂરી બાબતોમાં તો વેડફી નથી નાખતા એ જોવું જરૂરી છે. ઘણાં બધાં કામો હોય એમાં કામની અગત્યતાને પ્રાધાન્ય આપીએ. આપણા મૂર્ધન્ય કવિ શ્રી ઉમાશંકર જોશીને એમના જ એક કવિ મિત્રએ પ્રશ્ન કરેલો – "તમે જીવનમાં શું કર્યું ?" કવિએ સુંદર જવાબ આપ્યો – "મનગમતાં અને જરૂરી કામો કરવામાં જાત ઘસી નાખી."

આપણું શિક્ષકત્વ ત્યારે જ ઉજાગર થાય જ્યારે મનગમતા અને જરૂરી કામો કરવામાં જાત ઘસાઈ જાય.

**ટીમવર્ક**

કોઈ પણ કાર્ય ટીમવર્કથી જ સફળ થાય છે. ક્રિકેટની રમતમાં રમત શરૂ થતાં પહેલાં રમતના મેદાનમાં ખેલાડીઓ ખભા પર હાથ મૂકી જે સર્કલ બનાવે છે તે ટીમવર્કનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

T – Together
E – Everyone
A – Achieves
M – More

કીડી અને મધમાખી ટીમવર્કથી કામ કરે છે. કહેવાય છે કે, ઝડપથી જવું હોય તો એકલા ચાલો અને દૂર સુધી જવું હોય તો સમૂહમાં જાઓ. સમૂહમાં ટીમવર્કથી કાર્ય કરવાથી બીજા અનેક ગુણો ખીલે છે. સંઘમાં જ શક્તિ રહેલી છે.

United we stand
Devided we fall.

मूकम् करोति वाचालम् पंगुम् लंघयते गिरिम् ।
यत्कृपा तमहं वंदे, परमानंद माधवम् ।

આપણે આપણી શાળામાં શિક્ષણકાર્ય હોય કે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ હોય, યુવક મહોત્સવ હોય, કે વાર્ષિકદિનની ઉજવણી, વિશિષ્ટ દિવસોની ઉજવણી કે રાષ્ટ્રીય પર્વોની ઉજવણી હોય જો ટીમવર્કથી કામ કરીએ, મતભેદો, ટીકા-ટીપ્પણથી દૂર રહી એકબીજાની સાથે ખભેથી ખભા મિલાવી હકારાત્મક અભિગમ કેળવી, એકબીજાનું માન જાળવી જો કાર્ય કરીએ તો આપણી 'નિશાળ વિશાળ' જરૂર બને છે. એકબીજાને મદદરૂપ થવાની, ખમી લેવાની, જતું કરવાની, ઘસાવાની, એકબીજાની પાસેથી શીખવાની અને કામની કદર કરવાની, અન્યની પ્રશંસા કેળવવાની જો ભાવના રાખીશું તો આપણું શિક્ષકકર્મ સાર્થક થશે. કર્મમાં કુશળતા એ જ યોગ છે.

ચાલો, આપણે આપણા વર્કકલ્ચરને શુદ્ધ અને સમૃદ્ધ બનાવી આપણી શ્રેષ્ઠતાને ઉજાગર કરીએ.

સંપર્ક : એ. પી. ઠાકર હાઈસ્કૂલ, ગાંઠીઓલ,
તા. ઈડર, જિ. સાબરકાંઠા

## 14મી નવેમ્બર, બાળદિનનું મહત્ત્વ

કોઈ પણ દેશની સાચી કે મહામૂલી સંપત્તિ તેનાં બાળકો છે. પંડિત જવાહરલાલ નહેરુને બાળકો ખૂબ જ વહાલા હતાં. આપણા પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામ પણ રાષ્ટ્રીય કાર્યક્રમોમાં દેશના પ્રતિભાશાળી બાળકોને ભારે માનસન્માન આપતા હતા. પંડિત જવાહરલાલ નહેરુ દિલ્હીમાં તેમના નિવાસસ્થાને મોટો 'બાળમેળો' યોજતા હતા. આ દિવસની યાદમાં 1957થી દર વર્ષે ખાસ સ્મારક ટિકિટ પ્રસિદ્ધ થાય છે. ઘણીવાર તેમાં બાળકોએ દોરેલાં ચિત્રો છાપવામાં આવે છે. શાળાઓ તથા બાળકોની સંસ્થાઓ ખાસ સમારંભો યોજે છે, જેમાં બાળકો કાર્યક્રમો રજૂ કરે છે. બાળ વિશેષાંકો, બાળકો માટેની અખબારી પૂર્તિઓ, બાળકો માટેનાં સામયિકો, બાળસાહિત્યનાં મૂલ્યવાન પુસ્તકો, બાલોત્સવ કાર્યક્રમ, 'મીડિયા' દ્વારા બાળકોની અભિનય ક્ષમતાને રજૂ કરતાં વિવિધ કાર્યક્રમો, 'સારેગમ કે ઇન્ડિયન આઇડલ' જેવો ગીતોનો સુમધુર કાર્યક્રમ, 'રોટરી', લાયન્સ કલબ, વગેરે જેવી કલબો કે નગરપાલિકાઓ દ્વારા બાળકો માટે યોજાતી વિવિધ હરીફાઈઓ બાળકોના ગુણગાન ગાય છે. બાળકોમાં રહેલું જે તે પ્રવૃત્તિઓનું પરફોર્મન્સ બહાર આવે છે અને બાળપ્રતિભા પરખાય છે અને તેમને ઈનામોથી નવાજવામાં આવે છે.

બાળકો દેશનું સાચું ધન છે. દેશનું ભાવિ તેમના પર આધાર રાખે છે. બાળકો પ્રત્યે પ્રેમ રાખવો, નાની વયથી તે બાળમજૂર ના બને, પરંતુ ભણવા માટે શાળાએ જતાં થાય એવી કાળજી ને તકેદારી રાખવી એ દરેક સમાજ કે નાગરિકનું કર્તવ્ય છે. આજનાં બાળકોએ આવતી કાલના રાષ્ટ્રના તંત્ર કે સુકાનને સંભાળવાનું થશે તે ખાસ પ્રકારની શકિત અને આવડત માગે છે. દેશનો આગેવાન શિક્ષિત ને કુશળ ન હોય તો દેશ પ્રગતિ કરી શકે નહિ. આવા કુશળ અને ઉત્તમ નાગરિકોનું ઘડતર તેમનાં બાળપણથી જ કરવું પડે. બાળકોમાં તનમનની તંદુરસ્તી પણ એટલી જ જરૂરી છે. **'નીરોગી બાળ, ઉજ્જવળ આવતી કાલ...'**

'પ્રભુના પયગમ્બર' સમાં બાળકોને આપણે ભૂલી ના જઈએ તે માટે દર વર્ષે 14મી નવેમ્બર 'બાળદિન' ભારે ઉત્સાહ-ઉમંગથી ઉજવીએ અને બાળકોને ગિજુભાઈની જેમ વાર્તાઓ કહી સંભળાવી, ગીતો ગાઈ કે ગવડાવીને તેમનામાં સર્જનાત્મક સંસ્કારોનું વાવેતર કરીએ.

**બચ્ચે મન કે સચ્ચે, સારે જગ કી આંખ કે તારે,**
**યે વો ફૂલ હૈ જો ભગવાન કો લગતે પ્યારે.**

### બાળ ઉપનિષદ

- "બાળકને જીવન અને જગતની સુંદરતા સમજવા અને માણવાની કેળવણી પણ મળવી જોઈએ." **— આઈન્સ્ટાઈન**
- "બાળકોનાં નિર્દોષ તોફાનો તેમના વિકાસક્રમનાં પગથિયાં જ છે." **— મૂળશંકર ભટ્ટ**
- "તમારાં બાળકો તમારાં નથી. તેઓ જીવન માટેની તેમની હોંશ લઈને જન્મેલા સંતાનો છે. તેઓ તમારી સાથે છે, પણ તમારાં નથી. તમે તેમને વહાલ આપી શકો પણ તમારા વિચાર નહિ. તમે તેમના જેવા બનવાની કોશિશ કરી શકો, પણ તમારા જેવાં બનાવવાની અપેક્ષા રાખશો નહિ." **— ખલિલ જિબ્રાન**

**(સંકલન)**

आदिदेव ! नमस्तुभ्यम् प्रसीद मम् भास्कर ।
दिवाकर ! नमस्तुभ्यम् प्रभाकर नमोस्तु ते ।

# "શિક્ષકે મેઘ નહીં માળી બનવાનું છે."

• શૈલેષ રાઠોડ •

બાળકને ઉપદેશ નહિ ઉદાહરણ જોઈએ છે. "સારો શિક્ષક સમજણ આપે છે. ઉત્તમ શિક્ષક નિર્દેશન આપે છે અને મહાન શિક્ષક પ્રેરણા આપે છે." નવીનીકરણ દ્વારા શિક્ષણને રસપ્રદ બનાવનાર શિક્ષકની વર્તમાનમાં માંગ છે.

વિનોબાજી કહે છે તેમ, "શિક્ષકે મેઘ નહિ માળી બનવાનું છે." વાદળું તો વરસીને ચાલ્યું જશે પરંતુ વરસી ગયા પછી છોડની માવજત કરવી તે મહત્ત્વની બાબત છે. માળીનું કામ છે, છોડને કેટલું પાણી જોઈએ? વધારાનું પાણી વહી જાય તે પણ આદર્શ શિક્ષકને ન ગમે. ઉત્તમ શિક્ષક માળીની જેમ જતન કરનાર, કાળજી રાખનાર હોવો જોઈએ.

શિક્ષક પોતાની ભૂમિકા અને જવાબદારીઓ પ્રત્યે સભાન હોવો જોઈએ. પ્રવર્તમાન સમયમાં શિક્ષકની ભૂમિકા બદલાઈ રહી છે. શિક્ષકે માત્ર ભાષણ સ્વરૂપે માહિતી જ આપવાની નથી, પરંતુ વિદ્યાર્થીઓને સમૃદ્ધ અને અસાધારણ શૈક્ષણિક અનુભવો પૂરા પાડવાના છે.

બાળક પ્રેમથી ભણાવનાર શિક્ષકને વધુ યાદ રાખે છે. વર્ગના પ્રત્યેક બાળકના હૃદયમાં શિક્ષકની છબી ઝીલાતી હોય છે. જાણીતા ગાંધીભક્ત વિનોબા ભાવે શિક્ષકના ત્રણ ગુણોને પ્રાધાન્ય આપે છે. **"શિક્ષક શીલવાન, પ્રજ્ઞાવાન અને કરુણાવાન** હોવો જોઈએ. શીલવાન સાધુ હોય છે. પ્રજ્ઞાવાન જ્ઞાની હોય છે અને કરુણાવાન માતા હોય છે. શિક્ષકમાં આ ત્રણે ગુણો અનિવાર્ય છે." કેપેલ્લા યુનિવર્સિટી (યુ.એસ.એ.)ના શિક્ષણ વિભાગના અધ્યાપિકા ડૉ. મારિયા ઓરલૅન્ડો આદર્શ શિક્ષકના મુખ્ય નવ લક્ષણો આપે છે. એ આદર્શ શિક્ષક છે કે જે,

1. વિદ્યાર્થીનું સન્માન કરે છે.
2. વિદ્યાર્થીમાં સામાજિક સભાનતા કેળવે છે.
3. માયાળુ અને પ્રેમાળ હોય છે.
4. દરેક વિદ્યાર્થી માટે સરખું માન ધરાવે છે.
5. ભણાવવા પ્રત્યે પ્રેમ ધરાવે છે.
6. વિષયમાં તજ્જ્ઞ હોય છે.
7. વિષયને રસમય શૈલીમાં રજૂ કરવાની ક્ષમતા ધરાવતો હોય છે.
8. વિદ્યાર્થીઓ સાથે જીવંત સંપર્ક રાખવાની તેનામાં ક્ષમતા છે.
9. વિષયમાં વ્યાવસાયિકતાને પ્રાધાન્ય આપે છે.

બધા વ્યવસાય કરતાં શિક્ષકના વ્યવસાયને પવિત્ર ગણવામાં આવે છે તેનું કારણ એ કે તે દેશના ભાવિ નાગરિકો તૈયાર કરે છે. તેના જ હાથમાં જ દેશનું ભવિષ્ય હોય છે. બાળકોના જીવનમાં મા-બાપ પછીના સ્થાને વ્યક્તિ આવે તે શિક્ષક છે. તેથી તે ગુણવાન-શીલવાન અને શ્રેષ્ઠ આચરણવાળો હોવો જોઈએ.

પૂજ્ય રવિશંકર મહારાજ કહે છે, "સાચા શિક્ષક માટે ત્રણ ગુણ આવશ્યક છે. જ્ઞાન, કર્મ અને ભક્તિ - આ ત્રણે માર્ગોનો સંગમ એના પંથમાં હોવો જોઈએ."

ઉત્તમ અને આદર્શ શિક્ષક કેવો હોવો જોઈએ અને વર્તમાન સમયમાં સમાજ અને બાળકો કેવા શિક્ષક ઈચ્છે છે તે જોઈએ.

**1. શિક્ષક ઈનોવેટિવ હોવો જોઈએ :**

પંડિત સુખલાલજી કહે છે,

"સાચો શિક્ષક કોઈ એક જ ચીલાના કે એક જ પ્રકારના અનુકરણનો અવિચારી દાસ રહી શકતો નથી. તેની સ્વાભાવિક પ્રજ્ઞા અને સહજ સૂઝ એ વધારે લોકહિતાવહ કેળવણીની દિશા શોધવા, એના અખતરા કરવા અને એમાં આવી પડતાં બધાં જ જોખમો સામે ટટ્ટાર ઊભા રહેવાની પ્રેરણા આપ્યા કરે છે."

શિક્ષકે ચીલાચાલુ શિક્ષક ન રહેતા ઈનોવેટિવ બનવું જરૂરી છે. શિક્ષકમાં ઊંડી સૂઝ અને પોતાના વિષયનું યોગ્ય જ્ઞાન હોવું જોઈએ. શિક્ષક પોતાના વિષય અને સમાજના ખ્યાલોને ઈનોવેટિવ રીતે ભણાવી શકે તેવો હોવો જોઈએ. દરેક વિષય કે પ્રકરણને બીબાંઢાળ રીતે નહિ પરંતુ રમત-રમતમાં, અવનવા પ્રયોગો દ્વારા,

दीपज्योतिः परब्रह्मः दीपज्योतिर्जनार्दनः ।
दीपो हरतु मे पापम् दीपज्योति नमोऽस्तुते ॥

નિર્દેશો દ્વારા જ્ઞાનાત્મક રીતે સમજ આપે તેવો હોવો જોઈએ. આદર્શ શિક્ષક વિદ્યાર્થીના અભ્યાસમાં જ નહિ પણ એના આખાયે જીવનમાં રસ લે અને એના હૃદયમાં ઊતરવા પ્રયત્ન કરે તે જરૂરી છે. એવા શિક્ષક સાથે વિદ્યાર્થીની નિકટતા વધે છે. બાળકો સાથે ભળી જઈ તેમની મુશ્કેલીઓનું સમાધાન કરતાં શિક્ષકો બાળકોને વિશેષ પસંદ હોય છે. બાળકોની આંતરિક શક્તિની ખીલવણી કરે તેવા શિક્ષકો આજની માંગ છે. શિક્ષકે નવીન શિક્ષણ પદ્ધતિ અને સંશોધનોનો ઉપયોગ કરવો જોઈએ. શિક્ષકે વિદ્યાર્થીઓને વિષયવસ્તુ અસરકારક રીતે અને રસપ્રદ રીતે સમજાવવા માટે જુદી જુદી અધ્યાપન પદ્ધતિઓ, પ્રયુક્તિનો ઉપયોગ કરવો જોઈએ.

આજના જ્ઞાનાત્મક યુગમાં શિક્ષકે સતત અપડેટ રહેવું જોઈએ. અવનવી વાતો-સમાચાર-ઘટનાઓ, નવીન શોધો, નવું પુસ્તક, શિક્ષણની પ્રયુક્તિ, શિક્ષણની નવી ઍપ-ટૅક્નોલૉજી, શિક્ષણની વેબસાઈટ્સ વગેરેથી જાણકાર, સતત અપડેટ રહેતો હોય એવા શિક્ષકને વિદ્યાર્થીઓ સૌથી વધુ પસંદ કરે છે. ટૅક્નોલૉજીનો સતત ઉપયોગ કરે, રજાના દિવસો કે ગેરહાજરી દરમ્યાન ઑનલાઈન શિક્ષણ આપી શકે તેવો શિક્ષક ઍડવાન્સ શિક્ષક છે.

**2. પ્રેરક, ભાવિ અંગેનું દર્શન અને પ્રશ્નઉકેલ ક્ષમતા :**

પશ્ચિમના એક ચિંતક વિલિયમ વોર્ડએ આદર્શ શિક્ષક માટે એક સુંદર અવતરણ આપેલ છે. "Good Teacher Explain, Superior Teacher demonstrate and Great Teacher Inspired." અર્થાત્ **"સારો શિક્ષક સમજણ આપે છે. ઉત્તમ શિક્ષક નિર્દેશન આપે છે અને મહાન શિક્ષક પ્રેરણા આપે છે."**

શિક્ષકમાં સફળ ભવિષ્ય જોવાની અને ઘડવાની દૃષ્ટિ હોવી જોઈએ. વર્ગખંડમાં કે વર્ગખંડની બહાર વિદ્યાર્થીઓમાં કોઈ સમસ્યા સર્જાય તો તેનો ઉકેલ મેળવવાની ક્ષમતા તેનામાં હોવી જોઈએ. શિક્ષક વિદ્યાર્થીઓને ભવિષ્યની ચૅલેન્જ સામેનું ઘડતર કરે તે જરૂરી છે. શિક્ષકનાં કાર્યો અને જીવન પ્રેરણારૂપ હોવું જરૂરી છે. શાળામાં કે વિદ્યાર્થી-વાલીના જીવનમાં ઉપસ્થિત પ્રશ્નનો કુનેહપૂર્વક ઉકેલ શોધનાર શિક્ષક આદર્શ શિક્ષક છે. શિક્ષક સમાજમાં પ્રાણ પૂરી શકે છે.

આદર્શ શિક્ષક એવો એક વ્યક્તિ છે જે એક બગીચાને જુદા જુદા રંગરૂપના ફૂલોથી સજાવે છે. જે વિદ્યાર્થીઓને કાંટાળા માર્ગે પણ હસીને ચાલવા માટે પ્રોત્સાહિત કરે છે અને ભાવિ આયોજનોની સમજ આપે છે. આદર્શ શિક્ષક પ્રેરણાના ફૂવારાથી બાળક રૂપી મનને સીંચીને તેના પાયાને મજબૂત કરે છે અને તેના સર્વાંગીણ વિકાસ માટે તેનું માર્ગદર્શન કરે છે. તેનામાં શિસ્ત પરત્વે મક્કમતા તો સાથે સાથે રમૂજવૃત્તિ પણ હોવી જોઈએ. બાળકોને નૃત્ય, નાટક, માર્મિક શબ્દો પ્રયોજી વિષય સમજાવે તેવો શિક્ષક બાળકોને પ્રિય હોય છે.

**3. સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં અભિરુચિ, હિંમત અને સાંવેગિક બુદ્ધિ :**

વિદ્યાર્થીઓ સહ અભ્યાસિક પ્રવૃત્તિઓમાં ભાગ લે તે માટે શિક્ષકોએ પ્રેરણા પૂરી પાડવી જોઈએ અને તેના માટે બાળકોને પ્રોત્સાહન અને યોગ્ય માર્ગદર્શન પૂરાં પાડવા એ આવશ્યક છે. વર્તમાન પરિસ્થિતિને અનુરૂપ નાટક, એકપાત્રીય અભિનય, વકતૃત્વ વગેરેમાં સ્ક્રીપ્ટ લખી બાળકોને શિક્ષકે તૈયાર કરી સ્પર્ધાઓમાં ભાગ લેવડાવવો જોઈએ.

શિક્ષક પૂર્ણ ઉત્સાહી, સંપૂર્ણ સ્ફૂર્તિવાન અને જોશીલો હોવો જોઈએ. શરીરથી, વિચારોથી અને ચિત્તથી પણ સ્વસ્થ હોવો જોઈએ. તેનામાં સાંવેગિક બુદ્ધિ હોવી જોઈએ. સફળ શિક્ષક સંબંધોના મહત્ત્વને સમજે છે. તેના સહકર્મીઓ અને વિદ્યાર્થીઓને ક્ષમતાવાળો બનાવે છે. તેનામાં ભારોભાર સહાનુભૂતિ હોય છે.

**4. નિર્ણયશક્તિ અને જિજ્ઞાસાવૃત્તિ :**

શિક્ષક ઉત્તમ નિર્ણયશક્તિથી શાળા, સમાજ, મીડિયા અને નેતાઓને જોડે અને શાળાને આગળ લઈ જાય તેવો હોવો જોઈએ. તે આશાવાદી, હકારાત્મક હોવો જોઈએ. પોતાની શાળાની વાત લોકસમુદાય સમક્ષ શ્રેષ્ઠ રીતે મૂકે તેવો હોવો જોઈએ. શાળામાં શું યોગ્ય છે અને અયોગ્ય તેની સમજ અને નિર્ણયશક્તિ તેનામાં હોવી જોઈએ. વિકટ સ્થિતિમાં બાળક કે શાળાને યોગ્ય માર્ગ ચીંધવાની કે રસ્તો શોધવાની શક્તિ તેનામાં હોવી જોઈએ.

શાળા બહાર જે કંઈ સારું બને છે તેને શાળા વિકાસનો ભાગ બનાવે તેવો શિક્ષક આદર્શ છે. તે હંમેશાં જિજ્ઞાસાવૃત્તિથી નવું નવું મેળવતો રહેવો જોઈએ અને વહેંચાતો રહેતો હોવો જોઈએ.

शुभम् करोतु कल्याणम् आरोग्य धनसंपद: ।
शत्रुबुद्धिविनाशाय दीपज्योतिर्नमोस्तुते ॥

**5. શિક્ષક જ્ઞાની અને કર્મશીલ હોવો જોઈએ :**

વર્ગખંડમાં દરેક વિદ્યાર્થીના મંતવ્યો અને વિચારોનું મૂલ્ય હોવું જોઈએ. શિક્ષક એવો હોવો જોઈએ કે જે વિદ્યાર્થીઓને સંભાળે પછી તેને સંભાળે. જેના કારણે બાળકને લાગશે કે તે ગેરસમજ કે ઉપહાસના ડર વિના બોલી શકશે. બાળકો ગંભીર, ગુસ્સેબાજ તેમજ ભાષણબાજ શિક્ષકોથી બોર થઈ જાય છે. જેને કારણે બાળકોની શક્તિઓ ડરને કારણે સંતાઈ જાય છે. શિક્ષકની જવાબદારી બને છે કે બાળકનો આંતરિક ડર દૂર કરી ઉડવાની પાંખો આપે.

શિક્ષક કર્મશીલ હોવો જોઈએ જેથી શાળાની ચાર દીવાલોમાંથી બહાર આવી સમાજમાં વિસ્તરે. બાળકો અને તેમના વાલીઓની સમસ્યાઓને સમજે, સમાધાન શોધે તેવો અને સામાજિક કાર્યો કરનાર શિક્ષક શાળાની શાન છે. શિક્ષક સંસ્થા અને આચાર્યને વફાદાર હોવો જોઈએ. સંસ્થા માટે અહર્નિશ ઉપયોગી બનતા શિક્ષકો બાળકોને પ્રિય હોય છે. આદર્શ શિક્ષકને માટે જ્ઞાન તો આવશ્યક જ છે, પણ એ પૂરતું નથી. એ જ્ઞાન પચાવવા, સરળ બનાવવા, શિષ્યોના મનમાં ઉતારવા મહેનત કરવી જોઈએ, ઉદ્યમ કરવો જોઈએ, શ્રમ કરવો જોઈએ. જ્ઞાન ઉપરાંત કર્મ અનિવાર્ય છે. વર્ગમાં જતાં પહેલાં તેની તૈયારી કરવી જોઈએ, તાલીમ લેવી જોઈએ, પ્રયોગ કરવા જોઈએ, શિક્ષકે ભણાવતાં પણ શીખવું જોઈએ.

**6. વિદ્યાર્થીઓનો સાચો મૂલ્યાંકનકાર અને હમદર્દ**

''મુખ્ય પ્રશ્ન વિદ્યાર્થીનો નથી, પણ શિક્ષકનો છે. જો આપણે બીજાને શિક્ષિત કરવા શક્તિમાન થવું હોય તો આપણાં પોતાનાં હૃદય અને મન સાફ કરવાં જોઈએ. જો શિક્ષક પોતે વ્યગ્ર અને પોતાની ઈચ્છાઓના જંગલમાં ખોવાયેલો હોય તો તે કોઈને ડહાપણ કઈ રીતે આપી શકે ? કે અન્યનો માર્ગ કઈ રીતે સરળ કરી શકે ?'' એમ. જે. કૃષ્ણમૂર્તિ કહી ગયા છે. શિક્ષકનું હૃદય અને મન સ્વચ્છ હોવું જોઈએ. જે બાળકને તક આપે છે, જેમાં તે પાસ કે નાપાસ થાય છે અને ત્યારબાદ તેની સમીક્ષા કરી ફરી નવી તક આપે છે.

જો શિક્ષક વિદ્યાર્થીઓના વ્યક્તિગત ગુણો અને સ્વભાવથી પરિચિત બને તો કોઈ પણ વિદ્યાર્થીના વર્તનમાં અપેક્ષિત ફેરફાર લાવી શકાય છે. ઉદાહરણ તરીકે તોફાની બાળકો તેમનાં તોફાનો માટે શાળામાં જાણીતાં હોય છે. એક વાર એક તોફાની વિદ્યાર્થી અન્ય વિદ્યાર્થીઓ સાથે શાળાએથી ભાગી જઈ ફિલ્મ જોવા ગયો. બીજા દિવસે શાળામાં પ્રાર્થના સમય દરમિયાન તે વિદ્યાર્થીને શાળામાંથી નાસી જવાનું કારણ પૂછવામાં આવ્યું. તે વિદ્યાર્થીએ સાચું જ કારણ આપ્યું. આવા સંજોગોમાં સામાન્ય રીતે શિક્ષકો વિદ્યાર્થીને સજા કરતા હોય છે, પરંતુ અહીં શિક્ષકે વિદ્યાર્થીને કોઈ પણ પ્રકારની સજા કર્યા વિના તેની સાચું બોલવાની બાબતને જાહેરમાં બિરદાવી અને ત્યારબાદ વિદ્યાર્થીને અંગત રીતે બોલાવી શાળાએથી ભાગી ન જવા માટે પ્રેમથી સમજાવ્યું. પરિણામ સ્વરૂપે વિદ્યાર્થીએ આજીવન સત્યનો રસ્તો અપનાવ્યો. શિક્ષકે હંમેશાં વિદ્યાર્થીઓની ભૂલ બદલ સજા ન કરતાં તેમને એક વાર સુધરવાની તક આપવી જોઈએ.

**7. વ્યાવસાયિક તત્પરતા:**

એમર્સન કહે છે, 'જે વ્યક્તિ અઘરી બાબતોને સહેલી બનાવે છે તે શિક્ષક છે.'

શિક્ષકમાં પોતાના વ્યવસાય પરત્વે તત્પરતા હોવી જોઈએ જેથી તે શાળામાં ઉત્તમ વાતાવરણ બનાવી શકે. પોતાના વ્યવસાય પ્રત્યે તત્પર શિક્ષકો શાળામાં નિયમિતતા જાળવે છે અને શિક્ષણમાં અઘરી વાતને સમજદારીપૂર્વક ભણાવી સહેલી બનાવી દે છે.

શિક્ષકે શાળામાં શિક્ષણકાર્ય ઉપરાંત લોકભાગીદારી થકી નવીનતા લાવવા પ્રયાસો કરવા જોઈએ. શિક્ષણને પવિત્ર વ્યવસાય બનાવનાર શિક્ષકમાં આ ગુણ ખૂબ જરૂરી છે. બાળકો માટે પ્રેમ, માનવતાવાદી, બુદ્ધિ, કાર્ય માટે સર્જનાત્મક અભિગમ; ઉચ્ચ નાગરિક તરીકેની જવાબદારી અને સામાજિક પ્રવૃત્તિ; શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય એ શિક્ષકના આવશ્યક અંગ છે.

**8. યોગ્ય આચરણ:**

જ્ઞાતિ કે ધર્મમાં માનતા શિક્ષકનો પણ ધર્મ હોય છે, તેની રહેણીકરણી અને આચરણથી તે બાળકોનો સર્વાંગી વિકાસ કરી શકે છે. છાત્રો સૌથી વધુ અનુકરણ શિક્ષકનું કરતા હોવાથી શિક્ષકે વર્ગખંડમાં તેના કાર્ય અને આચરણમાં ઘણું ધ્યાન રાખવું પડે છે. ચારિત્રહીન, વ્યસની, સ્વાર્થી અને શાળાપરિવારમાં સંઘર્ષ ઊભા કરતા શિક્ષકો જ શાળા, બાળક અને સમાજનું નિકંદન કાઢે છે. શિક્ષક હંમેશાં આચાર્યને વફાદાર રહી શાળાના બાળકના વિકાસમાં કાર્યરત રહે તે જરૂરી છે. જેના માટે

''બાળક એ પરમકૃપાળુ પરમાત્માએ માનવજાત પર લખેલો પ્રેમપત્ર છે.'' – **ગિજુભાઈ બધેકા**

બાળક એ હોશિયાર કે નબળો નથી માત્ર કાચી બુદ્ધિનો વિદ્યાર્થી છે જેને અનુભવનું શિક્ષણ આપીને બુદ્ધિશાળી બનાવવાનો છે.

આદર્શ શિક્ષક બાળકની શારીરિક નબળાઈ કે માનસિક નબળાઈ જોતો નથી, અપંગતા, અંધતાને શિક્ષક ધ્યાનમાં નથી લેતા. બાળકો ઉપર બિનજરૂરી ગુસ્સો કરે, દ્વેષભાવ રાખે, પજવણી કરે, અપશબ્દો બોલે તેવો શિક્ષક કલંકરૂપ છે.

**10. બૌધિક પરંપરા અને તક્નિકી કૌશલ્ય :**

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌ના મત મુજબ ''શિક્ષણ બૌદ્ધિક પરંપરા અને તક્નિકી કૌશલ્યને એક પેઢીથી બીજી પેઢી સુધી પહોંચાડવાની અત્યંત મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે.''

શિક્ષક ઉત્સાહથી ભરપૂર વર્ગખંડમાં પ્રવેશવો જોઈએ. શાળાના વાતાવરણને જીવંત અને હર્યુંભર્યું રાખવાની જવાબદારી શિક્ષકની છે. શિક્ષક બાળકોમાં જિજ્ઞાસા જન્માવે અને તેના દરેક ઉત્તરનો જવાબ આપી શકે તેવો બૌદ્ધિક હોવો જોઈએ. આજે રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં જે બાબત ઉપર ભાર મૂકાય છે તે શિક્ષકમાં વિષયસજ્જતા જરૂરી છે. તેને નવીનતમ ટૅક્નોલૉજીનું જ્ઞાન પણ હોવું જોઈએ.

હસતો ચહેરો, સૌમ્ય અવાજ સાથે સાદગીપૂર્ણ વસ્ત્રપરિધાન સાથે તે બાળકનો માર્ગદર્શક હોવો જોઈએ. બાળક ઘરના કે તેના આસપાસના વાતાવરણ ઉપરાંત જીવનનું ભાથું શિક્ષક પાસેથી મેળવતો હોવાથી શિક્ષકે બૌદ્ધિક જ્ઞાનની સાથે સાથે ટૅક્નોલૉજીથી માહિતગાર રહેવું જોઈએ, તે જ્ઞાનના પ્રકાશથી સ્વયં પ્રકાશિત રહેવો જોઈએ.

**11. સમાજ સાથે ભળી જવું :**

શિક્ષક વહેતી નદી જેવો હોવો જોઈએ. તેના મનમાં કોઈ પણ પ્રકારના નાતજાતના ભેદભાવ ન હોવા જોઈએ. શિક્ષણ ઉપરાંત ભારતીય સંસ્કૃતિ, દરેક ધર્મના તહેવારો અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિ સાથે છાત્રો સોળે કળાએ ખીલવણી કરી શકવાની તાકાત ધરાવતો હોવો જોઈએ. શાળા-સંસ્થા માટે દાન કે ઉપયોગી વસ્તુ લાવી શકે, બાળકો માટે સાધનો વસાવી શકે, ગરીબ બાળકો પરત્વે હમદર્દી રાખી ડ્રોપઆઉટ રેશિયો ઘટાડે તેવો શિક્ષક હોવો જોઈએ. શિક્ષકને ગીતો ગાતાં, રમતો રમાડતાં અને શિક્ષણની વિવિધ પદ્ધતિએ શિક્ષણકાર્ય કરાવતાં આવડવું જ જોઈએ. શિક્ષકે ક્યારેય પોતાને ચડિયાતા કે મહાન ન સમજવું જોઈએ. સર્વને સમાવી શકે તેવું વિશાળ હૃદય તેનામાં હોવું જોઈએ.

**12. હંમેશાં વિદ્યાર્થી અને નવીનતાસભર :**

શિક્ષકે સતત શીખતા રહેવું પડશે અને તો જ તેના શબ્દોમાં નવીનતા આવશે. આજે શિક્ષણ વર્ગની ચાર દીવાલોમાંથી બહાર આવીને ઘર, સમાજ અને વિશ્વમાં વિસ્તરી ચૂક્યું છે ત્યારે વિદ્યાર્થીઓ માત્ર નિષ્ક્રિય શ્રોતાઓ નથી. આજે વિદ્યાર્થીઓ વિવિધ પ્રશ્નો, મૂંઝવણ અને શીખવાના ઉત્સાહ સાથે શાળાએ આવે છે. આવા સંજોગોમાં શિક્ષકે માત્ર માહિતીના મશીનગનથી વિદ્યાર્થીઓના માનસિક ભારને વધારવાનો નથી, પરંતુ વર્ગખંડમાં એવું વાતાવરણ ઊભું કરવાનું છે જેમાં વિદ્યાર્થી જાતે શીખતો થાય. એટલે કે શિક્ષકે અહીં Facilitator તરીકે વર્તવાનું છે. સતત અધ્યયન કરતો શિક્ષક અવનવા પ્રયોગો કરી શિક્ષણને રસપ્રદ બનાવી શકે છે.

વર્ગખંડમાં બીબાંઢાળ પિરિયડને બદલે પ્રૉજેક્ટ, ગ્રૂપ ચર્ચા, સમૂહકાર્ય, ક્ષેત્રિય મુલાકાત, પ્રવાસપદ્ધતિ ઉપયોગમાં લેવી જોઈએ. દા.ત. વિજ્ઞાનના શિક્ષકે 'જળ સ્રોતો'ના શિક્ષણ માટે નદી, તળાવ, સમુદ્રની મુલાકાત ગોઠવવી જોઈએ. ઍકાઉન્ટના શિક્ષકે ''બૅન્કિંગ પદ્ધતિ'' માટે બૅન્કની મુલાકાત ગોઠવવી જોઈએ.

જેને કારણે બાળકો નિરીક્ષણ અને જાતઅનુભવથી, સમગ્ર પ્રક્રિયાથી વાકેફ બને અને તે જ્ઞાન સ્થાયી બનાવે. જો શિક્ષક Facilitator તરીકે વર્તશે તો વિદ્યાર્થીઓમાં શીખવાનો અનેરો ઉત્સાહ જોઈ શકાય છે.

**13. લાગણીઓ સાથે જ્ઞાનનું ટ્રાન્સફર :**

શિક્ષક એટલે શિસ્ત, ક્ષમા અને કલાનો ત્રિવેણી સંગમ, તેથી જ સમાજમાં તેને માનથી જોવાય છે. તેણે કરેલાં કાર્યોની સમાજ નોંધ લેતો હોય છે. શિક્ષક લાગણીશીલ હોય તો જ બાળકને સાચી રીતે સમજી શકે. લાગણીઓ સાથે વિષયની સમજ આપનાર શિક્ષકને બાળકો દિલથી ચાહે છે. તેના વિષયને સરળતાથી પચાવે છે. દંભ સાથે બીબાંઢાળ શિક્ષણ આપનાર શિક્ષક ક્યારેય વિદ્યાર્થીને પસંદ નથી. શાળામાં

''બાળકોને તમે પ્રેમ આપો, તમારા વિચારો નહીં, કેમ કે એમની પાસે એમના પોતાના વિચારો છે.''
**– ખલિલ જિબ્રાન**

વ્યસનમુક્તિની વાત કરે અને તે વ્યસની હોય તેવા શિક્ષકોના વિચારો બાળકો ઝડપથી ઉતારી શકતા નથી. શિક્ષક મૂલ્યવાન હોવો જોઈએ.

બાળકોનો પ્રિય શિક્ષક સમાજઘડતરમાં પણ યોગદાન આપનારો હોવો જોઈએ. સમાજની સમસ્યાઓ માટે તત્પર અને કાર્યશીલ હોવો જોઈએ. શિક્ષક કર્મશીલ અને કર્તવ્યનિષ્ઠ હોવો જોઈએ

આજના પ્રગતિશીલ, આધુનિક યુગમાં શિક્ષકે સુસજ્જ થવું પડશે. દરેક શિક્ષકે પોતાના દરેક બાળકને ઓળખી તેની રૂચિ મુજબ તેને પાંગરવાની તક અવશ્ય આપવી જોઈએ. જેથી કરીને આજના આ ટૅક્નોલૉજીરૂપી આકાશમાં તેઓ સ્વતંત્રપણે પોતાના વિચારોને વેગ આપી ઉડાન ભરી શકે.

**સંપર્ક : બી/15, સેફ્રોન વિલા, મિશન રોડ, નડિયાદ, જિ. ખેડા - 387002**

## 3 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિનનું મહત્ત્વ

3 ડિસેમ્બર, 'આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિન' તરીકે ઉજવાય છે.

'દિવ્યાંગ' શબ્દ અપંગો પ્રત્યે આદરભાવથી જોવા પ્રેરે છે. અંગ-ઉપાંગની ખોડ કે ત્રુટિ હોવા છતાં, હિંમતપૂર્વક, પોતાનું આત્મગૌરવ વધારવાની મહેચ્છા સાથે 'પુરુષાર્થ' આદરી પોતાની જાતની મહત્તા પ્રાપ્ત કરી, પ્રમાણિત કરી, ''હમ કુછ કમ નહીં'' એવું તેજસ્વી વ્યક્તિત્વ ઊભું કરનાર દિવ્યાંગો વંદનીય છે.

જાણે આત્મશ્રદ્ધા, દઢતા અને નિર્ભયતાથી સભર એવી તેમની પ્રભુ-પ્રાર્થના હોય છે કેઃ 'હે પરમાત્મા ! તું મને એવી શક્તિ આપ કે જેથી, હું મારું મસ્તક રોજિંદી તુચ્છતાઓ પર ઊર્ધ્વ રાખી શકું.' આવી પ્રાર્થના કરનાર દિવ્યાંગ આપણા સૌ માટે પ્રેરણારૂપ બને છે.

પ્રાચીન પુરાણ કાળમાં કહોડ ઋષિના પુત્ર, 'અષ્ટાવક્ર ઋષિ' થઈ ગયા. તેમનાં આઠે અંગ વાંકા હતા. અષ્ટાવક્ર ઋષિવરોમાં, જ્ઞાનીઓમાં, તપસ્વીઓમાં આદરણીય સ્થાન ધરાવતા હતા. જનકરાજાને પળવારમાં આત્મસાક્ષાત્કાર કરાવી, આત્મજ્ઞાનના અનુભવી અધિકારી અષ્ટાવક્રે બનાવી દીધા હતા. આઠે અંગ વાંકા હોવા છતાં પુરાણકાળમાં પવિત્રતા, દિવ્યતા, જ્ઞાનસમૃદ્ધિથી ઊંચા આધ્યાત્મિક શિખર પ્રાપ્ત કર્યા હતાં. પુરાણોમાં તેમનું ગૌરવવંતુ સ્થાન છે. સાચા અર્થમાં તે દિવ્યાંગ હતા.

અર્વાચીન સમયમાં પણ વિશ્વમાં વિવિધ ક્ષેત્રોમાં સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર દિવ્યાંગોની દિવ્યશક્તિનાં દર્શન થાય છે. આજના દિવ્યાંગોના પુરુષાર્થમાં ''હમ હોંગે કામિયાબ''નો નક્કર રણકાર સાંભળવા મળે છે. પોતાનાં અંગોની ઉણપનું સાવ વિસ્મરણ કરી, લઘુતાગ્રંથિ છોડી, વિવિધ ક્ષેત્રોમાં તેમનો અદમ્ય ઉત્સાહ જોવા મળે છે.

કલા, રમતગમત, પર્વતારોહણ, ઑલિમ્પિક ગૅમ્સ વગેરેમાં હોનહાર દિવ્યાંગોના નામ જાણીતા છે. તેઓ સામાજિક કાર્યકર, રમતવીર, વહીવટકર્તા, ઉદ્યોગ સાહસિક, ઍન્કર, લેખિકા તરીકે પણ જાણીતાં બન્યાં છે. **સુધા ચંદ્રન, પ્રીતિ શ્રીનિવાસ, અરુણિમા સિંહા, વિરાલી મોદી, ઈરા સિંઘલ, શ્રીકાંત ભોલા, સાઈપ્રસાદ વિશ્વનાથન** જેવા દિવ્યાંગો કદી નહિ ભૂલાય...

પ્રજ્ઞાચક્ષુ **સ્વ. પંડિત સુખલાલજી તથા હેલન કેલરનું** અત્રે સ્મરણ થાય છે. દૃષ્ટિહીન હોવા છતાં, અગાધ જ્ઞાન પ્રાપ્ત કરી દેશ-વિદેશે ખ્યાતિ પામ્યા. નવી પેઢીના દિવ્યાંગો માટે વડીલ એવા પ્રેરણામૂર્તિ બની ગયા.

પેરા ઑલિમ્પિકમાં ભારતના દિવ્યાંગોએ પંદરેક મેડલ મેળવ્યા. દેશનું ગૌરવ વધાર્યું. તેમાં ગુજરાતનું ગૌરવ વધારનાર દિવ્યાંગ ખેલાડી **ભાવિના પટેલે** ગોલ્ડ મૅડલ મેળવ્યો. બાળવયથી જ પોલિયોગ્રસ્ત હતાં છતાં અદમ્ય પુરુષાર્થ-લોખંડી દઢતાથી તેઓ અશક્યને શક્ય કરી શક્યાં. ઈલેક્ટ્રિક કેબલના અકસ્માતમાં હાથ ગુમાવનાર **નીરજ ચોપડાએ** તથા બાઈક ઍક્સિડન્ટમાં ડાબો પગ ગુમાવનાર **સુમિત અનીલે** પણ મૅડલ મેળવ્યો. બબ્બે મૅડલ જીતનાર 19 વર્ષના દિવ્યાંગ **અવની લેખડાએ** પણ અદ્‌ભુત સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

દિવ્યાંગોનું આત્મગૌરવ જળવાય તે રીતે હૃદયના ઉમળકાથી, માનવધર્મી તરીકે, અંધ-અપંગોની શાળાઓમાં જઈને કે પછી આપણી આસપાસના દિવ્યાંગોની શકિતની કદર કરી, જરૂર પડે ત્યાં હૂંફ અને પ્રેમભર્યું પ્રોત્સાહન આપીશું તો મોટી પ્રભુસેવા ગણાશે.

**(સંકલન)**

''જીવનના મહાન પાઠો વિદ્વાનો કે ગુરુજનો પાસે ગયા વિના બાળકો પાસેથી જ પામી શકાય છે.''
**— મહાત્મા ગાંધી**

# કેળવણીમાં જીવનમૂલ્યોની આવશ્યકતા

• ડૉ. યોગિની એચ. વ્યાસ •

સમાજની કોઈ વસ્તુમાં રહીને, તેના મહત્ત્વને ઈંગિત કરે તે અમૂર્ત ગુણને મૂલ્ય (Values) કહી શકાય. આવાં મૂલ્યો કે આદર્શો દ્વારા સમાજ પ્રગતિ તથા પરિવર્તનની દિશામાં ગતિશીલ બની શકે છે. આવાં મૂલ્યો એક પેઢીમાંથી બીજી પેઢીમાં હસ્તાંતરિત બને છે. 'Value' શબ્દનો અર્થ 'The Object of liking' એટલે કે 'ઇચ્છિત પ્રતિમાન' એવો કરી શકાય. ભારતીય પરિપ્રેક્ષ્યમાં 'क्षमा वीरस्य भूषणम्', 'अहिंसा परमो धर्मः', 'जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी', 'उदास्वरितानां तु वसुधैव कुटुम्बकम्' જેવી સૂક્તિઓ મૂલ્યોની અનુભૂતિ કરાવે છે. વિશ્વના કોઈ પણ સમાજમાં પ્રવર્તતા મૂલ્યોને સાત વિભાગમાં વર્ગીકૃત કરી શકાય.

(1) **સૌંદર્યાત્મક મૂલ્ય :** સુંદરતા, પ્રકૃતિપ્રેમ, નૃત્ય, સાહિત્યસર્જન વગેરે.

(2) **સાંસ્કૃતિક મૂલ્ય :** સંસ્કૃતિનો આદર, રાષ્ટ્રીય વારસાનું સંરક્ષણ વગેરે.

(3) **નૈતિક મૂલ્ય :** ઈમાનદારી, શાલીનતા, પરિશ્રમ, કૃતજ્ઞતા વગેરે.

(4) **રાજનૈતિક મૂલ્ય :** સામાજિક ન્યાય, જનતંત્ર, રાષ્ટ્રીય એકતા, સમાનતા વગેરે.

(5) **સામાજિક મૂલ્ય :** સૌહાર્દપૂર્ણ સંબંધો, કરૂણા, સામાજિક વિષમતાઓ દૂર કરવી વગેરે.

(6) **વૈજ્ઞાનિક મૂલ્ય :** પરીક્ષણના હેતુથી વિશ્લેષણ, શોધખોળ ઉપર આધારિત પરિવર્તનનો સ્વીકાર કરવો વગેરે.

(7) **ધાર્મિક મૂલ્ય :** પ્રેમ, સજ્જનતા, ધૈર્ય, પરોપકાર, નિઃસ્વાર્થપણું, દાન, ઉદારતા વગેરે.

Living Values Education Programme (LVEP) અનુસાર સહયોગ, સ્વતંત્રતા, પ્રસન્નતા, માનવતા, પ્રેમ, શાંતિ, આદર, સદાચાર, સહિષ્ણુતા, એકતા વગેરેનો વૈશ્વિક મૂલ્યોમાં સમાવેશ કરી શકાય.

બાળકની કેળવણીના પ્રારંભકાળથી જ જો આ મૂલ્યોનું શિક્ષણ આપવામાં આવે તો ભવિષ્યમાં તે દેશનો ઉત્તમ નાગરિક બની શકે. મહાકવિ કાલિદાસના 'રઘુવંશ' મહાકાવ્યનો અભ્યાસ કરતાં જ બહુવિધ મૂલ્યોનું દર્શન થાય છે. સંસ્કૃત સાહિત્યના સાંસ્કૃતિક અને રાજનૈતિક મહાકાવ્ય 'રઘુવંશ'નું ઉપજીવ્ય વસ્તુ પ્રાચીન ભારતના આદર્શ સમ્રાટ મર્યાદાપુરુષોત્તમ શ્રીરામના વંશનું વર્ણન છે. અહીં કાલિદાસે રાષ્ટ્રીય ચેતનાના પ્રતીકરૂપે તે યુગના ભારતવર્ષનું સર્વસંપૂર્ણ ચિત્ર પ્રસ્તુત કર્યું છે. આ મહાકાવ્યની રચના દ્વારા જાણે કે કવિ કાલિદાસે મહર્ષિ વાલ્મીકિ પ્રત્યેનું ઋણ અદા કર્યું. દિલીપ, રઘુ, અજ તથા દશરથના સદાચાર, ન્યાયપરાયણતા અને ઉદાત્ત જીવનનું દર્શન કરાવી કવિએ આ વંશને રામ જેવા કુળરત્નના પ્રાદૂર્ભાવ માટે સુયોગ્ય સાબિત કર્યો. શ્રીરામના પાત્ર દ્વારા કવિએ ભારતીય સંસ્કૃતિનો ભવ્ય વારસો તથા અખંડ રાષ્ટ્રીય ચૈતન્યનું ભાવપૂર્ણ શૈલીમાં ચિત્રણ કર્યું છે.

'રઘુવંશ'નો સમગ્રતયા અભ્યાસ કરતાં રાજાઓની 'કર્તવ્યપરાયણતા' આંખે ઊડીને વળગે તેવું મૂલ્ય છે. દ્વિતીય સર્ગમાં જ્યારે સિંહ દીક્ષાપૂર્વક નંદિની ગાયની સેવા કરી રહેલા તથા એક છત્રવાળું જગતનું સ્વામીત્વ, તરુણ વય અને સુંદર શરીરનો ત્યાગ કરી રહેલા રાજા દિલીપને નંદિની ગાય પોતાના આહાર માટે આપી દેવા સમજાવે છે, ત્યારે રાજાએ સ્વદેહાર્પણની તૈયારી બતાવી, કર્તવ્યને માટે આત્મવિલોપનની ભાવનાનું ઉત્કૃષ્ટ શિરોબિંદુ દર્શાવ્યું. ભૌતિકતા તથા આદર્શવાદ વચ્ચેના સંઘર્ષમાં આદર્શવાદનો વિજય થયો. રાજાની સફળ થયેલી માગણી અનુસાર દિલીપનો પુત્ર 'રઘુ' યુગપ્રવર્તક રાજા બન્યો.

'तेन त्यक्तेन भुंजीथाः' અર્થાત્ 'ત્યાગીને ભોગવી જાણો'ની ઈશાવાસ્ય ઉપનિષદની પ્રસિદ્ધ રત્નકણિકાનું જીવંત ઉદાહરણ કૌત્સ છે. રાજા રઘુ યજ્ઞપ્રસંગે પોતાની સઘળી સંપત્તિ દાનમાં આપી, ધનભંડાર ખાલી કરીને બેઠો છે. બરાબર એ જ વખતે વરતન્તુ મુનિના શિષ્ય કૌત્સે યજ્ઞ માટે આવશ્યક ધનની યાચના કરતાં રઘુએ

"દરેક બાળક ભવ્ય ભારતનું દિવ્ય સ્વરૂપ છે, ભારતનું ભાવિ છે, રાષ્ટ્રની ઊજળી આવતી કાલ છે."
**— 'અનામી'**

કુબેર પાસે સોનામહોરોનો વરસાદ વરસાવ્યો. કૌત્સ તો ગુરુના યજ્ઞ માટે આવશ્યક ચૌદ કરોડ સોનામહોરો જ લેવાનો આગ્રહ રાખે છે. રાજા કહે છે, 'હે કૌત્સ ! તારે માટે આવેલી સોનામહોરો મારાથી કઈ રીતે લઈ શકાય ?' ત્યાગભાવનાના આ મીઠા ગજગ્રાહને કવિએ હૃદયસ્પર્શી શૈલીમાં રજૂ કર્યો છે.

મહાકાવ્યના 14મા સર્ગમાં ભારતીય નારીજીવનમાં આદર્શરૂપ બનેલી, ઉત્તમ ચારિત્ર્યશીલ તથા પાવનકારિણી સીતાનું વ્યક્તિત્વ સહૃદય વાચકોના ચિત્ત ઉપર અમીટ છાપ જન્માવે છે.

સંપર્ક : પ્લૉટ નં. 1435, સી/1,
સૅક્ટર-2-બી, ગાંધીનગર–382 002

## સર આઇઝેક ન્યૂટનનું ગુરુત્વાકર્ષણ ક્ષેત્રે પ્રદાન

સર આઈઝેક ન્યૂટનનો જન્મ 25 ડિસેમ્બર, 1642 અને મૃત્યુ 20 માર્ચ, 1727ના રોજ થયું હતું. ન્યૂટનનાં સંશોધનો અનેક છે. તેમાંનું એક ગતિના ત્રણ નિયમો અંગેનું છે. પદાર્થ કેવી રીતે ગતિ કરે છે તે આ નિયમો સમજાવે છે. પદાર્થ પર લાગુ પડતાં બળો અને પદાર્થના સ્થાનાંતર વચ્ચેના સંબંધો આ નિયમો દ્વારા અભિવ્યક્ત થાય છે. વૃક્ષ ઉપરથી પડતા સફરજનને જોઈ મુક્ત પતન પામતા પદાર્થની ગતિ અંગેનો ગુરુત્વાકર્ષણનો નિયમ ન્યૂટનને સ્ફૂરેલો તે સુવિદિત છે. આ નિયમ અનુસાર પૃથ્વીનું પદાર્થ ઉપરનું આકર્ષણ પદાર્થમાં રહેલા દળના જથ્થા ઉપર અને તેમની વચ્ચેના અંતર ઉપર આધાર રાખે છે. આકાશી પદાર્થોની ગતિ વિશે ન્યૂટન એવા નિર્ણય ઉપર આવ્યા કે સૂર્યના ગુરુત્વાકર્ષીય ખેંચાણને કારણે ગ્રહો પોતાની નિયત ભ્રમણકક્ષામાં ગોઠવાયેલા રહે છે. જ્યારે પૃથ્વીના ગુરુત્વાકર્ષીય ખેંચાણને કારણે ચંદ્ર તેની ભ્રમણકક્ષામાં ગોઠવાયેલો રહે છે. ન્યૂટનના સિદ્ધાંતો શોધાયા પછી લગભગ 20 વર્ષ બાદ પ્રસિદ્ધ થયા હતા અને તે ભૌતિક વિજ્ઞાનમાં બહુ અગત્યના ગણાયા હતા. ન્યૂટનના ગતિના નિયમો યંત્રવિદ્યાના પાયાના સિદ્ધાંતો ગણાય છે. ન્યૂટને પ્રકાશ અને રંગ વિશે પણ અગત્યનું સંશોધન કરેલું છે. તેમણે બતાવ્યું કે સફેદ પ્રકાશ એ ખરેખર તો વર્ણપટમાં દેખાતા રંગોનો બનેલો છે. ત્રિપાર્થ કાચમાંથી પ્રકાશ પસાર કરી પ્રકરણનાં વિઘટનથી વર્ણપટ સ્વરૂપે મળતી આ ઘટના તેમણે પ્રયોગ દ્વારા દર્શાવી હતી. આકાશી પદાર્થોનાં સ્પષ્ટ પ્રતિબિંબ મળે તેવો પરાવર્તન ટેલિસ્કોપ સૌપ્રથમ ન્યૂટને શોધ્યો હતો. તેમણે ગુરુત્વાકર્ષણના સાર્વત્રિક નિયમ મેળવીને ખગોળીય અને સ્થાનીય પદાર્થોની ગતિના યંત્રશાસ્ત્રની સંક્ષિપ્ત અને ચોક્કસ પદ્ધતિ ઊભી કરી હતી. ન્યૂટને ગુરુત્વાકર્ષણનો નિયમ શોધવા માટે ગણિતની એક નવી જ શાખા કલન ગણિતનો આવિષ્કાર કર્યો. તેમાંથી આધુનિક ઇજનેરી વિદ્યાનો પાયો નંખાયો. કલન ગણિતની શોધ લાઈબનિટ્સ નામના જર્મન ગણિતજ્ઞે સ્વતંત્ર રીતે પણ કરેલી. વક્રોના ક્ષેત્રફળ (area) અને ઘનફળ (Volume)ની ગણતરી કરવાની વ્યાપક રીત ન્યૂટને શોધી કાઢી અને અતિવલય (hyperbola)નું ક્ષેત્રફળ પણ મેળવ્યું. બીજગણિતને લગતાં તેમનાં સંશોધનો તેમણે લખેલા એરિથમેટિકા યુનિવર્સૉલિસ (1907) નામના ગ્રંથમાં સંગ્રાયેલ છે. 'પ્રિન્સિપીઆ મેથૅમૅટિકા' તેમના વિજ્ઞાનના સંશોધન કાર્યની એક મહત્ત્વપૂર્ણ કૃતિ છે. ન્યૂટન વિદ્યાકીય અને જાહેર જીવનમાં ખૂબ કાર્યરત રહેતા. કૅમ્બ્રિજ વિશ્વવિદ્યાલયના તેમના અધ્યાપનકાલ દરમિયાન તે યુનિવર્સિટી-સૅનેટના સભ્ય પણ બન્યા હતા. તેમની બહુવિધ શક્તિઓથી પ્રભાવિત થઈને તેમના પ્રૉફેસર આઈઝેક બેરોએ 1669માં પોતાના પ્રાધ્યાપકના હોદ્દાનું રાજીનામું આપીને ન્યૂટન માટે એ જગા ખાલી કરેલી. 1699માં તેમને ટંકશાળના મુખ્ય અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તે સમય દરમિયાન તેમણે નવા સિક્કાઓના ચલણની વ્યવસ્થાનું સફળ સંચાલન કર્યું હતું. 1703માં તેઓ ઈંગ્લૅન્ડની રોયલ સોસાયટીના પ્રમુખ બન્યા અને આજીવન તેમણે આ સ્થાન શોભાવ્યું હતું. 1705માં ઈંગ્લૅન્ડની રાણીએ તેમને 'નાઈટ'ના ખિતાબથી નવાજેશ કરેલા. સમગ્ર જીવનકાળ દરમિયાન તેઓ સંશોધનકાર્યમાં વ્યસ્ત રહ્યા હતા. વિશ્વની રચના અંગેનાં તેમનાં સંશોધનો હાલનાં સંશોધનો માટે પણ સહાયરૂપ બને છે. ન્યૂટનના સંશોધને વિજ્ઞાન ક્ષેત્રે અને ભૌતિક વિજ્ઞાન ક્ષેત્રે અદ્ભુત ક્રાંતિ સર્જી છે. નવા વૈજ્ઞાનિકોને તેમનાં સંશોધનો સંદર્ભગ્રંથો તરીકે ઉપયોગી નીવડી રહ્યા છે.

(સંકલન)

"બાળક એક વિકાસશીલ આત્મા છે." – **મહર્ષિ અરવિંદ**

# ચાલો, રાષ્ટ્રીય શિક્ષણનીતિ-NEP-2020 વિશે જાણીએ...

• પુલકિત જોશી •

આઝાદી પહેલાં અને આઝાદી પછી શિક્ષણના ઈતિહાસમાં હંટર કમિશન (1882-83), રેલે કમિશન (1902), સેડલર કમિશન (1917-19), રાધાકૃષ્ણન્ કમિશન (1948-49), મુદલિયાર કમિશન (1952-53), કોઠારી કમિશન (1964-66) જેવાં શિક્ષણપંચો નિમાયાં હતાં. અને હાર્ટોગ કમિટી, એબટ-વૂટ રિપોર્ટ, વર્ધા શિક્ષણ રિપોર્ટ, સાર્જન્ટ રિપોર્ટ, ડૉ. આદિસેશિયાહ સમિતિ અને ઈશ્વરભાઈ કમિટી જેવી શિક્ષણની નાની-મોટી કમિટી પણ નિમાઈ હતી. સૌએ શિક્ષણના વિવિધ પાસાંઓ ઉપર ઘણી સારી ભલામણો કરી હતી. આ વાત પણ નોંધવી રહી કે 1968 અને 1986ની રાષ્ટ્રીય શિક્ષણનીતિ અને 2011માં ગુજરાતમાં અમલમાં આવેલ શાળા સર્વગ્રાહી મૂલ્યાંકનનો અમલ શિક્ષણ ક્ષેત્રે સફળતાપૂર્વક થયો છે.

ગૌરવ એ વાતનું લઈએ કે આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની દીર્ઘદૃષ્ટિ, આગવી સૂઝ અને તેમની પ્રેરણાથી રાષ્ટ્રીય શિક્ષણનીતિ-NEP-2020નું નિર્માણ થયું છે. 1986ની શિક્ષણનીતિ પછી 34 વર્ષ બાદ રાષ્ટ્રીય શિક્ષણનીતિ પ્રાપ્ત થઈ છે. ઇસરો, બેંગાલુરુના પૂર્વ અધ્યક્ષ કે. કસ્તૂરીરંગનના અધ્યક્ષપદે રચાયેલી 12 સભ્યોની ટીમે આ શિક્ષણનીતિ તૈયાર કરી છે. શિક્ષણવિદો, વિષયનિષ્ણાતો, તજ્જ્ઞો સાથે દરેક વર્ગની વ્યક્તિઓના આશરે સવા-બે લાખ સલાહ-સૂચનો મેળવી ત્રણ-ચાર વર્ષના મંથન બાદ, ચર્ચાવિચારણા, સેમિનાર, વર્કશોપ, સંવાદના પરિણામ રૂપે ભારતની કેન્દ્ર સરકારની કેબિનેટે 29 જુલાઈ, 2020ના દિને NEP-2020ને મંજૂર કરી. સાંપ્રત પ્રવાહો, પ્રશ્નો અને પડકારો સાથે બદલાતા સમય તેમજ બદલાતી જરૂરિયાતોને અનુરૂપ, વિકાસની દીવાદાંડીરૂપ આ શિક્ષણનીતિ છે. વધતા જતા જ્ઞાનના વિસ્ફોટ અને નૂતન ટૅક્નોલોજીના પરિપ્રેક્ષ્યમાં દેશની સંસ્કૃતિ અને અસ્મિતાનું રક્ષણ કરવું અને નવી યુવાપેઢીને વિશ્વફલક પર ટકી રહેવા તેનાં કૌશલ્યોને વિકસવાની તક આપવી એ એક પડકાર છે. નવી શિક્ષણનીતિનો મુસદ્દો આ દિશામાં છે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિનો અહેવાલ અંગ્રેજી અને હિન્દી ભાષામાં રજૂ થયો છે, જેમાં 27 પ્રકરણો, પરિશિષ્ટો સાથે કુલ 600 પૃષ્ઠ જોવા મળે છે. IITE દ્વારા તેનો ગુજરાતી ભાવાનુવાદ 140 પૃષ્ઠમાં થયો છે. મહાત્મા ગાંધીજી, રવીન્દ્રનાથ ટાગોર, શ્રી અરવિંદ, સ્વામી વિવેકાનંદ, જે. કૃષ્ણમૂર્તિ, ડૉ. રાધાકૃષ્ણન્, ડૉ. અબ્દુલકલામ જેવા મહાનુભાવોનું શિક્ષણદર્શન આ શિક્ષણનીતિમાં સમાયેલું જોઈ શકાય છે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020ની ભલામણો કુલ ચાર વિભાગમાં રજૂ થઈ છે. (1) શાળાકીય પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ, (2) કૉલેજ, યુનિવર્સિટી કક્ષાએ ઉચ્ચશિક્ષણ (3) અન્ય કેન્દ્રવર્તી શિક્ષણક્ષેત્ર અને (4) NEP-2020ની અમલીકરણ વ્યૂહરચના, જેનો સમયસર ઊંડો અભ્યાસ કરીને રાજ્યોએ તેનું આયોજન અને અમલીકરણ કરવાનું શરૂ કરી દીધું છે. ગુજરાત રાજ્ય પણ તેનું ગૌરવ અનુભવે છે. **વર્ષ 2030 સુધીમાં ભારતના બધા જ લોકોને સમાવિષ્ટ અને સમાન ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ કરાવવું અને જીવનપર્યંત અધ્યયન માટેની તકોને પ્રોત્સાહન આપવું** - એ સાતત્યપૂર્ણ લક્ષ્યાંકની સિદ્ધિ માટે સૌ કટિબદ્ધ છે.

ભારતને વૈશ્વિક જ્ઞાન મહાસત્તા બનાવવાનો, શિક્ષણનું સ્તર અને તેની ગુણવત્તા ઊંચી લાવવાનો, બાળકોમાં રહેલી શક્તિઓ, કૌશલ્યો અને સદ્‌ગુણોને વિકસાવી ઈમાનદાર-ઉત્તમ મનુષ્યનું નિર્માણ કરવાનો, તેનામાં નૈતિક મૂલ્યો, જિજ્ઞાસાવૃત્તિ, વૈજ્ઞાનિક ચિંતન, રચનાત્મક કલ્પનાશક્તિ, સર્જનાત્મકતા વિકસાવી કળા, માનવતા, રમતગમત, વ્યાવસાયિક વિષયોમાં અભ્યાસ કરવા માટે વિષયોની સુગમતા અને પસંદગીમાં વધારો કરવાનો NEP-2020નો મહત્ત્વનો ઉદ્દેશ છે.

આ રાષ્ટ્રીય શિક્ષણનીતિ એવી સરસ રીતે ઘડાઈ છે કે તેનો રાજ્યોમાં અસરકારક અમલ પછી શિક્ષણ તેના ખરા અર્થમાં આત્મનિર્ભર બનશે અને નૈતિક, સામાજિક, ભાવનાત્મક સ્તર પર વ્યક્તિનો સર્વાંગી વિકાસ થશે. માઇન્ડ પાવર - બુદ્ધિ અને જ્ઞાનની બોલબાલા વધશે. NEP-2020 દ્વારા માનનીય વડાપ્રધાનશ્રીનો અખંડ ભારત, એક ભારત, સુરક્ષિત ભારત અને શ્રેષ્ઠ ભારત બનાવવાનો પ્રબળ સંકલ્પ અને ભગીરથ પુરુષાર્થ છે. ચાલો, શિક્ષણક્ષેત્રે જોડાયેલા આપણે સૌ NEP-2020ના પરમ ઉપાસક, આજીવન સારસ્વત બનીએ. એક નવા ભારતની સાથે નૂતન ગુજરાતનું ભવ્ય નિર્માણ કરીએ.

**મદદનીશ સચિવ,**
**(એસ.એસ.સી.)**
**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર**
**માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર**

"બાળકો પાસે રહેવાની, હસવા-રમવાની, બોલવા-ચાલવાની તક મળે એ જીવનનો સુવર્ણસંધિકાળ કહેવાય."
**– સાને ગુરુજી**

# મૂલ્યઘડતરની કેળવણી

• પ્રા. મહેન્દ્ર જે. પરમાર •

વિદ્યાર્થીઓમાં જન્મજાત સદ્‌ગુણોનો ભંડાર પડેલો હોય છે. અનેક શક્તિઓ અને કૌશલ્યો સુષુપ્ત રીતે ધરબાયેલા હોય છે. શિક્ષક તેનો ઉઘાડ કરી તેને વેગવંતો કરી શકે છે. તે માટેનું ઉત્તમ પ્લેટફૉર્મ છે શાળા અને તેનો વર્ગખંડ. એટલે જ કહેવાયું છે કે, વિદ્યાર્થીઓ માટે વર્ગખંડ ખંડ ન બની રહેતાં જીવનખંડ બની જતો હોય છે. વર્ગખંડના અધ્યાપન કાર્યમાં અનુભવ આધારિત જ્ઞાન સાથે કેળવણી, કૌશલ્યોની ખિલવણી સતત થતી રહે તો તેનાં સારાં હકારાત્મક પરિણામો મળી શકે છે.

જાણીતા મૂર્ધન્ય કેળવણીકાર મનસુખ સલ્લા નોંધે છે કે, "શિક્ષક કડક થઈ શકે, પણ કઠોર ન થઈ શકે !" શિક્ષાના ઔષધના બદલે પ્રેમનું ઔષધ વધુ કારગત નીવડે છે, તે જ્યાં છે ત્યાંથી ટેકો આપી તેને આગળ વધારીએ. આ જ સાચો શિક્ષકધર્મ છે." શિક્ષણવ્યવહારના બહારના ભાગમાં હૃદયની કોમળતા અને ઋજુતા શિક્ષકમાં હોવાં અનિવાર્ય છે. 'સર્વની સર્વતોમુખી મુક્તિ'ના ધ્યેયમંત્ર સાથે બાળકને મઝા પડે, આનંદ આવે, રસ પડે તેવું શિક્ષણ અપાય તો તેમનો શ્રેષ્ઠ ગુણાત્મક વિકાસ થઈ શકે છે.

પશુ-પક્ષીઓ, નદી, પહાડ, જંગલ, ઐતિહાસિક સ્મારકો, ભૌગોલિક સ્થળો વગેરે વિશે જાણવાની બાળકોમાં તીવ્ર જિજ્ઞાસા હોય છે. તેને પ્રદિપ્ત કરવાની વિશાળ તકો કુદરતના ખોળે રહેલી છે, જે શિક્ષકે ઊભી કરવી જોઈએ. પ્રવૃત્તિલક્ષી શિક્ષણ દ્વારા અનુભવજન્ય જ્ઞાન બાળકો સરળતાથી પ્રાપ્ત કરી શકે છે. સામાન્ય રીતે બાળકોને લખવું, વાંચવું, સાંભળવું ખૂબ ઓછું ગમતું હોય છે, પણ રમતો રમવી, ગીતો ગાવાં, ચિત્રો દોરવાં, અભિનય કરવો, ક્વિઝમાં, ખેલકૂદમાં, વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લેવો, ડિબેટમાં ભાગ લેવો, નૃત્ય કરવું વગેરે વધુ ગમતું હોય છે.

બાળકોને મનગમતી પ્રવૃત્તિઓમાં જોતરીને વર્ગ અધ્યાપનકાર્યને સરળ, રસમય, આનંદદાયી અને જીવંત બનાવી શકાય. શિક્ષકે કહેલી કે સાંભળેલી બાબતો થોડોક સમય યાદ રહી જતી હોય છે. પરંતુ કરેલી કે અનુભવેલી, જોયેલી બાબતો આજીવન યાદ રહી જતી હોય છે. વર્ગખંડના અધ્યાપનકાર્યમાં પ્રવૃત્તિલક્ષી શિક્ષણનો અભિગમ વિદ્યાર્થીઓ માટે ફળદાયી પુરવાર થાય છે. વર્ગખંડનું જીવંત અને પ્રસન્ન વાતાવરણ સર્જવું તે શિક્ષકના હાથની વાત છે.

વર્ગખંડમાં શિક્ષક એક આદર્શ વકતા બની રહે અને વિદ્યાર્થીઓ સારા શ્રોતા બની રહે તેથી અધ્યયન અને અધ્યાપન કાર્ય પૂર્ણ થઈ જતું નથી. પુસ્તકમાં રહેલી માહિતી પીરસી દેવાથી વિદ્યાર્થીઓનો બૌદ્ધિક વિકાસ થઈ શકે, પરંતુ તેમના સર્વાંગી વિકાસ માટે પ્રવૃત્તિલક્ષી શિક્ષણ, ક્રિયાત્મક શિક્ષણ જરૂરી છે. તેના થકી જ વિદ્યાર્થીઓના મન અભ્યાસમાં પરોવાય છે. અધ્યયનપ્રક્રિયામાં વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી ખૂબ મહત્ત્વની છે.

કેવળ પરીક્ષા માટેનું શિક્ષણ નહીં, પણ 21મી સદીનાં કૌશલ્યો એ બાળકો અને કિશોરોના સશક્તિકરણની ચાવી છે, જે તેમને જીવન સાથે સંબંધિત મુદ્દાઓ અને સમસ્યાઓ શીખવે છે. વિશ્વમાં ટકી રહેવા માટે એકલું જ્ઞાન પૂરતું નથી. વિદ્યાર્થીઓને કૌશલ્યો કેળવવા માટે શીખેલી માહિતીનો વ્યવહારમાં ઉપયોગ કરતા અને નવી માહિતીના સર્જન માટે શીખતાં કરવા જરૂરી છે.

વર્તમાન શિક્ષણવ્યવસ્થામાં હવે એક નવો આયામ સ્પર્ધાત્મક પરીક્ષાનો ઉમેરાયો છે. સરકારી, અર્ધસરકારી, અનુદાનિત સંસ્થાઓની વિવિધ નોકરીઓમાં સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થવું ફરજિયાત બનાવાયું છે. તેને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓ પ્રાથમિક શિક્ષણથી જ સ્પર્ધાત્મક પરીક્ષા માટે સજ્જ બને તે શિક્ષણનો એક ભાગ બની રહે તે સમયની માંગ છે. શિક્ષકે વિષયવસ્તુના ઊંડાણમાં જઈ તલસ્પર્શી માહિતી અને જ્ઞાન વિદ્યાર્થીઓને પીરસવા જરૂરી છે. આપણી આસપાસ બનતી ઘટનાઓ, ભૌગોલિક અવકાશી ઘટનાઓ, દેશ-દુનિયામાં બનતી ઘટનાઓથી વિદ્યાર્થીઓને અવગત કરાવવા જરૂરી બન્યું છે.

સ્પર્ધાત્મક પરીક્ષા જ્ઞાન કે માહિતીથી વધુ, ઉપલબ્ધ માહિતીનો કૌશલ્યપૂર્વક ઉપયોગ તમે કેવી રીતે કરી શકો કે નિર્ણય લઈ શકો તે માટેની પરખ કસોટી છે.

સંપર્ક : બી-101, સ્વાગત સિટી, અડાલજ
જિ. ગાંધીનગર–382 421

"બાળકોને શાબાશી, પ્રશંસા, પ્રેરણા અને પ્રોત્સાહન આપો. એનાથી જ એમનું જીવન પાંગરે છે."
**– રવીન્દ્રનાથ ટાગોર**

# જીવનમાં કદાપિ હાર કે નિષ્ફળતા ના માનો

• વિજય દાણી •

મનુષ્યજીવનમાં દરેક કદમે સફળતા જ મળે તેવું ભાગ્યે જ બનતું હોય છે. ઘણા એક જ વાર નિષ્ફળ જાય પછી હતાશ થઈ મનથી હારી જાય છે. ઘણા મનથી હાર્યા વગર હિંમતપૂર્વક પ્રયત્નો ચાલુ રાખે છે. પ્રયત્નો ચાલુ રાખનાર એક દિવસ જરૂર સફળ થાય છે. નિષ્ફળતા મળે ત્યારે હાર ન માનનારાનો એટિટ્યૂડ પોઝિટિવ હોય છે. પરંતુ જે લોકો મનથી હારે તેમના માટે કદાપિ હાર ન માનવાનો એટિટ્યૂડ ડેવલપ કરવા માટે, એટલે કે 'believing in your self'ના વિકાસ માટે સ્વપ્ન, દૃષ્ટિ, પુષ્ટિ, આયોજન, પ્રયત્ન, ધ્યાનકેન્દ્રિતા, સ્વપ્રેરણા, દૃઢતા, કૃતજ્ઞતા, ઉજવણી - જેવી કુલ દસ બાબતો મહત્ત્વની છે.

**સ્વપ્ન :** સ્વપ્ન સેવવું જોઈએ. કંઈક કરવાનું સ્વપ્ન. શમણાં વગરનો માણસ એ મરેલા માણસ બરાબર છે. કંઈક કરવાનો થનગનાટ મનમાં હોવો એટલે જ સ્વપ્ન. **"શમણું એ મનુષ્યના મનની રાતપાળી છે."** "સપને વો નહીં જો નીંદમેં આતે હૈં, સપને વો હૈ, જો દિનમેં આતે હો અને સપને વો હોતે હૈં જો સોને નહીં દેતે." એકવાર સ્વપ્ન જોયા પછી તેને પ્રાપ્ત કરવા માટે દિશા અને રસ્તો નક્કી થાય છે.

**"પહલે એક આસમાન પૈદા કર,**
**ફિર પૈરો મેં ઉડાન પૈદા કર."**

આસમાન પેદા કરવું એ જ શમણું. પૈરો મેં ઉડાન કરવા માટેનું કારણ એટલે સ્વપ્ન. જીવવાનું કારણ એટલે સ્વપ્ન. જીવવાનું કારણ જ ન હોય તો જીવન કેવું ?

**દૃષ્ટિ :** સ્વપ્ન જોયા પછી તે પૂર્ણ કરવા દૃષ્ટિ જોઈએ. દૃષ્ટિ પોઝિટિવ હોવી જોઈએ. આફતને અવસરમાં ફેરવવાની દૃષ્ટિ હોવી જોઈએ.

'જો બધું જ તમારી વિરુદ્ધ જઈ રહ્યું હોય તો વિચારો કે વિમાન હંમેશાં હવાની વિરુદ્ધ જ કેમ ઊડે છે ?'

**- હેનરી ફોર્ડ**

"તસવીરકાર 'નથી'ની શોધમાં નથી, છે પણ નરી આંખે દીસતું નથી ત્યાં ભીતરનો કૅમેરો માંડે તે તસવીરકાર છે ! "આ વિધાનમાં દૃષ્ટિ માટેનો સંકેત છુપાયેલો છે. અન્ય કરતાં જુદા ઍન્ગલથી વિચારે તેને પોતાનું સ્વપ્ન પૂર્ણ કરવામાં ઝડપથી સફળતા મળે છે. જેવી દૃષ્ટિ એવી સૃષ્ટિ.

**પુષ્ટિ :** નાની-નાની સફળતા મળે ત્યારે આપણી વાતને પુષ્ટિ આપતા રહેવું જોઈએ.

– 'પોતાનામાં એટલે કે પોતાની શક્તિમાં શ્રદ્ધા એનું નામ ટૅલેન્ટ.

બીજાની સફળતાનાં ઉદાહરણો લઈ પોતાનાં સ્વપ્નને પુષ્ટિ આપવી જોઈએ જેથી મનોબળ વધે છે.

– 'નિરમા'વાળા કરસનકાકા જો સાઇકલ પર ફેરી કરીને ઉદ્યોગપતિ બનતા હોય તો હું પણ બની શકું.
– 'રિલાયન્સ'વાળા 'ધીરૂભાઈ અંબાણી સામાન્ય માનવીમાંથી અસામાન્ય માનવ બની શકે છે. પુરુષાર્થથી શું ન થઈ શકે ?

પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી આગળ આવેલા અનેક લોકોનાં ઉદાહરણો લઈ પોતાની વાતને પુષ્ટિ આપવી.

યોગ્ય ભણતરની તક તો વિશ્વમાં કાર બનાવવાની નંબર 1 કંપની ફોર્ડના હેનરી ફોર્ડને પણ નહોતી મળી ! છતાં સફળતાનાં ઉચ્ચ શિખરો તેમણે હાંસલ કર્યા.

– ઓસ્કાર ઍવોર્ડ વિજેતા મરસી મેટલીન નાનપણથી બહેરી અને અસ્વસ્થ હતી !
– વિશ્વપ્રસિદ્ધ કેંટુકી ફ્રોઇડના માલિકે 60 વર્ષની ઉંમરે પહેલું રેસ્ટોરન્ટ ખોલેલું !
– એક પગ નકલી હોવા છતાં સુધાચંદ્રન પ્રખ્યાત નૃત્યાંગના છે.

ઉપરનાં ઉદાહરણો દ્વારા આપણા સ્વપ્નની સફળતા માટે પુષ્ટિ આપતા રહેવું જોઈએ.

**આયોજન :** કોઈ પણ ધ્યેય સિદ્ધ કરવું હોય તો આયોજન ખૂબ જ જરૂરી છે. જો આપણે આયોજન

"બાળકોનું પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં હોય તે જરૂરી છે, આમ કરવાથી બાળક પોતાની સંસ્કૃતિને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજી શકશે, તેનામાં સંસ્કારોનું સિંચન થશે." **— ડૉ. મોતીભાઈ મ. પટેલ**

કરતા નથી તો દિશાહીન દોડવાનું થશે. મંઝિલ સુધી પહોંચવા દિશા અને ગતિ જરૂરી છે અને તે આયોજન દ્વારા મળશે.

"Planning makes a man perfect." અંગ્રેજીમાં કહેવત છે તે પ્રમાણે માણસને આયોજન પરફેક્ટ બનાવે છે. આયોજન વગરનું કામ અંધારામાં તીર છોડવા જેવું થાય. પરિણામ હાંસલ કરવું હોય તો આયોજન ખૂબ જ જરૂરી છે. સ્વપ્નને સિદ્ધ કરવા તેની રૂપરેખા બનાવવી પડે.

**પ્રયત્ન :** ધ્યેય નક્કી કરો પણ પ્રયત્ન જ ન કરીએ તો કામ કેવી રીતે થાય ? સંસ્કૃતમાં શ્લોક છે કે...

उद्यमेन हि सिध्ध्यन्ति कार्याणि न मनोरथैः
नहि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः ।

પ્રયત્ન કર્યા સિવાય કશું પ્રાપ્ત થતું નથી. જેમ સૂતેલા સિંહના મુખમાં હરણ પ્રવેશતું નથી, તેના માટે ઉદ્યમ કરવો જરૂરી છે.

સ્વપ્ન સાકાર કરવા પ્રયત્ન કરવો એ ખૂબ જ અગત્યનું પરિબળ છે. ઈશ્વર તક બધાને આપે છે પરંતુ 'તકને ટકોરા ન હોય' એ ન્યાયે તક મળે ત્યારે ઝડપી લેવી જોઈએ અને પ્રયત્ન કરવો જોઈએ.

**ધ્યાનકેન્દ્રિતતા :** કોઈ પણ લક્ષ્ય નક્કી કર્યા પછી તેના ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરવું પડે. વિજ્ઞાનના પ્રયોગમાં શીખેલા છીએ કે બિલોરી કાચથી કોઈ પણ વસ્તુ પર સૂર્યનો પ્રકાશ કેન્દ્રિત કરીએ તો તેનાથી અગ્નિ પ્રગટ કરી શકીએ છીએ.

પથ્થર પર સતત પાણીની ધારા એક જ સ્થાને જો પાડવામાં આવે તો પથ્થરમાં પણ હૉલ (કાણું) પડે છે. તો અન્યની તો વાત જ શું કરવી ?

અર્જુનને માત્ર માછલીની આંખ જ દેખાતી હતી તેથી જ તો તે પ્રતિબિંબમાં જોઈને પણ આંખ વીંધી શક્યો. આમ કોઈ પણ બાબત પર જ્યારે ધ્યાનને કેન્દ્રિત કરવામાં આવે છે ત્યારે તેમાં સફળતા મળે જ છે.

**સ્વપ્રેરણા :**

"તમે સ્વયં તમારી જિંદગીના મુખ્ય વહીવટ અફસર છો." એ દૃષ્ટિ કેળવશો તો જગતને જોવાની તમારી દૃષ્ટિમાં પણ આમૂલ પરિવર્તન આવશે. જીવનનાવમાં પ્રવાસી બનીને સફર કરવાને બદલે તમે સ્વયં નાવના કપ્તાન બની જશો અને પછી પલટાતા વહેણમાં નાવને ઘસડવા દેવાને બદલે તમે ચાહો તે દિશામાં તમારી જીવનનાવને વાળી શકશો.

વાસ્તવિકતાને પ્રત્યક્ષ કરવા માટે મનુષ્યજાતિમાં સામાન્ય નૈસર્ગિક પ્રેરણા રહેલી છે અને તેને કારણે જ વિશ્વ હંમેશાં શૂરવીરતાનો એક રંગમંચ બની રહ્યું છે.

**દૃઢતા :** જીવનમાં કેટલાય એવા પડાવ આવે કે તમે ડગી જાવ. અડગ રહેનાર આખરે જીત હાંસલ કરે છે. કેટલાય એવાં ઉદાહરણો છે કે જે દૃઢતાથી સફળ થયા છે.

સચિન તેંડુલકર, અમિતાભ બચ્ચન, મહાત્મા ગાંધીજી વગેરેએ દૃઢતા જાળવી ત્યારે એમને વિજય પ્રાપ્ત થયો છે.

**કૃતજ્ઞતા :** જ્યારે જ્યારે કૃતજ્ઞતાની તક મળે ત્યારે કૃતજ્ઞતા વ્યક્ત કરવી જોઈએ. કર્તા-હર્તા કુદરત છે. નાની-નાની સફળતાના દરેક તબક્કે કુદરતનો આભાર વ્યક્ત કરવો જોઈએ.

આપણા લક્ષ્ય સિદ્ધ કરવાના માર્ગે જે જે વ્યક્તિઓ આપણને સહાયરૂપ થઈ હોય તે બધાનો કૃતજ્ઞભાવ વ્યક્ત કરવાનું ચૂકવું જોઈએ નહીં.

**ઉજવણી :** મળેલી જીતની મિત્રો સાથે, સગાં-સંબંધી સાથે ઉજવણી કરો. ઉજવણી કરવા તમારામાં આંતરિક શક્તિનો સંચાર થશે અને હજુ નવા જોમ અને જોશથી કામ કરવાની પ્રેરણા મળશે. આનંદને ઉત્સાહથી બધાને વહેંચશો તો નિકટતા વધશે અને સ્ફૂર્તિનું ઉદ્‌ગમન થશે.

ઉપર બતાવેલી દસ બાબતોથી તમારામાં ઉદ્‌ભવેલી હતાશા દૂર થશે અને તમારામાં Never give up માટે પોઝિટિવ એટિટ્યૂડનો વિકાસ થશે. વિદ્યાર્થીમાં પોઝિટિવ એટિટ્યૂડ વિકસાવવા ઉપરના દસ મુદ્દા પ્રમાણે સ્ટેપ ભરે તેવું આયોજન કરી શકાય.

અંતે....

**લહેરોં સે ડરનેવાલોં કી નૈયા કભી પાર નહિ હોતી,**
**કોશિશ કરનેવાલોં કી કભી હાર નહિ હોતી.**

સંપર્ક : શ્રી આદર્શ વિદ્યાલય, લીંભોઈ,
તા. મોડાસા, જિ. અરવલ્લી

"જે બાળકને આનંદમાં લીન કરી મૂકે, નવરાવે, ગળાબૂડ રચ્યો-પચ્યો રાખે, મુક્ત કરે એ જ સાચી કેળવણી."
— કરુણાશંકર માસ્તર

# ગાંધી શિક્ષણદર્શન અને રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020

• રમેશકુમાર ડી. પ્રજાપતિ •

ગુજરાતમાં પ્રાથમિક બુનિયાદી,માધ્યમિક અને ઉચ્ચતર બુનિયાદી, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી અને મહાવિદ્યાલય ગ્રામવિદ્યાપીઠો સુધીનું સમગ્ર બુનિયાદી શિક્ષણનું માળખું નઇ તાલીમના પાયા પર ગોઠવાયેલું છે. તેમાં વિદ્યાપીઠ, ઉત્તર બુનિયાદી આશ્રમ શાળાઓ, ઉત્તર બુનિયાદી વિદ્યાલયો,ઉચ્ચતર ઉત્તર બુનિયાદી વિદ્યાલયો, બુનિયાદી અધ્યાપન મંદિરો, છાત્રાલયો વગેરે છે.

ગાંધીજીના વિચારમાંથી નઈ તાલીમનો જન્મ થયો. ગાંધીજીના મતે નઈ તાલીમ 7 વર્ષના બાળકથી નહીં, પરંતુ માના ગર્ભથી થવી જોઇએ. મા પરિશ્રમ કરનારી હશે, સંસ્કારી હશે તો બાળક પર એના સંસ્કાર માના ગર્ભમાંથી પડશે.

મહાત્મા ગાંધીએ નઈ તાલીમની સર્વોત્તમ અને અંતિમ ભેટ દેશને આપી. આ શબ્દોમાં કેટલી તાકાત છે તે ગાંધીજીના શબ્દોમાં જોઇએ... જુઓ, “આ નઈ તાલીમનું કામ મારા જીવનનું છેલ્લું કામ છે. ભગવાને એને પૂરું કરવા દીધું તો હિન્દુસ્તાનનો નકશો બદલાઈ જશે. આજની કેળવણી યુવાનોને આળસુ, વિચારવિહીન અને પરિશ્રમવિહીન બનાવી રહી છે.”

ગાંધીજીના અનુયાયી વિનોબાજીએ કહેલું કે સ્વરાજ આવતા આપણે જેમ ઝંડો બદલી નાખ્યો. યુનિયન જૅક ઉતારી ત્રિરંગો લહેરાવ્યો એમ શિક્ષણમાં જૂની તાલીમને દેશવટો આપી નઈ તાલીમને તત્કાળ દાખલ કરવાની જરૂર હતી. પણ રાષ્ટ્ર એ પળ ચૂકી ગયું. જેનાં માઠા પરિણામો આજે રાષ્ટ્ર ભોગવી રહ્યું છે. ગરીબી, બેરોજગારી, કોમવાદ, જાતિવાદ, આતંકવાદ, નક્સલવાદ જેવી સમસ્યાઓ રાષ્ટ્રની એકતા અને અખંડિતતા જોખમાવી રહી છે. પ્રતિ વર્ષ લાખોની સંખ્યામાં શિક્ષિત બેરોજગારીની ફોજ ખડકાતી જાય છે. વિદ્યાર્થી ગમે તેટલા ટકા લાવે, પરંતુ તેનામાં જીવન મૂલ્યોનો સદંતર અભાવ છે. કૌશલ્યોનો અભાવ છે. જીવનઘડતર માટેની તાલીમનો છેદ ઊડી ગયો હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું છે.

નઈ તાલીમની સંસ્થાઓ પાસે મર્યાદિત સાધન સુવિધાઓ હોવા છતાં ખાસ કરીને ગ્રામીણ અને આદિવાસી યુવાન-યુવતીઓ માટે સ્વરોજગાર, કૃષિવિદ્યા, યંત્રવિદ્યા, પશુપાલન, ડેરી વિજ્ઞાન, વસ્ત્ર વિદ્યા તેમજ ગૃહજીવનમાં ઉપયોગી એવા કૌશલ્યવર્ધનના કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ ચાલે છે. નઈ તાલીમના વિદ્યાર્થીઓને કમ્પ્યૂટર, ભાષા અને કૌશલ્યવર્ધનના કાર્યક્રમો સાથે જોડવામાં આવે તો ગ્રામીણ બેરોજગારી ઘટી શકે અને યુવાપેઢીએ પોતાના કૌટુંબિક વ્યવસાય,ખેતી કે ગૃહઉદ્યોગમાં મદદ કરવાને બદલે શહેરો તરફ જે દોટ મૂકી છે તે અટકી શકે. રાજ્ય સરકાર નઈ તાલીમની સંસ્થાઓને અપગ્રેડ કરી કૌશલ્યવર્ધન કાર્યક્રમો માટે યોજના તૈયાર કરી અમલમાં મૂકે તો ગામડાંઓ તૂટતાં બચાવી શકાય.

મીઠી વીરડી જેવું ગાંધીજીની નઈ તાલીમનું ઝરણું ગુજરાતમાં જીવંત રહ્યું. કારણ ગાંધીના તપોબળે હાથે કસાયેલા નઈ તાલીમના શિક્ષકો અને આચાર્યો હતા. નઈ તાલીમની જાણીતી સંસ્થાઓ લોકભારતી સણોસરા, વેડછી સ્વરાજ આશ્રમ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ છે. કાકાસાહેબ કાલેલકર, આચાર્ય કૃપલાણી, કિશોરલાલ મશરૂવાળા, મગનભાઈ દેસાઈ જેવા ગાંધી કેળવણીના દૃષ્ટાઓ હતા. અનેક સંનિષ્ઠ રચનાત્મક ગાંધીવાદી કાર્યકરોએ નઈ તાલીમની શિક્ષણસંસ્થાઓ ઊભી કરી છે. જે દ્વારા રાજ્યના અંતરિયાળ ગામડાં અને દાતાથી ડાંગ સુધીની આદિવાસી પટ્ટીમાં આદિવાસીઓ, વંચિતો અને આર્થિક પછાત સમાજમાં સામાજિક ક્રાંતિ સર્જાઈ. આજે પણ આ વિસ્તારમાં એકાદ-બે કિલોમીટરના અંતરે બુનિયાદી શિક્ષણ સંસ્થાઓ જોવા મળે છે. આશ્રમશાળાઓમાં ગરીબ આદિવાસી બાળકો છાત્રાલયમાં રહી શિક્ષણ લઈ રહ્યા છે. ગુજરાત નક્સલવાદથી બચ્યું હોય તો એનો શ્રેય નઈ તાલીમની બુનિયાદી શિક્ષણસંસ્થાઓના ફાળે જાય છે.

વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય પ્રવાહમાં ભળે, સ્વાવલંબી બને, જ્ઞાતિ-જાતિના ભેદ ભૂલે, વહેમ, અંધશ્રધ્ધા, દોરા ધાગાથી મુક્ત બને, પ્રામાણિક, ચારિત્ર્યવાન, નીડર બને, સારા-નરસાને પારખી શકે એવા નવયુવાનો તૈયાર થાય તેવું બુનિયાદી શિક્ષણ છે. છાત્રાલય, સમૂહ- જીવન, ગૌશાળા, બાયો ગેસ, વર્મીકંપોસ્ટ, પર્યાવરણ, સફાઈ, સંગીત, પ્રાર્થના, મેદાની રમતો અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ એ નઈ તાલીમની આગવી ઓળખ છે. કૃષિવિદ્યા, પશુપાલન, ગ્રામયંત્ર, વનવિદ્યા, ગૃહજીવન, અને વસ્ત્રવિદ્યા જેવા

“દરેક બાળકનો ઉછેર હૂંફ અને સંભાળથી થાય, જે થકી તેનો એક સ્વસ્થ માનવ તરીકે સર્વાંગી વિકાસ થશે.”
— ‘અનામી’

વિષયોને ઉદ્યોગ સાથે જોડવામાં આવ્યા છે. જે દ્વારા સમૃદ્ધ અને આબાદ ગામડાંઓનું નિર્માણ કરી શકાય.

નઈ તાલીમની સંસ્થાઓમાં શિક્ષણની સાથે સાથે સ્વાવલંબનની તાલીમ પણ અપાય છે. અડધો સમય શાળામાં ભણવાનું અને બાકીનો અડધો સમય પોતાને સ્વાવલંબી બનાવે તેવી પ્રવૃત્તિઓમાં વાપરવાનો જેમાં ખેતીકામ કે નાના-મોટા ઉદ્યોગો પણ હોય જેથી બાળકનાં કૌશલ્યોનો વિકાસ થાય. પરિણામે બાળક અભ્યાસ પૂર્ણ કરે ત્યારે પોતે શું થશે અને કયાં જઈશું તેવો ગભરાટ રહેતો નથી.

ગુજરાતમાં બુનિયાદી શિક્ષણનું પોત નબળું પડવાના બે મહત્ત્વનાં કારણો છે. એક તો, વિકાસવાદે યુગની હવા બદલી નાખી છે. દરેકે પોતાના દીકરાને અંગ્રેજી માધ્યમમાં ભણાવી ડૉક્ટર કે ઍન્જિનિયર બનાવી લાખોની કમાણી કરતો કરવો છે. આ પરિસ્થિતિમાં નવા શૈક્ષણિક અભિગમો, ટૅક્નોલોજીનો બુનિયાદી શિક્ષણમાં વિનિયોગ કરીને નઈ તાલીમને વધુ અર્થસભર અને તેજસ્વી બનાવી શકાય.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020માં નઈ તાલીમના ખેતી, પશુપાલન, શ્રમજીવીઓનું શિક્ષણ, સ્વાવલંબન, કૌશલ્યવર્ધન ઉદ્યોગો, સૌર ઊર્જા, ફળાઉ ખેતી, કમ્પ્યૂટર, અધ્યાત્મ અને વિજ્ઞાનના સમન્વયનું શિક્ષણ જેવાં અનેક ક્ષેત્રો છે જે જોડીને ગુજરાતને રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020નું રોલ મૉડલ બનાવી શકાય તેમ છે.

**સંપર્ક : શ્રીમતી એસ.જે. ત્રિવેદી, 'જગ્મિ' હાઈસ્કૂલ, રખિયાલ, તા. મોડાસા, જિ. અરવલ્લી–383 276**

## ગિજુભાઈ બધેકા (મૂછાળી મા)

**(જન્મ : 15 નવેમ્બર, 1886)** **(મૃત્યુ : 23 જૂન, 1939)**

ગુજરાતના જાણીતા કેળવણીકાર ગિજુભાઈ બધેકાનો જન્મ 15મી નવેમ્બર, 1885ના રોજ અમરેલી જિલ્લાના ચિત્તળ ગામમાં થયો હતો. માતા કાશીબા અને પિતા ભગવાનજીના સંતાન એવા ગિજુભાઈનું બાળપણનું નામ ગિરિજાશંકર હતું. ગિજુભાઈએ પ્રાથમિક શિક્ષણ તેમના બાપદાદાના ગામ વલભીપુરમાં અને માધ્યમિક શિક્ષણ ભાવનગરમાં લીધું.

તેઓ 1907માં ધંધાર્થે પૂર્વ આફ્રિકા ગયા અને પછી મુંબઈ સ્થાયી થયા. ગિજુભાઈ વ્યવસાયે વકીલ હતા. ઈ.સ. 1913 થી ઈ.સ. 1916 દરમિયાન વઢવાણ કૅમ્પમાં ડિસ્ટ્રિક્ટ હાઈકોર્ટમાં પ્લીડર તરીકે ફરજ બજાવી. તેમનો જીવ સાહિત્ય અને શિક્ષણનો હતો. તેમનું વ્યક્તિત્વ ઘણું જ ઉમદા અને સંવેદનસભર હતું. ઈ.સ. 1923માં એમને ઘેર પુત્રજન્મ થયા પછી બાળઉછેર અને શિક્ષણમાં એમનો રસ વધતો જ ગયો, જે ગુજરાતના પ્રખર કેળવણીકાર બનવા સુધી પહોંચ્યો. 1920ના દાયકામાં શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનમાં બાલમંદિરની સ્થાપના કરી અને એમાં આચાર્યપદે રહ્યા. ભારતમાં સૌપ્રથમ મોન્ટેસરી શિક્ષણની શરૂઆત કરવામાં તેમની અગ્રિમ ભૂમિકા રહી છે.

કેળવણીકાર ગિજુભાઈ એક સારા લેખક પણ હતા. તેમણે 200 જેટલાં પુસ્તકોનું સર્જન કર્યુ છે. આ સર્જન માટે એમને રણજિતરામ સુવર્ણચંદ્રક (1930) એનાયત થયેલો. એમનું સર્જનક્ષેત્ર ઘણું જ વ્યાપક છે. પણ એમનું મુખ્ય પ્રદાન તો બાળસાહિત્ય ક્ષેત્રે રહ્યું છે. એમનાં મુખ્ય સર્જનોમાં 'વાર્તાનું શાસ્ત્ર', 'મા-બાપ થવું આકરું છે', 'મોન્ટેસરી પદ્ધતિ', 'આ તે શી માથાફોડ ?', 'શિક્ષક હો તો' વગેરે છે. જ્યારે બાળસાહિત્યમાં 'ઈસપનાં પાત્રો', 'કિશોર સાહિત્ય' ભાગ-1 થી 6, 'બાળસાહિત્યમાળા' (25 ગુચ્છો), 'જંગલ સમ્રાટ ટારઝનની અદ્ભુત કથાઓ' વગેરે છે. એમનું પુસ્તક 'દિવાસ્વપ્ન' એ ખૂબ જ ખ્યાતનામ કૃતિઓ પૈકીનું એક છે. ભાગ્યે જ કોઈ એવા શિક્ષક હશે કે જેમણે 'દિવાસ્વપ્ન' વાંચ્યું નહીં હોય.

ગિજુભાઈ બધેકા એમના બાળસાહિત્યને લઈ ગુજરાતમાં 'મૂછાળી મા' તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે. આ સિવાય 'વિનોદી' અને 'બાળકોના બેલી' જેવાં ઉપનામો પણ એમને મળ્યાં છે. ગુજરાતમાં બાળસાહિત્ય વિશેની સમજ અને બાલશિક્ષણની વ્યવસ્થિત પદ્ધતિનો પાયો નાખનાર ગિજુભાઈએ બાળકોના રસને પોષે, એમના કુતૂહલને ઉત્તેજન મળે, બાળકોની કલ્પનાઓ જાગૃત કરે, એમના વ્યક્તિત્વનું સર્વાંગી ઘડતર થાય એવું રસપ્રદ, આનંદપ્રદ સાહિત્ય – કવિતા, વાર્તા, નાટક વગેરેનું સર્જન કર્યું છે. ગિજુભાઈને ગુજરાતના 'પ્રારંભિક શિક્ષણના શિલ્પી' કહેવામાં જરા પણ અતિશિયોક્તિ નથી. એમણે ગુજરાતને વિવિધ અધ્યાપન પદ્ધતિઓ ભેટ ધરી છે. શિક્ષણના આ મહાન ઘડવૈયા ગિજુભાઈનું 23 જૂન, 1939માં 54 વર્ષની વયે મુંબઈ મુકામે અવસાન થયું. તેમને શત શત વંદન ! **(સંકલન)**

"બાળકને ઉપદેશ નહીં, ઉદાહરણ આપો. બાળકને પૈસો નહીં, પ્રેમ આપો. બાળકને સંપત્તિ નહીં, સમય આપો."
**– દોલતભાઈ દેસાઈ**

# ધો. 12 પછી કોમર્સ પ્રવાહના અભ્યાસના વિકલ્પો

• આરતી પી. ઠક્કર •

**પ્રસ્તાવના :**

વર્તમાનમાં ભારત દેશ વૈશ્વિક કક્ષાએ આર્થિક રીતે સધ્ધર દેશોમાં પ્રથમ ત્રણમાં પોતાનું નામ ઉમેરવા પ્રયત્ન કરી રહ્યો છે. સાથે જ ટૂંક સમયમાં પાંચ ટ્રીલીયન યુ.એસ. ડોલરની ઈકોનોમી તરફ આગળ વધવા જઈ રહ્યું છે, ત્યારે આ સમયે સૌથી વધુ જરૂર એવા યુવા વર્ગની રહેશે જે ભારતને આર્થિક રીતે સધ્ધર બનાવવા અને ટકી રહેવામાં પોતાનો ફાળો આપી શકે. તે માટે કોમર્સના વિષયોનું મહત્ત્વ સવિશેષ છે, એમાં બે મત નથી. સાથે જ વધતા જતા ઈકોનોમી કલ્ચરમાં આર્થિક બાબતોના નિષ્ણાતોની માંગ હંમેશાં રહેવાની જ છે. આમ પણ જ્યાં પૈસો છે, ત્યાં કોમર્સ છે જ, તેથી આજે કોમર્સના વિષયો તરફ વિદ્યાર્થીઓ રસ લેતા થાય તે દેશના અને સમાજના હિતમાં છે. મોટાં શહેરોને બાદ કરતાં નાનાં શહેરો અને છેવાડાના ગામડાંઓમાં કોમર્સના વિદ્યાર્થીઓની ઘટતી સંખ્યા બાબતે પણ જાગૃત થવાની જરૂર છે.

**વર્તમાન સમયમાં સામાન્ય પ્રવાહની અગત્યતા:**

વાલીઓ તેમજ વિદ્યાર્થીઓએ પ્રવાહ પસંદ કરવાના સમયે વિદ્યાર્થીની ક્ષમતા તેમજ રુચિને ધ્યાને લઈ વિષય/પ્રવાહની પસંદગી કરવી જોઈએ. આવનાર સમયમાં સામાન્ય પ્રવાહમાં કોમર્સના વિદ્યાર્થીઓ માટે પણ કારકિર્દીના ઘણા બધા વિકલ્પો તેમજ રોજગારીની અનેક તકો ખૂબ મોટા પ્રમાણમાં ઊભી થવા જઈ રહી છે. વિદ્યાર્થીઓ પોતાની ક્ષમતા અને જરૂરિયાત મુજબ કારકિર્દી ઘડી શકે તે માટે ધોરણ-12 કોમર્સ પછી કારકિર્દીના કેટલાક વિકલ્પો અત્રે પ્રસ્તુત છે -

- **કોમર્સમાં ઉપલબ્ધ તકો :**

  કોમર્સના ક્ષેત્રમાં કારકિર્દી સંદર્ભે વિશાળ તકો અને સંભાવનાઓ વધતી જ જાય છે. આજે વિકસતા જતાં મોલ અને ટૅક્નોલૉજીના કલ્ચરમાં કોમર્સમાં વિદ્યાર્થીઓ તેમની અનુકૂળતા, રુચિ અને કાર્યક્ષમતા અનુસાર નીચેના પૈકી કોઈ પણ કોર્સ પસંદ કરીને સુંદર જીવનનું નિર્માણ કરી શકે છે.

**પ્રોફેશનલ કોર્સિસ**

1) C.A. - ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ
2) CWA - કોસ્ટ ઍકાઉન્ટન્ટ
3) CS - કંપની સેક્રેટરી
4) CFA - ચાર્ટર્ડ ફાઈનાન્સિયલ એનાલિસ્ટ

ઉપરોક્ત દરેક પ્રોફેશનલ કોર્સને પૂરો કરવાનો સમયગાળો 5 થી 6 વર્ષનો હોઈ શકે. પ્રોફેશનલ કોર્સ હોવાના કારણે આ કોર્સમાં નિશ્ચિત સમયગાળા માટે વિદ્યાર્થીએ ફરજિયાત ઇન્ટર્નશીપ પણ કરવાની રહે છે. જેથી વિદ્યાર્થીઓને ફક્ત સૈદ્ધાંતિક જ્ઞાન આપવાના બદલે તેણે આ કોર્સ પછી કઈ સંસ્થામાં કયાં કાર્યો કરવાના રહેશે તેની પ્રૅક્ટિકલ તાલીમ પણ મળી. રહે છે. ઉપરોક્ત કોર્સિસમાંથી જે વિદ્યાર્થીને ગાણિતિક વિષયોમાં રુચિ હોય તેવા વિદ્યાર્થીઓ C.A., CFA, CWA પસંદ કરી શકે છે. જેઓને કાયદાકીય બાબતોમાં અભિરુચિ હોય તેવા વિદ્યાર્થીઓ C.S.નો કોર્સ પસંદ કરી શકે છે.

**BBA :**

આ કોર્સમાં વિદ્યાર્થીઓ ધોરણ-12 પછી પ્રવેશ પરીક્ષા આપીને પ્રવેશ લઈ શકે છે. કેટલીક ખાનગી સંસ્થાઓ પરીક્ષા વિના પણ ઍડમિશન આપે છે. BBA બાદ MBA કરીને વિદ્યાર્થી કોઈ સારી કંપનીમાં મેનેજર તરીકેની કારકિર્દી ઘડી શકે છે. BBA/MBAમાં વિદ્યાર્થીની પસંદગી અનુસારના અલગ અલગ ફિલ્ડ ઉપલબ્ધ છે. જેમ કે ફાઈનાન્સ, માર્કેટિંગ, હ્યુમનરિસોર્સ, ઈન્ટરનેશનલ બિઝનેસ, ટ્રાવેલ ઍન્ડ ટુરીઝમ, ડિજિટલ માર્કેટિંગ, બિઝનેસ એનાલિટિક્સ વગેરે...

**BCA :**

જે વિદ્યાર્થીઓ કમ્પ્યૂટર અને ડેટા એનાલિસિસમાં રુચિ ધરાવે છે, તેમના માટે BCA અને ત્યારબાદ MCAના કોર્સ ઘણા મહત્ત્વના છે.

"બાળકોને અપાતી સૌથી મૂલ્યવાન ભેટ વિદ્યાપ્રીતિ છે, જ્ઞાન માટેનો પ્રેમ છે." **— શ્રી માતાજી**

**Home Science :**

મોટાભાગે વિદ્યાર્થિનીઓની વધુ સંખ્યા ધરાવતો આ કોર્સ હાલના સમયમાં વિદ્યાર્થીઓમાં પણ પ્રિય બનતો જઈ રહ્યો છે. Home science માં પણ અલગ અલગ શાખાઓ જેવી કે ફેશન ડિઝાઈનીંગ, ફૂડ ઍન્ડ ન્યુટ્રિશિયન, ચાઈલ્ડ ડેવલપમેન્ટ, માસ કમ્યૂનિકેશન વગેરે વિકલ્પો રહેલા છે. Home Science પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓ માટે પોતાનો બિઝનેસ કરવાની ખૂબ સારી તકો રહેલી છે.

**Hotel Management :**

હૉટલ અને રેસ્ટોરન્ટ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માંગતા વિદ્યાર્થીઓ માટે આ કોર્સ પૂરતી સૈદ્ધાંતિક તેમજ પ્રાયોગિક તાલીમ પૂરી પાડે છે. આ કોર્સ કરેલા વિદ્યાર્થીઓ માટે વિદેશમાં પણ ઉજ્જવળ કારકિર્દીની તકો રહેલી છે.

**B.S.W. :**

સામાજિક સેવાના ક્ષેત્રે કારકિર્દી બનાવવા માંગતા વિદ્યાર્થીઓ માટે આ કોર્સ શ્રેષ્ઠ છે. આ કોર્સની તાલીમ દરમિયાન વિદ્યાર્થીઓએ અંતરિયાળ ગામોમાં સેવા આપવા, પ્રાકૃતિક આપદા સમયે સમાજની મદદ કરવા સહિતની તાલીમ આપવામાં આવે છે.

**B.Com. :**

આ કોર્સ કોમર્સના વિદ્યાર્થીઓમાં સૌથી વધુ લોકપ્રિય છે. ઘણા વાલી/વિદ્યાર્થીઓની માન્યતા હોય છે કે B.Com/M.Com. પછી શું કારકિર્દી ? પરંતુ જો યોગ્ય યુનિવર્સિટીમાંથી સારા ગુણાંક અને આવડત સાથે B.Com./M.Com. પાસ  કરવામાં આવે તો તેના દ્વારા પણ કારકિર્દી બનાવી રોજગારી મેળવી શકાય છે. B.Com. બાદ M.Com., MBA, MCA, LLB, MSW પણ કરી શકાય છે. M.Com., B.Ed. કરી કોમર્સના વિષયના શિક્ષક બનવા માટેની પણ તક રહેલી છે. B.comના કોર્સમાં પણ વિદ્યાર્થીઓને આંતરિક વિષય પસંદગી જેમ કે ઍકાઉન્ટિંગ ઍન્ડ ફાઈનાન્સ, હ્યુમન રિસોર્સ, બૅન્કિંગ માર્કેટિંગના વિકલ્પો મળી રહે છે.

**કોમર્સની પ્રવેશ પરીક્ષાઓ:**

કોમર્સમાં BBA/BCA/BSW જેવા કોર્સિસ માટે વિવિધ યુનિવર્સિટીમાં મે અથવા જૂન માસમાં પ્રવેશ પરીક્ષા લેવામાં આવે છે, જેમાં લેખિત પરીક્ષા તેમજ ગ્રૂપ ડિસ્કશન અને ઈન્ટરવ્યૂ પણ સામેલ હોય છે. આ પરીક્ષાના ગુણાંકનના આધારે મેરીટ તૈયાર કરી પ્રવેશ આપવામાં આવે છે. આ સિવાય ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થી બૅન્કિંગ, ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ, પોસ્ટઑફિસ, કસ્ટમ વિભાગ જેવી વિવિધ ખાતાકીય પરીક્ષાઓ આપી સરકારી નોકરીમાં પણ જોડાઈ શકે.

**કોમર્સ પ્રવાહમાં રસ લેવા માટેની પાયાની જરૂરિયાતો:**

1) વિદ્યાર્થીઓને નાણાંની જરૂરિયાત, તેનાં પ્રાપ્તિ-સ્થાનો, તેના વપરાશ અંગે સામાન્ય સમજ હોવી જોઈએ.
2) વિદ્યાર્થીઓમાં દેશની આર્થિક બાબતો અંગે સજાગતા હોવી જોઈએ.
3) આર્થિક બાબતોના વિશ્લેષણ અને સમસ્યાઓના ઉકેલ અંગેની પ્રાથમિક માહિતી તેમજ સમજ હોવી જોઈએ.

**વિદ્યાર્થીને કોમર્સ પ્રવાહમાં રસ લેવા માટે શાળા કક્ષાએ યોજવા જેવી પ્રવૃત્તિઓ:**

– વિદ્યાર્થીઓને ધોરણ 9-10થી જ કોમર્સના વિષયો અંગેની સામાન્ય સમજ મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. ધોરણ 9–10માં કોમર્સને લગતા પ્રકરણો છે તો ખરાં, પણ તેને કોમર્સના મહત્ત્વની દૃષ્ટિએ ભણાવવા જોઈએ.
– શાળામાં હાયર સૅકન્ડરીમાં કોમર્સ હોય તો ફ્રી અથવા પ્રોક્ષી તાસમાં તે વિષયના શિક્ષકોએ માધ્યમિક વિભાગમાં જઈને વિદ્યાર્થીઓને કોમર્સના વિષયોના મહત્ત્વ અને જરૂરિયાત વિષે માહિતગાર કરતા રહેવું જોઈએ.
– વિદ્યાર્થીઓને બેંક, ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ, વકીલ વગેરેની ઑફિસની મુલાકાત માટે લઈ જવા જોઈએ. આ ઉપરાંત મોલ વગેરેની મુલાકાત પણ ગોઠવવી જોઈએ. આ માટે કારકિર્દીલક્ષી માર્ગદર્શનની વ્યવસ્થા કરવી જોઈએ.
– શાળાના કોમર્સના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કે જેઓ સારી કારકિર્દી બનાવી ચૂકયા હોય તેમને શાળામાં

"બાળકોને એ શીખવો કે ગમે તે પરિણામ આવે પણ કદી જૂઠું ન બોલવું, ઉગ્રતા,ક્રોધ કે હિંસકવૃત્તિને કાબૂમાં રાખવી." – **શ્રી માતાજી**

બોલાવી તેમના વાર્તાલાપ ગોઠવી શકાય.

**4. ઉપસંહાર:**

જી-20 સમિટની પૂર્ણાહુતિ સમયે દેશના વડા પ્રધાન માનનીય શ્રી નરેન્દ્ર મોદીએ આવનાર સમયમાં દેશના આર્થિક વિકાસની હરણફાળ વિષે સંકેત કરીને તે દિશાઓમાં ખૂલનાર કારકિર્દીની તકોનો પણ નિર્દેશ કરી દીધો છે. ભારતનો આર્થિક વિકાસ દર 2023-24 થી 2030-31 વચ્ચેના દરે વધે તેવું અનુમાન છે. જે રીતે દેશ આર્થિક રીતે સધ્ધર થવા જઈ રહ્યો છે તે જોતાં કોમર્સના વિદ્યાર્થીઓની માંગ ખૂબ વધશે એ નક્કી છે, ત્યારે એ માંગને પહોંચી વળવા કોમર્સના જ્ઞાન અને આવડતવાળા ઉમેદવારો શાળા અને સમાજે પૂરા પાડવાના છે જે માટે આપણે સૌ સાથે મળી પૂરતા પ્રયત્નો કરીએ તે જરૂરી છે.

**સંપર્ક : વડોદરા ફર્ટીલાઈઝરનગર શાળા, વડોદરા**

## ડૉ. રાજેન્દ્રપ્રસાદની જન્મજયંતી

**(જન્મ : 3-12-1884)** **(મૃત્યુ : 28-2-1963)**

લોકસેવાનાં કાર્યોમાં જેમણે કદી થાક જોયો નથી અને પ્રકૃતિની કરાળતા સામે પણ નિર્ભીક રહીને જેમણે લોકકલ્યાણનાં અનેક કામ કર્યાં છે તે, સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ અને મહાત્મા ગાંધીજીએ જેમને 'અજાતશત્રુ' કહેલા તે ડૉ. રાજેન્દ્રપ્રસાદ, એ વ્યક્તિઓમાંના એક હતા જેમને ગાંધીજીની નજીકમાં રહીને જીવન ઘડવાનું સદ્‌ભાગ્ય મળ્યું હતું અને એ રીતે ઘડાઈને જેમણે દેશનું નવવિધાન કરવામાં જીવન-સમર્પણ કર્યું હતું. ગાંધીજી સાથેનો એમનો સંબંધ આપણી પરંપરા પ્રમાણેના ગુરુ-શિષ્યનો હતો. જાહેર જીવનના નિર્દેશક એવા કેટલાક યમનિયમો એમણે પોતાને માટે પ્રસ્થાપિત કર્યા હતા અને જાહેર કામોમાં હિસાબ અત્યંત ચોક્કસાઈપૂર્વક રાખવાનો એમનો આગ્રહ તો બેનમૂન હતો, જેની પ્રતીતિ એમણે બિહાર ધરતીકંપ પ્રસંગે એકઠા થયેલા લોકફાળાના હિસાબ વખતે કરાવી હતી. તેઓ પ્રથમ પંક્તિના લેખક પણ હતા.

બિહાર પ્રાંતના જીરાદેરી નામના નાનકડા ગામમાં, શ્રીવાત્સવ કાયસ્થ કુળમાં તેમનો જન્મ 3-12-1884ના રોજ થયો હતો. તેમના પિતા મુનશી મહાદેવ સહાય વૈદ હતા. એમનાં માતૃશ્રીનું હૃદય એટલું વાત્સલ્યભર્યું અને અનુકંપાથી ઊભરાતું હતું કે ગરીબમાં ગરીબ માણસ પણ એમની સેવા પામ્યા વગર ન રહેતો. માતાપિતાના એ વારસાને પરિણામે જ રાજેન્દ્રબાબુ મોટપણે 'બિહારના બેલી' બનીને લોકહૃદયના સિંહાસને આરૂઢ થયા. પ્રથમ ઉર્દૂ અને ફારસી ભણી લીધા પછી 1906માં બી.એ.ની પરીક્ષા પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ કરી. પછી વકીલાતના ધંધામાં પડ્યા તો એમાં પણ ભારે નામના મેળવી. ગાંધીજીના સંસર્ગમાં આવ્યા પછી તો એમણે તનમનધનથી રાષ્ટ્રસેવાના કાર્યમાં જીવન ખર્ચી નાખ્યું.

ઈ.સ. 1950માં સ્વતંત્ર ભારત જ્યારે પ્રજાસત્તાક રાજ્ય બન્યું ત્યારે આ મહાન દેશના પ્રથમ રાષ્ટ્રપતિપદે જેમની સર્વાનુમતે વરણી થઈ એ જ એમની જીવનભરની તપશ્ચર્યાનું રાષ્ટ્રને પ્રદાન હતું એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. અત્યંત કપરા અને કટોકટીના એ કાળમાં દસ વર્ષ સુધી ભારતના રાષ્ટ્રપતિપદે રહીને પં. જવાહરલાલ નહેરુના 'ભારત નવનિર્માણ'ના કાર્યમાં એમણે જે વજ્ર ટેકો આપ્યો છે એ કોઈ નાનીસૂની ઘટના નથી. સેવા, સંયમ અને સાદગી-એ જેમના જીવનમાં તાણા-વાણાની જેમ વણાઈ ગયાં હતાં તે રાજેન્દ્રબાબુ ભારતના રાજપુરુષો માટે ઉદાહરણરૂપ છે.

સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદને શ્રદ્ધાંજલિ આપતાં 'કુમારે' લખ્યું છે : "જેમની નસેનસમાં સેવાનાં રજકણો વહેતાં હતાં, જેમના લોહીમાં સેવાના ધબકારા ધબકતા હતા અને જેમના શિક્ષણમાં સેવાના બીજ રોપાયાં હતાં તે રાજેન્દ્રબાબુએ લોકકલ્યાણનાં અનેક કાર્યો કર્યાં હતાં."

**(સંકલન)**

"દરેક બાળક વિશિષ્ટ છે, તેની શીખવાની શક્તિ અલગ-અલગ છે.
કેળવણી દ્વારા તેનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરીએ." — **નાનાભાઈ ભટ્ટ**

# શિક્ષણમાં નૂતન અભિગમ

• ડૉ. પરેશ વી. ગોહેલ •

**પ્રસ્તાવના :**

પ્રવર્તમાન સમયમાં શિક્ષણમાં આમૂલ પરિવર્તનો આવી રહ્યાં છે. શિક્ષણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. શિક્ષણનો હેતુ શિક્ષક તેમજ વિદ્યાર્થીના સર્વાંગી વિકાસનો હોય છે. તેથી શિક્ષણનાં ધ્યેયો, શિક્ષણપદ્ધતિ, અભ્યાસક્રમ, શિક્ષકનું સ્થાન, શિસ્ત સંબંધિત બાબતોમાં પરિવર્તન જરૂરી છે. શિક્ષણમાં નૂતન અભિગમને ધ્યાનમાં રાખી પ્રયોજકે પોતાના વિચારો નીચે મુજબ રજૂ કરેલ છે.

**જ્ઞાનનું સ્વરૂપ :**

– અનુભવમાંથી માહિતી પસાર થાય છે ત્યારે તે જ્ઞાન બને છે.
– જે ક્રિયામાંથી મળતું હોય તે જ્ઞાન છે પણ તેનો પ્રયોગ કરતાં પહેલાં તો તે માત્ર માહિતી જ છે.
– જ્ઞાન અખંડ હોય છે. તેને વિષયોના કૃત્રિમ વિભાગોમાં વહેંચી શકાય નહિ.
– જ્ઞાનની અખંડિતતાનો સ્વીકાર કરવામાં આવે. કોઈ પણ વિચાર સદાને માટે સત્ય હોતો નથી. સત્ય તો ક્રિયાને અંતે અનુભવાય છે, સ્પષ્ટ થાય છે. અનુભવ કરતા ક્રિયાને વધુ મહત્ત્વ આપવું જોઈએ.
– એટલે કે માહિતી જ્યારે અનુભવની એરણે ચડે છે ત્યારે જ્ઞાન બને છે. વિચારોની એક સંપૂર્ણ ક્રિયા પૂર્ણ થાય ત્યારે તે જ્ઞાન બને છે.
– વિષયવસ્તુ એ તો માત્ર માહિતી છે, તે અનુભવ દ્વારા ચકાસણી થયા પછી જ જ્ઞાન બને છે. જીવનની વાસ્તવિક પરિસ્થિતિમાંથી જ્ઞાન મળવું જોઈએ.

**શિક્ષણનાં ધ્યેયો :**

ધ્યેયો તો વ્યક્તિના હોય છે અને તે વ્યક્તિએ-વ્યક્તિએ જુદા જુદા હોય છે. એટલે કે ધ્યેય પૂર્વનિર્મિત ના હોઈ શકે, જેમ જેમ વિદ્યાર્થી શિક્ષણની પ્રણાલીમાં આગળ વધતો જાય છે તેમ તેમનાં ઉદ્દેશો સ્પષ્ટ થતાં જાય છે અને વિદ્યાર્થી તેમાં ફેરફાર પણ કરતો જાય આમ, શિક્ષણના ધ્યેય કરતાં વિદ્યાર્થીના ધ્યેયને વધારે મહત્ત્વ આપવું જોઈએ.

**શિક્ષણકાર્યના આધારસ્તંભ :**

1. વિદ્યાર્થીઓમાં નવું જ્ઞાન અને મૂલ્યોનું સર્જન કરવાની શક્તિ વિકસાવવી.
2. વિદ્યાર્થીઓ સામાજિક ક્ષમતા પ્રાપ્ત કરી શકે તે માટે તેમને તૈયાર કરવા.
3. વિદ્યાર્થીઓમાં સર્જનાત્મતા, બૌદ્ધિક કાર્યક્ષમતાનો ઉપયોગ અને ચિંતન શક્તિ વિકસાવવી.
4. વિદ્યાર્થીઓમાં સમસ્યાઉકેલનો દૃષ્ટિકોણ ઉજાગર કરવો.

વિદ્યાર્થીઓ વ્યક્તિગત અને સામાજિક તેમજ અન્ય બાબતોમાં પારંગત બને તેવી રીતે તેમને તૈયાર કરવા.

**શિક્ષણ પધ્ધતિ :**

જે પધ્ધતિમાં વિદ્યાર્થી અને શિક્ષક તેમ જ વિષયવસ્તુ વચ્ચે વિશેષ પ્રમાણમાં આંતરક્રિયા થાય તેવી શિક્ષણ પધ્ધતિનો અહીં સ્વીકાર કરવામાં આવે છે. એટલે સમસ્યા ઉકેલ પધ્ધતિ, જૂથચર્ચા પધ્ધતિ, પ્રૉજેક્ટ પધ્ધતિ, સૅમિનાર પધ્ધતિ વગેરે જેવી પધ્ધતિઓનો અહીં સ્વીકાર કરવામાં આવે છે.

**અભ્યાસક્રમ :**

પૂર્વ આયોજિત અભ્યાસક્રમ હોવો જોઈએ નહિ.

આ વિચારધારા મુજબ વિદ્યાર્થીના અભ્યાસના વર્ષની શરૂઆતમાં સમાજ, શાળા અને શિક્ષણતજ્જ્ઞોએ સાથે મળીને સામાજિક જરૂરિયાતો તૈયાર કરવી જોઈએ અને સામાજિક જરૂરિયાતોને કેન્દ્રમાં રાખીને અભ્યાસક્રમ તૈયાર કરવા જોઈએ.

**શિક્ષકનું સ્થાન :**

શિક્ષક પોતાના વિષયવસ્તુમાં નિષ્ણાત હોવો જોઈએ. તેમજ વિદ્યાર્થી સાથે રહીને તેમની જેટલો જ કાર્યશીલ હોવો જોઈએ. શિક્ષણ એ શિક્ષક તેમજ વિદ્યાર્થી બંને સાથે મળીને આંતરક્રિયા કરી સમસ્યા ઉકેલ કરવાની પ્રક્રિયા છે. શિક્ષણકાર્યમાં શિક્ષક અને વિદ્યાર્થી બંનેની સહભાગીદારી હોવી જરૂરી છે. અહીં શિક્ષક નેતા તરીકેનું કાર્ય કરે છે તેમજ શિક્ષક સામાજિક

"બાળકની આંખમાં સાત લાખ અજાયબીઓ હોય છે. નીરોગી બાળ, ઉજ્જવલ આવતી કાલ."
**– અનામી**

બાબતોમાં પણ કુશળ હોવો જોઈએ. વિદ્યાર્થીને પ્રેરણા આપી શકે તેવો હોવો જોઈએ. વિદ્યાર્થી જ્યારે કોઈ સમસ્યા અનુભવે ત્યારે તેમની સાથે રહીને તે વિદ્યાર્થીને યોગ્ય દિશા આપે તેવો હોવો જોઈએ. વિદ્યાર્થીઓ પાસે પરંપરાગત વર્તનની અપેક્ષા ન રાખે. તેના બદલે સામાજિક સંસ્થાને વર્ગખંડમાં લાવી શકે તેવી અનૌપચારિક પધ્ધતિનો ઉપયોગ કરવાની આવડતવાળો હોવો જોઈએ.

**શિસ્ત :**

જીવંત અને સમજણપૂર્વકની શિસ્તની હિમાયત અહીં કરેલ છે. અહીં શિક્ષક અને વિદ્યાર્થીઓ સાથે મળીને કાર્ય કરતા હોવાથી આપોઆપ શિસ્ત જન્મે છે. અહીં પૂર્વ આયોજિત નિયમોના આધારે શિસ્ત હોતી નથી. અહીં શિસ્ત આપોઆપ જન્મે છે. અહીં સામૂહિક જવાબદારીથી સાથે મળીને કાર્ય કરવાનું હોવાથી શિસ્ત સાહજિક બને છે. શિસ્તના સાધન તરીકે નૈતિક ફરજ તેમજ નિશ્ચિત સમયમાં ધ્યેય સિધ્ધ કરવું એ મુખ્ય માપદંડો હોવાથી શિસ્ત જળવાઈ રહે છે.

**સંપર્ક : શ્રી વલ્લભાચાર્ય હાઈસ્કૂલ, માતરવાણિયા**
**તા. માળીયાહાટીના જિ. જૂનાગઢ**

## શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીની જન્મજયંતી

(જન્મ : 30-12-1887) (મૃત્યુ : 8-2-1971)

સર્વતોમુખી પ્રતિભાયુક્ત મહાન ગુજરાતી સાહિત્યકાર, ગુજરાતની અસ્મિતાનું ઘડતર કરતાં કરતાં ખુદ પોતે જ 'ભારતની અસ્મિતા' બની ગયેલા તે શ્રી **કનૈયાલાલ મા. મુનશીની** ભારતવ્યાપી સર્વાંગી પ્રવૃત્તિઓમાં 'ભારતીય વિદ્યાભવન'ની સ્થાપના સૌથી આગળ તરી આવે છે. ગુજરાતમાં સોમનાથના મંદિરના પુનઃસ્થાપનમાં શ્રી મુનશીએ ભજવેલો ભાગ અવિસ્મરણીય છે. સંસ્કૃત ભાષાના પુનરુત્થાન માટેના તેમના અથાક પ્રયાસોએ તેમને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ બક્ષી છે. 'સંસ્કૃત વિશ્વપરિષદ'નું સંસ્થાપન અને સંચાલન તેમણે સફળતાથી પાર પાડ્યું છે. આજે ભારતભરમાં તેની અનેક શાખાઓ છે એટલું જ નહીં, પરદેશમાં પણ તેની શાખાઓ કામ કરી રહી છે.

તેમનો જન્મ ઈ.સ. 1887ની ત્રીસ ડિસેમ્બરે ભરૂચમાં થયો હતો. તેમના પિતાનું નામ માણેકલાલ અને માતાનું નામ તાપીબહેન હતું. દસ વર્ષની વયથી જ રોજનીશી લખવા જેમની કલમ ચાલી તે જીવનભર બસ ચાલતી જ રહી. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ ભરૂચમાં લીધા બાદ વડોદરા જઈ તેઓ સ્નાતક બન્યા અને મુંબઈ જઈને એલએલ.બી. થયા બાદ મુંબઈ હાઈકોર્ટના ઍડવૉકેટ બન્યા. એક કુશળ વકીલ અને પ્રતિભાસંપન્ન સાહિત્યકાર ઉપરાંત એક ધુરંધર રાજપુરુષ તરીકેની શ્રી ક. મા. મુનશીની કાર્યવાહી પણ સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત છે. મુંબઈ રાજ્યના પ્રથમ ગૃહપ્રધાન તરીકે અને કેન્દ્ર સરકારમાં ખોરાક-ખેતીવાડી ખાતાના પ્રધાન તરીકે અનેક મહત્ત્વના નિર્ણયો લેવામાં તેમણે દાખવેલી 'ચાણક્યબુદ્ધિ' માટે ભારત તેમનું સદાય ઋણી રહેશે.

માનવજીવનને સ્પર્શતાં અનેક ક્ષેત્રો ઉપરાંત, સવિશેષ તો સાહિત્યક્ષેત્રે શ્રી મુનશીનું પ્રદાન વિવિધ અને વિરાટ છે. તેમણે નવલિકા, નવલકથા, નાટકો, જીવનકથાઓ ઈત્યાદિ સાહિત્ય-સ્વરૂપો પર પોતાનો હાથ અજમાવ્યો છે, જેમાં નવલકથા ક્ષેત્રે તેમણે બેનમૂન કૃતિઓ આપી છે. 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ', 'રાજાધિરાજ' જેવી ઐતિહાસિક નવલકથાઓ અને 'કૃષ્ણાવતાર' જેવી કૃતિઓએ તો મુનશીને સાહિત્યજગતમાં અમર બનાવી દીધા છે. તેમના 126 જેટલા ગ્રંથો તો પ્રકાશિત થઈ ચૂક્યા છે. જેમાંના કેટલાક તો જગતની કોઈ પણ ભાષાના સર્વોત્તમ સાહિત્યની હરોળમાં બેસી શકે એવા શ્રેષ્ઠ છે. પ્રાચીન ભારતીય સાંસ્કૃતિક પ્રણાલિકાઓ જીવતી અને જોમવંતી થાય એ માટે આજીવન પુરુષાર્થ કરનાર શ્રી મુનશી 'ભારતીય નવચેતનાના પ્રણેતા' હતા.

"શ્રી મુનશીને સાહિત્યકાર, નવલકથાકાર અને નાટ્યકાર તરીકેની કીર્તિ તેમનું સાહિત્ય-સર્જન જ અપાવે છે. શ્રી ક.મા. મુનશી ગુજરાતના સમગ્ર નવલકથા-સાહિત્યમાં પ્રથમ પંક્તિમાં બેસવાના અધિકારી છે. ગુજરાતી સાહિત્યના આરૂઢ લેખક તરીકે તેમણે નવલકથાઓ, નાટકો, સંસ્મરણો, ઈતિહાસ આદિ વૈવિધ્યપૂર્ણ ક્ષેત્રોમાં, ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં, વિપુલ ફાળો આપી સાહિત્યક્ષેત્રે 'મુનશી-યુગ' સ્થાપ્યો છે. આર્યાવર્તના આ મહાન પુરસ્કર્તાને એમની જન્મજયંતી પ્રસંગે આપણાં હજાર હજાર વંદન હો !" **(સંકલન)**

બચ્ચે મન કે સચ્ચે, સારે જગ કી આંખ કે તારે,
યે વો ફૂલ હૈ, જો ભગવાન કો લગતે પ્યારે.

# પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરવા બદલ અભિનંદન...

| પદવી પ્રાપ્ત કરનારનો ફોટોગ્રાફ તથા નામ | સંસ્થાનું નામ | પીએચ.ડી.નો વિષય તથા તેના માર્ગદર્શક | યુનિવર્સિટી |
|---|---|---|---|
| 1.  ડૉ. પૂનમબેન કે. ઢોલરિયા | શ્રી અભિનવ વિદ્યામંદિર<br>મુ. ગીરગઢડા<br>જિ. ગીર સોમનાથ | “વૃધ્ધાશ્રમમાં રહેતા વૃધ્ધોની ખિન્નતા, સામાજિક આધાર અને હતાશા”<br>**(માર્ગદર્શક : ડૉ. મહેશભાઈ પી. મહેતા)** | ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ |
| 2.  ડૉ. દીપિકાબેન એસ. જોષી | ઉચ્ચતર માધ્યમિક શાળા-<br>મુ. શિણાય<br>તા. ગાંધીધામ,<br>જિ. કચ્છ | A Comparative Study of Private and Public Sector Banks of Kachchh District.<br>**(માર્ગદર્શક : ડૉ. ચિન્મયી જે. ભટ્ટ)** | રાય યુનિવર્સિટી,<br>આદિપુર,<br>અમદાવાદ |
| 3.  ડૉ. દેવજીભાઈ એચ. ચૌધરી | શ્રી એસ. એમ. ચૌધરી માધ્યમિક શાળા,<br>શ્રી એમ. એમ. ચૌધરી ઉચ્ચતર માધ્યમિક શાળા,<br>માણસા,<br>જિ. ગાંધીનગર | “ગુજરાત રાજ્યમાં અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજનાનો વિવેચનાત્મક અભ્યાસ”<br>**(માર્ગદર્શક : ડૉ. લાલચંદ એચ. પટેલ)** | હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,<br>પાટણ |
| 4.  ડૉ. કલ્પેશભાઈ કે. કેરાસિયા | સંસ્કારભારતી ઉચ્ચતર માધ્યમિક શાળા<br>મુ. પરવાળા,<br>તા. ઉમરાળા<br>જિ. ભાવનગર | Effect of Industrial Relation on Labour Society<br>**(માર્ગદર્શક : ડૉ. એચ પી. સોંદરવા)** | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,<br>રાજકોટ |
| 5.  ડૉ. રીવા એમ. સક્સેના | સરકારી માધ્યમિક શાળા<br>મુ. બિલેશ્વર,<br>તા. રાણાવાવ,<br>જિ. પોરબંદર | ઉચ્ચ પ્રાથમિક શાળાના ધો. 6 થી 8ના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુધ્ધિ, સામાજિક કૌશલ્ય અને વ્યક્તિત્વનો વિકાસ<br>**(માર્ગદર્શક : ડૉ. નીલેશ એસ. પંડ્યા)** | ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,<br>ગાંધીનગર |

**(સંકલન)**

ઈશ્વરનો ઉપહાર છે બાળક, છે કુદરતનો હાર બાળક,
સ્નેહનો સાગર છે બાળક, છે સપનાંનો આકાર બાળક. — **ડૉ. શહેનાઝ બાબી**

કેરિઅર કોર્નર

# પોઝિટિવ એટિટ્યૂડથી કારકિર્દી ઘડતર અને રોજગાર મેળવવામાં સરળતા રહે.

• રમેશ તન્ના •

હકારાત્મક અભિગમ એટલે કે પોઝિટિવ એટિટ્યૂડમાં ઘણી તાકાત હોય છે.

એ કબૂલ કે નકારાત્મકતા પ્રકૃતિ અને જીવનનો એક ભાગ છે, પણ પોઝિટિવિટીમાં અપાર તાકાત હોય છે.

જીવનમાં સફળતા મેળવવામાં પોઝિટિવ અભિગમ ઘણો ઉપયોગી થાય છે.

આપણે ત્યાં પોઝિટિવિટીની વાતો બહુ થાય છે; પરંતુ સાચા અર્થમાં પોઝિટિવિટી કોને કહેવાય તેની બહુ ઓછાને ખબર હોય છે. આપણે વિગતે વાત કરીએ.

પોઝિટિવિટી એટલે હકારાત્મકતા. પોઝિટિવિટી એટલે જીવનની કોઈ પણ સ્થિતિનો સહજ રીતે પ્રેમથી સ્વીકાર કરવો તે. જે પણ સંજોગો આપણા જીવનમાં આવ્યા છે તે આપણા અને તમામના સારા અને ભલા માટે છે એવું દૃઢતાથી વિચારવું તેનું નામ પોઝિટિવિટી.

જીવનની પ્રત્યેક ક્ષણને આશાવાદી નજરે જોવી અને માણવી એનું નામ પોઝિટિવિટી. પોઝિટિવિટી એટલે સમસ્યાનો વિચાર કરવાને બદલે તેના સમાધાન માટે પ્રયાસ કરવો તે.

કોઈ પણ પ્રકારની શંકા કે આશંકા વિના જે પણ પરિણામ આવશે તે ઉત્તમ જ આવશે તેવી શ્રદ્ધા રાખવી તેનું નામ પોઝિટિવિટી.

પોઝિટિવ વ્યક્તિ હંમેશાં પોતાના મનને તણાવથી દૂર રાખે છે. માઈન્ડને સ્ટ્રેસ ફ્રી રાખવું તેનું નામ પોઝિટિવિટી.

અંધકાર-પ્રકાશ, સુખ-દુઃખ, તડકો-છાંયડો, આરોહ-અવરોહ - આ બધું જીવનનો એક ભાગ હોય છે. પોઝિટિવિટી એટલે જીવનની ઊજળી બાજુઓને જોવી.

જે વ્યક્તિ નકારાત્મકતામાં એટલે કે નેગેટિવિટીમાં પણ હકારાત્મકતા જોઈ શકે તે વ્યક્તિ પોઝિટિવ એટિટ્યૂડ ધરાવતી હોય.

નબળા કે ખરાબ પણ કંઈક તો સારું હોય જ છે. એ અભિગમ જીવનને ખૂબ મદદ કરે છે.

'પોઝિટિવ ફ્રેમ ઑફ માઈન્ડ' જેનું હોય છે એ વ્યક્તિ કોઈ દિવસ કોઈ પણ સ્થિતિને વ્યક્તિગત કે પર્સનલી લેતી નથી ! તમે જોજો, નેગેટિવ વ્યક્તિઓ દરેક સ્થિતિને પર્સનલી લઈ લે છે.

'પોઝિટિવ ફ્રેમ ઑફ માઈન્ડ' ધરાવતી વ્યક્તિ અત્યારની ક્ષણને માણે છે અને ભવિષ્યની ચિંતા કરતી નથી.

પોઝિટિવ અભિગમ ધરાવતી વ્યક્તિ મુખ્ય પાક ઉપર જ ધ્યાન આપે છે. નિંદામણની ઉપેક્ષા કરે છે. મુખ્ય ધ્યેયને પ્રાપ્ત કરવા સતત પ્રયત્ન કરવો એ એક જાતની પોઝિટિવિટી છે.

પોઝિટિવિટીને કારણે વ્યક્તિ હળવી ફૂલ રહે છે. તેના મગજ કે હૃદય ઉપર કોઈ ભાર રહેતો નથી. તે વ્યક્તિ પ્રેમ અને આનંદનો અનુભવ કરી શકે છે.

પોઝિટિવિટીનો સૌથી મોટો ફાયદો એ છે કે, નકારાત્મક લાગણીઓ ધીમે ધીમે ઘટે છે અને તેથી વ્યક્તિને કંઈક નવું કરવાની પ્રેરણા મળે છે.

ભારત દેશમાં સંવેદના અને લાગણી કરતાં લાગણીવેડા મોટી માત્રામાં જોવા મળે છે. એમાંથી જ અનેક મૂંઝવણો અને ગૂંચવણો ઊભી થાય છે. પોઝિટિવિટી લાગણીવેડાને ઉકેલી શકે છે. ઈમોશન્સની બિનજરૂરી ગૂંચવણો તમે પોઝિટિવિટીની કાંસકીથી ઉકેલી શકો છો. પોઝિટિવિટી લાગણીવેડાને સંવેદનામાં પરિવર્તિત કરી શકે છે.

પોઝિટિવ વિચારોને કારણે વ્યક્તિ પોતાનું સેલ્ફ એનાલિસિસ તટસ્થ રીતે કરી શકે છે.

પોઝિટિવિટી ધરાવતી વ્યક્તિનો અભિગમ મક્કમ બને છે. તેનામાં દૃઢતા આવે છે. તેનો આત્મવિશ્વાસ વધે છે. તે કહે છે કે, આઈ કેન. હું આ કરીશ જ. તે કહે છે ઈટ ઈઝ પોસિબલ. આ શક્ય છે. આઈ એમ ડુઈંગ માય બેસ્ટ ટુ ઈમ્પ્રુવ માય સેલ્ફ ઍન્ડ માય લાઈફ. એટલે કે, મારી જાત અને મારી જિંદગીને સંવર્ધિત કરવા હું મારાથી બનતા શ્રેષ્ઠ પ્રયાસો કરીશ.

પોઝિટિવ અભિગમ ધરાવતી વ્યક્તિ નેગેટિવિટીથી ડરતી પણ નથી અને તેનાથી ભાગતી પણ નથી. આ ખૂબ મહત્ત્વની વાત છે. નકારાત્મકતાને આવી વ્યક્તિ

"બાળક એક જીવંત, અત્યંત સૂક્ષ્મ, મૃદુ અને સંવેદનશીલ પંખીડું છે." — **કવિવર ટાગોર**

હકારાત્મક દૃષ્ટિકોણથી જુએ છે. જિંદગીના વિકટ સંજોગોમાંથી પોઝિટિવ વ્યક્તિ શીખવા જેવું હોય તે શીખી લે છે અને જે છોડવા જેવું હોય તે છોડે છે. ભૂલવા જેવું હોય તે ભૂલી જાય છે. ખરેખર તો આવી વ્યક્તિ નકારાત્મકતાનો ઉપયોગ પોતાની હકારાત્મકતાને વધારે સંગીન બનાવવામાં કરે છે. શીખવાનું હોય એ શીખીને આગળ વધી જવાનું.

પોઝિટિવ અભિગમ ધરાવતી વ્યક્તિ ટીકા-ટિપ્પણ અને નિંદામાં પડતી નથી. એમાં એ સમય બગાડતી જ નથી. લોકોનો મોટાભાગનો સમય બીજાની નિંદા કરવામાં જતો હોય છે. પોઝિટિવ વ્યક્તિ સમજે છે કે, જે સારું છે તે મારું છે. જે સારું છે તે સહિયારું છે. પોઝિટિવ વ્યક્તિ માને છે કે, દરેક વ્યક્તિમાં સારી બાબત હોય જ છે. કોઈ રાક્ષસ હોય, ક્રૂર હત્યારો હોય, ચોર હોય, મવાલી હોય, ખલનાયક હોય, બળાત્કારી હોય, ભ્રષ્ટાચારી હોય, છળકપટ કરનારી વ્યક્તિ હોય તો પણ તેનામાં કશુંક સારું હોય છે. આ અભિગમ ખૂબ મહત્ત્વનો છે.

જેમ નકારાત્મકતાની અસર પડે છે એ જ રીતે હકારાત્મકતાની પણ અસર પડતી જ હોય છે. નકારાત્મકતા એટલે અસ્વીકાર અને હકારાત્મકતા એટલે સ્વીકાર. હકારાત્મક વ્યક્તિના વિચારો અને વર્તનની અસર ધીમે ધીમે તેની જાત ઉપર, તેનાં સમગ્ર પરિવાર ઉપર અને આગળ જતાં સમાજ ઉપર પડે છે.

પોઝિટિવિટી મોટી તાકાત છે. પોઝિટિવિટી પ્રચંડ શક્તિ છે. કોઈ પણ ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દીનું નિર્માણ કરી રોજગાર મેળવવામાં પોઝિટિવ ઍટિટ્યૂડ કે હકારાત્મક અભિગમ ખૂબ ઉપયોગી બને છે.

**(કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક - 2023માંથી સાભાર)**

**સંપર્ક : 302, યશ એક્વા, વિજય ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ - 380009**

## પદ્મશ્રી નૃસિંહપ્રસાદ ભટ્ટ (નાનાભાઈ)

ગાંધીચીંધ્યા માર્ગે શિક્ષણ અને સેવાના માધ્યમથી લોકઘડતરનું ભગીરથ કાર્ય કરી બતાવનાર 'પદ્મશ્રી' નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ (નાનાભાઈ)ની પચાસેક વર્ષની એકધારી સુદીર્ઘ શિક્ષણસાધનાને આપણે બે ભાગમાં વહેંચીશુ : એક, 1910થી 1937 અને બીજો 1938થી 1960. સને 1937 પછી મહાત્મા ગાંધીજીની બુનિયાદી શિક્ષણની વિચારધારાને મૂર્તિમંત કરવાનો યશ ગુજરાતમાં આદરણીય નાનાભાઈને ફાળે જવો જોઈએ. સમગ્ર ભાવનગર જિલ્લાના શિક્ષણ, ખેતી, સંસ્કાર અને લોકજાગૃતિ પર સ્વ. નાનાભાઈ ભટ્ટની અમીટ છાપ આજે પણ દૃષ્ટિગોચર થયા કરે છે.

પ્રશ્નોરા નાગર જાતિના નાનાભાઈનો જન્મ ભાવનગરના પચ્છે ગામે ગરીબ કુટુંબમાં ઈ.સ. 1880ની 21મી ઑક્ટોબરે થયો હતો. તેમનું બાળપણનું હુલામણું નામ 'નથુ ભટ્ટ' હતું. ગુજરાતના લોકહૈયે તેઓ **'નાનાભાઈ ભટ્ટ'**ના વ્હાલસોયા નામથી અમર બની ગયા. બી. એ., એ.ટી.સી., એમ.એ. સુધીનું શિક્ષણ લીધા પછી ત્રણેક મહિના મહુવાની શાળામાં હેડ માસ્તરની નોકરી કરી. ભાવનગરની જાણીતી શામળદાસ કૉલેજમાં આસિ. પ્રૉફેસર તરીકે તેમને નિમણૂક મળી. આ ગાળામાં તેઓ શ્રી પ્રભાશંકર પટ્ટણી, મહાત્મા શ્રીમન્નથુરામ અને હરગોવિંદદાસ પંડ્યાના પરિચયમાં આવ્યા અને જીવનમૂલ્યો પ્રત્યેની નિષ્ઠાનું ભાથું મેળવ્યું. તેમણે **'દક્ષિણામૂર્તિ'**ની સ્થાપના કરી. ભાવનગરના ભાવસિંહજી મહારાજાની મદદ લીધી અને થોડા વખતમાં તો તેઓ સંસ્થાના પ્રાણ બની ગયા. આમ, તેમણે ઈ.સ. 1910માં 'દક્ષિણામૂર્તિ' સંસ્થાની સ્થાપના કરી.

'આપણા દેશનો ઈતિહાસ', 'હિંદુ ધર્મની આખ્યાયિકાઓ', 'રામાયણનાં પાત્રો', 'મહાભારતનાં પાત્રો' જેવાં સુંદર પુસ્તકો તેમણે આપ્યા છે. 'ઘડતર અને ચણતર' નામે તેમણે આત્મકથા પણ લખી છે. ગુજરાતમાં કેળવણીના નવપ્રસ્થાનનો પ્રારંભ એમનાથી થયો. કૉલેજના પ્રૉફેસર (ઉપાધ્યાપક) પદેથી રાજીનામું આપી મહિને બસો રૂપિયાનો એ સમયનો પગાર જતો કરી પચાસ રૂપિયાના પગારથી **'દક્ષિણામૂર્તિ'**માં પંદર-વીસ બાળભૂલકાંઓથી પ્રારંભી ભણતર, ઘડતર અને ચણતરનું મૂલ્યલક્ષી કામ કર્યું. ગુજરાતને આદર્શ ગ્રામસેવકો અને ગ્રામશિક્ષકો આપ્યા. તેમણે ગાંધીજીની 'પાયાની કેળવણી'ને ચરિતાર્થ કરી બતાવી. ખભે ઝોળી ભેરવી ફંડફાળા એકઠા કર્યા, પરંતુ કદી કોઈ મહારાજાની કે દીવાનની લાગવગનો લાભ ન લીધો. તેમણે સૌરાષ્ટ્રના લૂંટારાઓને સુધાર્યા અને **'દક્ષિણામૂર્તિ'** (ભાવનગર) પછી છેલ્લે, આપણા રાજ્યમાં નવી જ જાતની 'લોકભારતી' નામની ગ્રામવિદ્યાપીઠ સણોસરા મુકામે ઊભી કરી આપી. આમ, શિક્ષણ સાથે સમાજસેવા, લોકઘડતર, સમાજસુધારણાનું મૂલ્યવાન કાર્ય પાર પાડ્યું. ભારત સરકારે **'પદ્મશ્રી'**નો ઍવોર્ડ આપી તેમનું વિશિષ્ટ બહુમાન કર્યું.

81 વર્ષનું સુદીર્ઘ અને નિરામય જીવન જીવીને તેઓ 1961માં 31 ડિસેમ્બરે દિવંગત થયા હતા. ગુજરાત આવા શિક્ષક-પ્રાધ્યાપકો અને સ્થાપકોથી ઊજળું છે. (સંકલન)

"પ્રત્યેક બાળક અનોખું છે, પ્રત્યેક બાળક ઈશ્વરનો નવો વિચાર લઈને જન્મે છે.
માતા-પિતા અને શિક્ષકો જ બાળકના પહેલા પ્રેરકો છે." — **ઈલાક્ષી ભટ્ટ**

**વહીવટી વિભાગ**

ક્રમાંકઃ મઉમશબ/શાનિ 21181/214
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર 10/બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા. 08-11-2023

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ.

**વિષય :** માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં સુપરવાઈઝરની નિમણૂક માટે ગુણાંકન યોજના દાખલ કરવા બાબત.

**સંદર્ભ :** શિક્ષણ વિભાગના તા.26/6/2023 ઠરાવ અન્વયે.

શિક્ષણ વિભાગના તા.26/6/2023ના ઠરાવથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ 1974ના વિનિયમ ક્રમાંક:19 (5)માં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં સુપરવાઈઝર બાબતે સુધારો થતાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં સુપરવાઈઝરની નિમણૂક માટે હાલ અમલી ગુણાંકન પદ્ધતિમાં સુધારો કરવો જરૂરી જણાય છે

ઉક્ત બાબતે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં સુપરવાઈઝરની નિમણૂક માટે નીચે મુજબ ગુણાંકન યોજના દાખલ કરીએ.

| ક્રમ | લાયકાત/વિગત | ગુણાંકન (ગુણમાં) |
|---|---|---|
| 1. | સ્નાતક | 10 |
| 2. | અનુસ્નાતક | 10 |
| 3. | તાલીમી લાયકાત | 10 |
| 4. | પીએચ.ડી. | 02 |
| 5. | એમ.ફિલ. | 02 |
| 6. | એમ.ઍડ્. | 02 |
| 7. | બીજા વિષયમાં સ્નાતક/અનુસ્નાતક | 02 |
| 8. | સંશોધન પ્રૉજેક્ટ/લેખનકાર્ય/પરામર્શન કાર્ય | 02 |

**નોંધ :** સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતકની લાયકાતમાં 100 % ગુણ મેળવનારને 10 માર્ક્સ મળશે એટલે કે 63 % ગુણ મેળવનારને 6.3 ગુણ મળશે.

"ઘણાં નાનાં બાળકોની ગુનાહિત પ્રવૃત્તિના મૂળમાં તેના જીવનમાં આનંદનો અભાવ પડેલો જોવા મળે છે."
— કાકા કાલેલકર

**અનુભવ :** વર્ષ દીઠ 02 ગુણ અને સત્ર દીઠ 01 ગુણ ગણવો.

**નોંધ :** અનુભવના ગુણમાં જે શાળામાં સુપરવાઇઝરની નિમણૂક કરવાની છે તે શાળાની નોકરીના અનુભવના 100% ગુણ ગણવા અને અન્ય શાળાની નોકરીના અનુભવના 75 % ગુણ ગણવા.

આ રીતે નિમાતા સુપરવાઇઝરને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણ વિનિયમ 1974 ના વિનિયમ ક્રમાંકઃ28 (6) મુજબ કાર્યભાર આપવાનો રહેશે.

જે શાળામાં સુપરવાઇઝરની નિમણૂક માટે એકથી વધુ શિક્ષકોના ગુણ સમાન થાય તો (1) પ્રથમ લાયકાત ધ્યાનમાં લેવી (2) લાયકાત સમાન હોય તો વિભાગની દાખલ તારીખ ધ્યાનમાં લેવી (3) વિભાગમાં દાખલ તારીખ સમાન હોય તો જન્મતારીખ ધ્યાનમાં લેવી તથા ઉંમરમાં જે મોટા હોય તેને પસંદગી આપવાની રહેશે.

ઉક્ત બાબતે આપના જિલ્લાની શાળાઓને જાણ કરવા વિનંતી.

**(એન. જી. વ્યાસ)**
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની યુટ્યુબ ચેનલ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની યુટ્યુબ ચેનલ GSHSEB Gandhinagar છે. જેમાં ધોરણ-9થી 12ના મુખ્ય વિષયોના શૈક્ષણિક કાર્યક્રમો તેમજ JEE અને NEETની પરીક્ષાના માર્ગદર્શન માટેના ખાસ શૈક્ષણિક કાર્યક્રમો અપલોડ કરવામાં આવેલા છે. યુટ્યુબ પર GSHSEB Gandhinagar લખીને સર્ચ કરવાથી આ કાર્યક્રમો જોઈ શકાશે. આ ઉપરાંત, બાજુમાં દર્શાવેલ QR કોડ સ્કેન કરવાથી પણ બોર્ડની યુટ્યુબ ચેનલ GSHSEB Gandhinagar જોઈ શકાશે. હાલમાં બોર્ડની યુટ્યુબ ચેનલના સબસ્ક્રાઈબર્સની સંખ્યા 1.20 લાખને પાર થઈ ગઈ છે તથા વ્યૂઅર્સની સંખ્યા લગભગ 1 કરોડ થઈ ગઈ છે. આ અનોખી સિદ્ધિ મેળવવી એ બાબત આનંદદાયક અને ગૌરવપ્રદ છે. આ અંગે આપના સાથ-સહકાર માટે આપનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવે છે. હજુ પણ વધુને વધુ વિદ્યાર્થીઓ બોર્ડની યુટ્યુબ ચેનલના શૈક્ષણિક કાર્યક્રમોનો લાભ મેળવે તે માટે તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ અને શિક્ષકશ્રીઓ દ્વારા વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવે તે માટે તેમજ આ ચેનલ Subscibe અને Share કરવામાં આવે તે માટે વિનંતી કરવામાં આવે છે.

**બી. એન. રાજગોર**
સંયુક્ત નિયામક
ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

"બાળકની કાલીઘેલી બોલી તો પૃથ્વી ઉપરનું ઉમદામાં ઉમદા સંગીત છે." – **'અનામી'**

ક્રમાંકઃ સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/1/2023/58766-833
ગુજરાત શાળા શિક્ષણ પરિષદ,સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,
સમગ્ર શિક્ષા,સેક્ટર 17,ગાંધીનગર.
E-mail : **gecell@gmail.com**
ફોન નં. : 079-2324133

તા. : 13/12/2023

પ્રતિશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા : તમામ.

પ્રતિશ્રી,
જિલ્લા પ્રૉજેક્ટ કૉ-ઓર્ડીનેટરશ્રી અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા-તમામ
શાસનાધિકારીશ્રી-અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા

**વિષય :** સમગ્ર શિક્ષા અંતર્ગત ગુણવત્તાયુક્ત શિક્ષણ સંદર્ભે થતી વિવિધ કામગીરી માટે તજ્જ્ઞશ્રીઓના નામો મેળવવા બાબત

નમસ્કાર,

સમગ્ર શિક્ષા, ગુજરાત દ્વારા બાલવાટિકા, પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચ-માધ્યમિક શિક્ષણક્ષેત્રના શાલેય વિષયો તેમજ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેના કાર્યક્રમો તેમજ પ્રવૃત્તિઓ માટે વિવિધ પ્રકારની તાલીમો, સેમિનાર, વર્કશોપ, શૈક્ષણિક સાહિત્ય નિર્માણ માટેની બેઠકો, જૂથચર્ચા, સ્વઅધ્યયનપોથી રચના, લેખન સમીક્ષા વર્કશોપ જેવા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે. રાજ્યની તમામ સરકારી, અનુદાનિત તેમજ સ્વનિર્ભર પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ, તેમજ અન્ય તજજ્ઞો તથા સમગ્ર શિક્ષા પ્રકલ્પમાં કાર્યરત વિવિધ સંવર્ગના કર્મચારીઓ જેઓ ભવિષ્યમાં સોંપવામાં આવે તેવી વિવિધ કામગીરીમાં જોડાઈ પોતાની આવડત તેમજ જ્ઞાનનો લાભ આપવા ઇચ્છતા હોય તેઓ આ સાથેના **"વિશિષ્ટ કામગીરી પરિચય પત્રક"**માં વિગતો દર્શાવી **teamsskp@gmail.com** ઈમેઈલ એડ્રેસ પર મોકલવા જણાવવામાં આવે છે. અથવા (1) **નીરવભાઈ મિસ્ત્રી** (9898580986) (2) **હેમલબેન પંડ્યા** (9924208671) અને (3) **અતુલભાઈ પંચાલ** (9726424464) પૈકી કોઈ એક નંબર પર સરળતાથી વાંચી શકાય તેવા સ્વરૂપમાં વોટ્સએપથી મોકલવા જણાવવામાં આવે છે.

આપના કાર્યક્ષેત્ર હેઠળની પ્રત્યેક સંસ્થા સુધી આ પત્ર અને **"વિશિષ્ટ કામગીરી પરિચય પત્રક"** પહોંચે તેમજ યોગ્ય તજજ્ઞો વિગતો દર્શાવી મોકલે તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

**(મહેશ મહેતા)**
સચિવ
સ્ટેટ પ્રૉજેક્ટ ઑફિસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

**નકલ સવિનય રવાના :**

- માન. એસ.પી.ડી.શ્રી, સદર કચેરી
- માન. એ.એસ.પી.ડી.શ્રી, સદર કચેરી

"જીવનમાં જાળવી રાખવા જેવું બાળપણ છે, વૃદ્ધત્વ નહીં. ઘણાં મા-બાપો પોતાનાં બાળકો પાસેથી એમનું બાળપણ છીનવી લેવાની ઉતાવળમાં હોય છે." **— ગુણવંત શાહ**

# વિશિષ્ટ કામગીરી પરિચય પત્રક

ગુજરાત રાજ્યના પ્રાથમિક તેમજ માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે કાર્યરત આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ તથા સમગ્ર શિક્ષા પ્રકલ્પમાં કાર્યરત કર્મચારીઓ જેઓ બાળ શિક્ષણ, પૂર્વ પ્રાથમિક શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે લેખન, પ્રવૃત્તિલક્ષી શિક્ષણ, અભિનયગીત, બાળગીત રચના, શિક્ષક પ્રશિક્ષણ (તાલીમ) સાહિત્ય રચના, પરામર્શન, સમીક્ષા તેમજ ગુણવત્તાસભર નવાચારી શૈક્ષણિક સામગ્રી નિર્માણ તેમજ વિવિધ શાળાકીય વિષય શિક્ષણ બાબતે તજજ્ઞતા તેમજ રાજ્યકક્ષાની વિવિધ કામગીરીમાં તજજ્ઞ તરીકે ભવિષ્યમાં સોંપવામાં આવે તે કામગીરી કરવા ઈચ્છતા સારસ્વત ભાઈ-બહેનોએ આ પત્રકમાં વિગતો ભરી teamsskp@gmail.com ઈ-મેઈલ પર મોકલવું અથવા (1) નીરવભાઈ મિસ્ત્રી (9898580986) (2) હેમલબેન પંડ્યા (9924208671) અને (3) અતુલભાઈ પંચાલ (9726424464) પૈકી કોઈ એક નંબર પર વાંચી શકાય તેવું વોટ્સએપ કરવું.

*(આપે આ પત્રકમાં સત્ય હકીકતો જ દર્શાવવી. આપેલ માહિતીની ખરાઈ પણ થઈ શકે છે.)*

જિલ્લો : ____________________

1. પૂરું નામ (અટક પહેલાં) : ____________________
2. જન્મતારીખ : __________ ઈ-મેઈલ : __________
3. સંપર્ક નંબર : __________ વોટ્સએપ નં : __________
4. શૈક્ષણિક લાયકાત *(વિષય સાથે)* : __________
5. રાજ્ય બહારની કોઈ લાયકાત હોય તો જણાવો. : __________
6. કમ્પ્યૂટર વિષયક લાયકાત *(સમજ પડે તે રીતે જણાવશો)* :
   ____________________

તાજેતરનો ફોટો લગાવવો (છેલ્લા 1 વર્ષનો)

7. વતનનો જિલ્લો : __________ તાલુકો : __________ ગામ : __________
8. હાલનું નિવાસનું સરનામું : ____________________
9. કાયમી સરનામું : ____________________
10. હાલનો હોદ્દો તેમજ સંસ્થા/શાળા : ____________________
11. શિક્ષક તરીકે હોય તો ધોરણ પર ટીક કરો : 1 થી 5 ______ 6 થી 8 ______ 9,10,11,12 ______
    શીખવતા વિષયો : ____________________
12. કુલ કેટલા વર્ષનો અનુભવ છે ? __________ તે પૈકી આચાર્ય __________ શિક્ષક __________
    અન્ય __________ વર્ષ
13. હાલની નોકરીના જિલ્લા પહેલાં અન્ય કયા જિલ્લામાં ફરજ બજાવતા હતા ? જિલ્લો __________
    હોદ્દો__________ કુલ કેટલો સમય __________ *(પૂરા વર્ષમાં લખો)*
14. આપ કયા ક્ષેત્રમાં સર્જનાત્મક લેખન તેમજ તજજ્ઞ તરીકેની કામગીરી બાબતે રસ ધરાવો છો ? (✓ કરો.)
    બાળ કેળવણી ______ ધો. 1, 2 ______ ધો. 1 થી 5 ______ ધો. 6 થી 8 ______ ધો. 1 થી 8 ______ ધો. 9 થી 10 પૈકી ______
15. વિષય શિક્ષણના સંદર્ભમાં કયા વિષયને લગતા લેખન-પરામર્શનમાં આપ સક્રિયતાથી કામગીરી કરવા માંગો છો ?
    ____________________

કંકાસવાળા ગૃહજીવનમાંથી બાળક શાંત, એકાગ્ર ચિત્તવાળા, વિનયી અને વિવેકી બને તેવી આશા ઠગારી નીવડે છે.

**– રઘુભાઈ નાયક**

16. આપે અત્યાર સુધી કરેલ તજજ્ઞ, લેખક, સમીક્ષક કે અન્ય કામગીરી પૈકી આપની દૃષ્ટિએ ત્રણ અગત્યની કામગીરી જણાવો :
   1. ____________________
   2. ____________________
   3. ____________________

17. પ્રવૃત્તિલક્ષી શિક્ષણ બાબતે કોઈ વિશેષ પ્રદાન ધરાવતા હોય તો જણાવો.
____________________

18. આપ પોતે અભિનય ગીત કરાવી શકો છો ? ________ પોતે તેમાં સક્રિય રીતે જોડાઈ શકો છો ? ________ સંગીતમાં રસ ધરાવો છો ? ________ કયું વાદ્ય વગાડી શકો છો ? ________ ગાઈ શકો છો ?________

19. ટૅક્નોલૉજી આધારિત શિક્ષણ પ્રણાલી અંતર્ગત લેપટોપ, સ્માર્ટ ક્લાસ (જ્ઞાનકુંજ), કમ્પ્યૂટરના ઉપયોગ દ્વારા વિદ્યાર્થીઓને રસ પડે તેવા વર્ગશિક્ષણ બાબતે આપનું કોઈ વિશેષ પ્રદાન હોય તો જણાવો.
____________________
____________________

20. આપે નોકરીમાં જોડાયા બાદ કોઈ વધારાની શૈક્ષણિક લાયકાત પ્રાપ્ત કરેલ છે ? ________ જો 'હા' તો વિષય સાથે જણાવો. ____________________

21. આપને આપની ક્ષમતા અનુરૂપ કયા વિષય કે વિષયક્ષેત્રમાં જિલ્લા કે રાજ્ય કક્ષાએ તજજ્ઞ તરીકે કાર્ય કરવાની તક મેળવવી ગમશે ? સ્પષ્ટ જણાવો.
(1) ____________ (2) ____________
(3) ____________ (4) ____________

22. અંગ્રેજી ભાષા બાબતે આપ કેવું જ્ઞાન ધરાવો છો ? વાંચી શકો છો ? ________ લખી શકો છો ? ________ સમજી શકો છો ? ________ શીખવી શકો છો ? ________ ભાષાંતર કરી શકો છો ? ________

23. છેલ્લા 1 (એક) વર્ષમાં વાંચેલ પુસ્તકો પૈકીના 3 (ત્રણ) પુસ્તકોના નામ જણાવો. તેમજ થિએટરમાં જોયેલી 2 ફિલ્મોના નામ જણાવો.
પુસ્તક : (1) ________ (2) ________ (3) ________
ફિલ્મ : (4) ________ (5) ________

24. ગુજરાત સિવાય કુલ કેટલા રાજ્યોની મુલાકાત લીધેલી છે ? ________ જો હા, તો કયા-કયા ? જણાવો.
(1) ________ (2) ________ (3) ________ (4) ________ (5) ________

25. ભારત સિવાય અન્ય દેશોની મુલાકાત લીધેલ છે ? ______ જો હા, તો દેશનું નામ જણાવો. ________

26. ગુજરાતના કયા જિલ્લાઓનો અભ્યાસ, અવલોકન, સ્થાનિક બાબતો સમજવા, જાણવા કે શીખવાના હેતુસર મુલાકાત લીધેલ છે ?
(1) ________ (2) ________ (3) ________ (4) ________ (5) ________

27. તમારા પોતાના વિષયનું જ્ઞાન અદ્યતન બને અને જ્ઞાન સંદર્ભ વધે તે હેતુસર કયા અન્ય સંદર્ભગ્રંથો, પુસ્તકો કે અભ્યાસ સામગ્રી સ્વખર્ચે વસાવેલ છે ? ____________________

28. વિશેષ અભ્યાસ કે માહિતીસભર જ્ઞાન પ્રાપ્ત કરવા માટે કોઈ વિશેષ સંસ્થાઓની મુલાકાત લીધેલ છે ? ________ જો હા, તો સંસ્થાના નામ લખો. ____________________

29. આપે મૌલિક રીતે કોઈ લેખ કે ગદ્ય-પદ્ય સાહિત્યિક રચનાનું નિર્માણ કરેલ છે ? ________ જો હા, તો સામયિક કે વર્તમાનપત્રનું નામ આપો. ____________________

30. આપ પ્રામાણિકપણે જણાવશો કે આપનું વિવિધ ક્ષેત્રે થતું પ્રદાન માત્ર વ્યક્તિગત પ્રસિદ્ધિ માટે હોય છે કે અન્યોના ઉત્કર્ષ માટે ? ____________________

31. અન્ય કોઈ વિગત આપ જણાવવા માંગતા હોય તો લખો.
____________________
____________________

તારીખ : ____________ સહી : ____________
સ્થળ : ____________ નામ : ____________

બાળક સમષ્ટિની પ્રગતિનું એક પગથિયું છે, બાળક માનવકુળનો વિશ્રામ છે. બાળક પ્રભુનો પયગંબર છે.
**– ગિજુભાઈ બધેકા**



# ડૉ. ચંદ્રશેખર વી. રામનની જન્મજયંતી

(જન્મ : 7-11-1888) (મૃત્યુ : 21-11-1970)

જીવનભર પોતાની બૌદ્ધિક પ્રતિભા, વિવિધ ક્ષેત્રોમાંની અભિરુચિ, એકનિષ્ઠા અને વિજ્ઞાન પ્રત્યેની લગની દ્વારા વિશ્વભરના વૈજ્ઞાનિકોને પ્રેરણાપાન કરાવનાર; ભારતમાં વૈજ્ઞાનિક સંશોધન વિકસે એ માટે ભગીરથ પ્રયત્નો આદરનાર; 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ' અને 'ઇન્ડિયન જર્નલ ઑફ ફિઝીક્સ'ના જનક, બેંગ્લોરમાં 'રામન રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના સ્થાપક ડૉ. સર ચંદ્રશેખર વ્યંકટેશ્વર રામને ઈ.સ. 1930માં પોતાની 'રામન ઇફેક્ટ' શોધ માટે નૉબલ પારિતોષિક મેળવીને ભારતને જગતના વૈજ્ઞાનિક નકશા પર ગૌરવવંતુ સ્થાન અપાવી પોતાનું અને દેશનું નામ રોશન કર્યું હતું; એટલું જ નહિ પરંતુ ભારતના વૈજ્ઞાનિકોને જો યોગ્ય તક અને સુવિધા મળે તો તેઓ પણ ઉચ્ચ કક્ષાનું સંશોધન કરવાની ક્ષમતા ધરાવે છે એ વાતની પ્રતીતિ જગતને કરાવી હતી.


તેમનો જન્મ ઈ.સ. 1888માં સાતમી નવેમ્બરે તિરુચિરાપલ્લીમાં થયો હતો. અભ્યાસ દરમિયાન ઉચ્ચોચ્ચ પદ મેળવી 1907માં તેઓ 'ઇન્ડિયન ફાઈનાન્સ ડિપાર્ટમેન્ટ'માં જોડાયા અને વિજ્ઞાનનાં સંશોધનો પણ સાથોસાથ જારી રાખ્યાં. કોઈ પણ માધ્યમમાંથી પસાર થતા પ્રકાશના વક્રીભવનને કારણે તેના બદલાતા રંગ વિશે 'રામન ઈફેક્ટ' તરીકે જાણીતી એક બહુ મહત્ત્વની શોધ કરી. શોધના આ જ માર્ગે આગળ વધીને તેમણે 'રામન સ્પેક્ટ્રોસ્કોપ' પણ બનાવ્યું. પરિણામે અણુ-પરમાણુના આંતરિક સ્વરૂપની સમજણ થતાં, ઔદ્યોગિક ક્ષેત્રે કેટલોક નવો વિકાસ શક્ય બન્યો. ઈ.સ. 1970ની એકવીસમી નવેમ્બરે 82 વર્ષની વયે 'ભારતરત્ન' ડૉ. સી. વી. રામનનું અવસાન થયું.

ભૌતિકશાસ્ત્રનું નૉબેલ પારિતોષિક મેળવનાર પ્રથમ ભારતીય વૈજ્ઞાનિક ડૉ. સી. વી. રામને જીવનભર પ્રકાશ કિરણો, બ્રહ્મકિરણો અને એથીય વિશેષ 'રંગફલક' પર મહત્ત્વપૂર્ણ સંશોધન કર્યું હતું. 1922માં કોલકત્તા યુનિવર્સિટીએ એમને 'ડૉક્ટર ઑફ સાયન્સ'ની ડિગ્રી આપી એમની સેવાઓની સાચી કદર કરી હતી. લંડનની 'રોયલ સોસાયટી'એ એમની ફેલો તરીકે નિમણૂક કરી હતી. 'મેચ્યુસી' સુવર્ણચંદ્રક, 'હ્યુજીઝ પારિતોષિક', 'ફ્રેકલીન પદક' ઉપરાંત ૧૯૫૪માં ભારત સરકાર દ્વારા 'ભારતરત્ન'નો સર્વોચ્ચ ખિતાબ મેળવનાર ડૉ. સી. વી. રામન એક આદર્શ વૈજ્ઞાનિક હતા.

ભારતને આધુનિક વિજ્ઞાનને ઊંબરે પહોંચાડનાર યુગપ્રવર્તક વૈજ્ઞાનિક, પરમ દેશભક્ત અને નિસર્ગનાં નિગૂઢ રહસ્યોના શોધક શ્રી સી. વી. રામનને અંજલિ આપતાં કહેવાયું છે કે - "આજીવન વિશ્વભરના વૈજ્ઞાનિકોને પોતાની બૌદ્ધિક પ્રતિભા, વિવિધ ક્ષેત્રોમાંથી બહુવિધ અભિરુચિ, એકનિષ્ઠા અને વિજ્ઞાન પ્રત્યેની લગનીને કારણે જેમણે પ્રેરણાપાન કરાવ્યું તે ડૉ. રામનની વિદ્વતા, અનુકરણીય જીવન તેમજ સંગીતશાસ્ત્ર, તત્ત્વસંશોધન અને જ્ઞાનની વિવિધ શાખાઓમાં તેમનાં કિંમતી પ્રદાન માટે જગતભરના વિજ્ઞાનીઓ એમના ઋણી રહેશે. એમની મુખમુદ્રામાં તેજસ્વિતા અને નજરમાં સંશોધનની તીક્ષ્ણતા જણાઈ આવતાં હતાં. એમની વાણીમાં સ્વતંત્ર વ્યક્તિત્વનો રણકાર હતો. ડૉ. સી. વી. રામનના જીવનમાંથી આપણે એમનાં વિજ્ઞાનપ્રેમ, દેશભક્તિ, સ્વદેશીની ભાવના અને સાદાઈને અપનાવીએ તો જ એમને સાચી અંજલિ આપી ગણાશે."

**(સંકલન)**

RNI No. GUJGUJ2011/46203 Govt. of India, New Delhi. Dated 06-11-2012
SSPOs Gandhinagar No. L1/RNP/RENEWAL/G-GNR 297/2021 Dt. 14-09-2021/17-11-2021. Valid Up to 31-12-2024
Licence to Post without Pre-Payment No. PMG/NG/096/2022-2024, Valid up to 31-12-2024
Printed and Posted on 28th of Each Month. (Annual Subscription Rs. 200/-) Licence valid up to 31-12-2024.




या भाग लेने के लिए
QR कोड
स्कैन करें

Printed by Sahitya Mudranalaya Pvt. Ltd. City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 Published by N. G. Vyas, Secretary, Gujarat Secondary and Higher Secondary Education Board, Sector 10-B, Nr. Old Sachivalaya, Gandhinagar (Gujarat) on behalf of the Gujarat Secondary and Higher Secondary Education Board, Sector 10-B, Nr. Old Sachivalaya, Gandhinagar (Gujarat) and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd. City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 Published at Gujarat Secondary and Higher Secondary Education Board, Sector 10-B, Nr. Old Sachivalaya, Gandhinagar (Gujarat), Editor Shri N. G. Vyas, (Secretary, GS & HSEB, Gandhinagar, Gujarat)

Total Pages :
**32 + 04 = 36 Pages**

Price :
Per Copy Rs. 40/-

Annual Subscription :
For School - Rs. 400/-
For Individual - Rs. 200/-